ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૪ | જાન્યુઆરી ૨૦૨૦ | અંક : ૧

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : દેશની દીકરીઓનો એક જ સાદ, હેવાનોથી ક્યાં સુધી થતા રહીશું બરબાદ ? | ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 3 |
| 2. | વૈશ્વિકીકરણ : વ્યાખ્યા, સ્વરૂપ તેમજ તેનો ભાષાસાહિત્ય ઉપર પ્રભાવ | પ્રો. (ડૉ.) એમ. એચ. મકવાણા | 5 |
| 3. | ભારતમાં સામાજિક નવજાગૃતિ આંદોલનમાં સાવિત્રીબાઈ ફુલેની ભૂમિકા | ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર | 10 |
| 4. | 'ભારતમાં વસ્તીવધારો : આધુનિક સમયની એક વિકટ સમસ્યા' | ડૉ. બાદર કુરેશી | 17 |
| 5. | 'દાહોદ ભગિની સમાજની સ્ત્રી-ઉત્કર્ષપ્રવૃત્તિઓ' | પ્રા. ડૉ. વિજ્યા યાદવ | 28 |
| 6. | ઓનર કિલિંગ (Honour Killing) | ડૉ. ભાગ્યશ્રી જે. રાજપૂત | 33 |
| 7. | નીડર સમાજશાસ્ત્રી અને વિદ્યાર્થીવત્સલ વિદ્વાન પ્રા. શ્રી ગૌરાંગ જાનીનો નિવૃત્તિ સન્માન સમારંભ | ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 37 |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

પ્રકાશક : **ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

સંપાદન :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

લેખ મોકલવાનું માટેનું સરનામું :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩
email : bjbrahmbhatt1@yahoo.co.in

પરામર્શન :
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**

વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦


**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ-સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન-પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.


## ગુજરાત સામાજિક સેવામંડળ
## કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| 1. | શ્રી થોમસભાઈ પરમાર | પ્રમુખ |
| 2. | શ્રી હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | શ્રી ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | શ્રી રમેશભાઈ બી. શાહ | સભ્ય |
| 5. | શ્રી વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 6. | શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ | સભ્ય |
| 7. | શ્રી ધવલભાઈ મહેતા | સભ્ય |
| 8. | શ્રી અરુણભાઈ વાઘેલા | સભ્ય |
| 9. | શ્રી અલ્પેશભાઈ પ્રજાપતિ | સભ્ય |


### ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપિલ

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળનાં આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપિલ છે.

**નોંધ :** આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.

મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-

'જગતમાં તમારે તરવું હોય તો હાથપગ ઉપર ભરોસો રાખો. મહેનત સાથે મહોબત રાખો. જેવું શરીર કેળવાય છે તેવું મગજ પણ આપોઆપ ખીલે છે. બુદ્ધિનો એકલો વિકાસ નકામો છે. તેથી જગતને ફાયદો નથી. બુદ્ધિ સાથે શારીરિક શ્રમ માટેનો પ્રેમ ખીલવો જોઈએ. ઉદ્યોગ અને વિદ્યાનો એકતાર થતાં અદ્‌ભુત શક્તિ ઉત્પન્ન થાય છે.'

**-સરદાર પટેલ**


**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

## સંપાદકીય

— ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

## દેશની દીકરીઓનો એક જ સાદ, હેવાનોથી ક્યા સુધી થતા રહીશું બરબાદ ?

લો ફરી પાછા આપણે મીણબત્તી લઈને ઊભા રહી ગયા ! આક્રોશ સાથે રસ્તા પર ઊતરી આવ્યા ! ન્યાય માટે દર વીસ મિનિટે એક દુષ્કર્મ. નિર્ભયા બનાવના 7 વર્ષ પછી અમલમાં આવેલા કડક કાયદાઓ છતાં આપણે હતા ત્યાંના ત્યાં. કેન્દ્ર સરકારે જસ્ટિસ વર્મા કમિટીની ભલામણોને આધારે કાયદામાં ફેરફાર કર્યા પછી 12 વર્ષથી નાની બાળકીનાં દુષ્કર્મ થવાના કિસ્સામાં મૃત્યુદંડની સજા નક્કી થઈ. પરંતુ હજી દીકરીઓ દિવસના અજવાળામાં પણ સુરક્ષિત નથી. કડક કાયદા ઘડાયા છતાં દીકરીઓનાં શિયળ લૂંટનાર હેવાન આઝાદ છે. દેશની દીકરીઓ ચીસો પાડીને પૂછે છે : ક્યાં સુધી હેવાનથી થતા રહીશું બરબાદ ?

સત્તાધારીઓ અને સમાજ ભલે છાતી કૂટે, ચીસો પાડે, આંસુ વહાવે તેનાથી શું ફર્ક પડે છે ? ફર્ક તો ત્યારે પડત કે જ્યારે અપરાધીઓના મનમાં કાયદાનો ડર પેદા થાય, ફર્ક ત્યારે પડે જ્યારે સત્તાધારીઓ દીકરીઓની સુરક્ષાની ગૅરંટી આપીને કાયદો-વ્યવસ્થા સુદઢ બનાવે. ફર્ક ત્યારે પડે જ્યારે અદાલત અપરાધીને તેણે કરેલા અપરાધની સજા આપત. પરંતુ આવું કંઈ જ થયું નથી, એ સ્પષ્ટ છે કે જે થાય છે તે માત્ર ઔપચારિકતા છે તે કારણે જ દેશમાં રોજ પાંચ ડઝનથી વધુ બાળકીઓ સામે દુષ્કર્મ આચરવામાં આવે છે અને સેંકડો મહિલાઓ છેડતીનો ભોગ બને છે. એક સત્ય એ પણ છે કે પોલીસ મોટાભાગના કેસમાં પીડિત પક્ષની ફરિયાદ દાખલ કરતી નથી. બીજી તરફ લોકલાજના કારણે લોકો કેસ કરતા ડરે છે. યૌન ઉત્પીડન કેસમાં જ્યાં સુધી 100 ટકા અપરાધીને સજા નહિ થાય ત્યાં સુધી દીકરીઓ પર અત્યાચારનો આ સિલસિલો નહિ જ અટકે. બીજું દીકરીઓ માત્ર રસ્તા અને જાહેર સ્થળે જ નહિ પણ પોતાના ઘર-પરિવાર અને સગાં સંબંધીઓ વચ્ચે પણ અસુરક્ષિત છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરોના આંકડા મુજબ સગાં-સંબંધીઓ દ્વારા દુષ્કર્મની ઘટનામાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં દુષ્કર્મને લગતો કાયદો આટલો બધો કડક હોવા છતાં તેનો ખોફ કેમ નથી ? શા માટે દુષ્કર્મના કેસ વધી રહ્યા છે ?

કારણ કે કમનસીબે મોટાભાગની પ્રજા માટે બળાત્કારની કે જાતીય સતામણીના કિસ્સાઓના સમાચારો ચગાવવામાં જેટલો રસ હોય છે તેટલો રસ તેની પાછળનાં કારણો, માનસિકતા કે ઉપાયોની ચર્ચા કરવામાં નથી હોતો. જે બાબત ઘટના તરીકે લોકોના માનસમાં નોંધાતી જ નથી, અને માત્ર સમાચારો તરીકે જ ગોઠવાય છે તે મોડી-વહેલી કચરાટોપલીમાં જ જાય છે. લોકો આવી ઘટના પાછળ કાયદો, સમાજ, સ્ત્રીઓનો પહેરવેશ, નશાખોરી, પોર્નોગ્રાફી વગેરેને દોષ દેતા હોય છે, બાકી આવી ઘટના પાછળ મુખ્ય તો પુરુષના માનસમાં રહેલી સ્ત્રીની ઇમેજ (છબી) સૌથી વધુ ભાગ ભજવે છે. જ્યાં સુધી સ્ત્રીને વ્યક્તિ કરતાં વસ્તુ તરીકે વધુ જોવામાં આવશે ત્યાં સુધી સ્ત્રીનું જાતીય શોષણ અને તેની સાથે દુરાચાર નક્કી છે. આપણા દેશમાં સ્ત્રીઓની સામાજિક છબી અને આત્મસન્માનને ફિલ્મો અને ગીતોએ જે હાનિ પહોંચાડી છે એટલી બીજા કોઈએ પહોંચાડી નથી. જરૂર હોય કે ના હોય નગ્નતા, કામુકતાથી ભરપૂર દશ્યો કે શબ્દોથી ભરેલાં આઇટમ સૉન્ગ્સ અને તેના માટે લીડ હિરોઇનનો સ્પેશિયલ એપિઇરન્સ સામાન્ય માણસ પર શું અસર કરે છે તે જાણીએ છીએ ?

આવાં ગીતો-દશ્યથી લોકોનાં મનમાં સ્ત્રી એક સેક્સ ઑબ્જેક્ટ તરીકે ગોઠવાઈ જાય છે તે આપણે



**ભૂલસુધાર : દરેક પેજ નંબરમાં જાન્યુઆરી ૨૦૨૦ ની જગ્યાએ ભૂલથી ૨૦૧૯ છપાયું છે ત્યાં ૨૦૨૦ વાંચવા નમ્ર વિનંતી.**

ક્યારેય વિચાર્યું છે ? બાકી રહીસહી કમી હતી ને બધાના ખિસ્સામાં આવેલી પોર્નોગ્રાફી અને વેબ-સિરીઝોએ પૂરી કરી દીધી છે. જેણે સ્ત્રી માત્ર જાતીય ઉપયોગનું સાધન હોય એવી છબી દૃઢ કરી છે. જો આવું વિચારીને બોલીએ તો કહે છે કે તેના મગજમાં ગંદકી છે એમ કહી હાથ ઊંચા કરી દે છે. આમેય કોઈ બાબતની સમાજ પર શું અસર પડશે ? તેવું વિચારવાની ફુરસદ નથી. બીજી રીતે કહીએ તો આપણી પાસે આવું સેન્સિબલ વિચારવાની આવડત નથી. કમનસીબે આપણે લાગણીઓથી છલોછલ પણ સંવેદનશૂન્ય પ્રજા છીએ. બળાત્કારના વિરોધમાં કરોડો મૅસેજ ફૉરવર્ડ કરીએ છીએ કે મીણબત્તી લઈને ઊભા થઈ જઈએ છીએ પરંતુ ક્યાંક સ્ત્રી સાથે અભદ્ર વ્યવહાર થતો હોય ત્યારે કોઈની બબાલમાં મારે શું કામ પડવું ? કરીને ચાલતા થઈએ છીએ. લાગણીઓના પ્રદર્શનમાં એક્કા છતાંય રોજ લાગણીનો અનુભવ કરવામાં આપણે બુઠ્ઠા છીએ. આપણો સમાજ દંભી છે. મહિલાસશક્તીકરણ અને મહિલા-સુરક્ષાની ખાલીખમ વાતોની વચ્ચે સ્ત્રીઓ માત્ર એક સન્માનપૂર્ણ નજર માટે તરસે છે. તેથી જ આવા વાતાવરણમાં સ્ત્રીને સન્માનપૂર્વક જોતાં શિખવાડવું ખૂબ અઘરું છે. બળાત્કારીઓને કડક કાયદા દ્વારા ફાંસી આપીને લોકોમાં સ્ત્રી-સન્માનની ભાવના થોડી પેદા કરી શકાય ?

આખરે ચૂક ક્યાં થઈ રહી છે ? તેનો અભ્યાસ કરી મક્કમ રીતે કામ કરવું પડશે. માત્ર કડક કાયદા બનાવી દેવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહિ. ખરી જરૂર તો સિસ્ટમની શિથિલતાને દૂર કરવાની છે. આપણું પોલીસતંત્ર અને ન્યાયતંત્રમાં શિથિલતા કેટલી છે ? કેસોની સંખ્યા ઘટતી નથી. લાંબા સમય સુધી ન્યાય મળતો નથી. અમુક કેસોમાં ફાસ્ટ-ટ્રૅક કોર્ટની વાત કરવાને બદલે સમગ્ર ન્યાયિક તંત્રને જ ફાસ્ટ-ટ્રૅક પર લાવવું પડશે. ત્યારે જ મહિલાઓ માટે સન્માનજનક અને ન્યાયપૂર્ણ નવા ભારતનું નિર્માણ થઈ શકશે. આ માટે નીચે મુજબનાં તાત્કાલિક પગલાં લેવાં પડશે.

(1) પોર્નોગ્રાફી વેબસાઈટ પર કડક પ્રતિબંધ લાદી દેવો જોઈએ, (2) પોલીસ સુધારા માટે 2006ના સુપ્રીમ કોર્ટના આદેશનો ત્વરિત અમલ કરવો જોઈએ, (3) નિર્ભયા ફંડનો ઝડપી અને યોગ્ય ઉપયોગ કરવો જોઈએ, (4) અદાલતમાં કારણ વગરની અપીલો નાબૂદ કરી બળાત્કારના પીડિતાને ઝડપી ન્યાય આપવો જોઈએ, (5) છેલ્લે સમાજનાં લોકોની માનસિકતાને ખાસ બદલવાની જરૂર છે. સામાજિક સંવેદના કેળવવા આપણા સાથી નાગરિકો પ્રત્યે આંખો ખોલીને જોવાની નહિ પણ દૃષ્ટિ કેળવવાની જરૂર છે.

ટૂંકમાં સ્ત્રીઓ સાથે થતા દુર્વ્યવહારોની જવાબદારી સહિયારી છે. કોઈ એક વર્ગ, વ્યક્તિ કે સમૂહ ઉપર ઢોળી ન દેતાં પુરુષ, સ્ત્રી, કાયદા, મીડિયા, સમાજ વગેરે બધાંએ સંવેદનશીલ થવું પડશે. આપણી અંદરની માનસિકતા બદલવી પડશે. મીણબત્તીઓ લઈને ઊભા થઈ જવાથી સમાજમાં ક્રાંતિ આવી જશે નહીં, આ માટે મનમાં દીવો કરવો પડશે અને અંતરાત્માને જગાડી સમાજ પ્રત્યેનું કર્તવ્ય સૌ સાથે મળીને અદા કરીશું તો દીકરીઓ-મહિલાઓ સલામતી અનુભવશે.

સૌને Happy New Year.

•

'તમે તમારું સાચું અને મજબૂત સંગઠન ખડું કરો. જે નબળાઈઓ છે તે દૂર કરો, કોઈનો ડર ન રાખો, બહાદુર બનો અને આત્મવિશ્વાસ રાખતાં શીખો, આટલું કરશો તો જે ઇચ્છો છો તે એની મેળે આવી મળશે.'

**-સરદાર પટેલ**

## વૈશ્વિકીકરણ : વ્યાખ્યા, સ્વરૂપ તેમજ તેનો ભાષાસાહિત્ય ઉપર પ્રભાવ* – પ્રો. (ડૉ) એમ. એચ. મકવાણા**

મારા જેવા સમાજશાસ્ત્રના અભ્યાસીને ભાષા-સાહિત્યના પરિસંવાદમાં નિમંત્રણ બદલ હું આયોજકોનો આભારી છું. મારા આ લખાણમાં હું મહદ્અંશે સમાજશાસ્ત્ર અને સમાજવિજ્ઞાનના અભિગમ સાથે વિષયને જોવાનો પ્રયાસ કરીશ. એનો અર્થ એવો પણ નથી કે વૈશ્વિકીકરણના ભાષાસાહિત્ય ઉપર પ્રભાવના મુદ્દાને હું બિલકુલ સ્પર્શીશ નહીં. ભાષાસાહિત્ય તો અમારા અભ્યાસના વિષય (સમાજશાસ્ત્ર)ની એક પેટાશાખા Sociology of literature (સાહિત્યનું સમાજશાસ્ત્ર)માં સમાવિષ્ટ અગત્યનો મુદ્દો છે. પરિસંવાદમાં અપાયેલા પેટાવિષયોમાં દર્શાવ્યા મુજબ વૈશ્વિકીકરણની વ્યાખ્યા, સ્વરૂપ (લક્ષણો), પ્રકાર અને ભાષાસાહિત્ય ઉપર વૈશ્વિકીકરણના (ભારતના સંદર્ભમાં) પ્રભાવ અંગે આપણે જોવાનો પ્રયાસ કરીશું.

**વૈશ્વિકીકરણ :**

સામાન્ય રીતે જોઈએ તો વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે, તે ફક્ત વૈશ્વિક બજાર જેવી મર્યાદિત બાબતને જ અસર કરે છે કે તેની સાથે સંકળાયેલા છે તેવું નથી. પરંતુ તે ટકાઉ વિકાસ (Sustainable Development), સામાજિક જવાબદારીઓ સામાજિક કલ્યાણ, લિંગ વચ્ચેની સમાનતા, બહિષ્કૃત તેમજ હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો, વહીવટીય વ્યવસ્થા અને માળખા ઉપરાંત સમાજની સંસ્કૃતિના વિવિધ પાસા બાબતો જેવી કે મૂલ્યો, માન્યતાઓ, ધોરણો, ભાષા, બોલી, ચિત્રકળા, સંગીત - નૃત્ય, પહેરવેશ, ખોરાક, ઇત્યાદિ ઉપરાંત સમાજમાં લોકોના રોજ-બરોજનાં દૈનિક વર્તન-વ્યવહારો જેવી અનેક બાબતો સાથે સંકળાયેલ છે. જુદા-જુદા સમાજ, જુદી-જુદી વ્યક્તિઓ વૈશ્વિકીકરણનું પોત-પોતાની રીતે અલગ અલગ અર્થઘટન ધરાવે છે. આ અર્થઘટન તેઓના પોતાના સ્વાનુભવ આધારિત વિકસાવેલું અર્થઘટન હોય છે. વૈશ્વિકીકરણના અર્થઘટનની ચર્ચા કરીએ તેની શરૂઆત પહેલાં તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને સમજવાનો પ્રયાસ કરતી નજર નાંખીએ. પ્રસ્તુત લેખમાં ચર્ચા ભારતના સંદર્ભમાં જ રહેશે.૧

**વૈશ્વિકીકરણ : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :**

ભાષાની દૃષ્ટિએ ગ્લોબલાઈઝેશન (Globalization) વૈશ્વિકીકરણ કે ભૂમંડલીકરણ તરીકે જેને ઓળખવામાં બોલવામાં આવે છે તે મૂળભૂત રીતે સંસ્થાનવાદી (Imperialist) અર્થવ્યવસ્થામાં જે-તે સમયે મંદીને કારણે ઊભી થયેલી કટોકટીમાંથી બહાર આવવાનો - ઊગરવાની સંચાલન / (Management) યુક્તિ હતી. આ સમયગાળો હતો બીજા વિશ્વયુદ્ધ પછીનો અને 1973માં તેલની (કિંમત)ના આઘાત-પ્રતિઘાતનો ગાળો, ત્યારબાદ - અમેરિકા - વિયેતનામના યુદ્ધમાં સંડોવાયું જેથી ડૉલરની ખરીદશક્તિ (ભાવ) ઘટી ગઈ. આ પણ વૈશ્વિકીકરણ માટે એક જવાબદાર પરિબળ ગણી શકાય.

આ અને ત્યારબાદના સમયમાં વિવિધ તબક્કે મહાસત્તા એવા અમેરિકા સામે આવેલી આર્થિક કટોકટીમાંથી બહાર આવવા તેણે બ્રેટોન વુડ્સ કરાર (Bretton Woods Agreement) કરીને ડૉલરની લેવડ-દેવડ (Exchange) માટેના ભાવ નક્કી કર્યા. વૈશ્વિક આર્થિક સંસ્થાનો જેવાં કે વર્લ્ડ બેન્ક, ઇન્ટરર્નેશનલ મોનિટરી ફંડ (IMF) વગેરેમાં પોતાના પ્રભાવને આધારે ગરીબ કે વિકાસશીલ દેશને આર્થિક મદદ કે ફંડ આપતી વેળાએ ચોક્કસ શરતો પાળવા બાંધી લેવાનું શરૂ કરાવ્યું. મુખ્યત્વે આ શરતોમાં જે તે દેશના વેપાર ઉપરનાં તેમનાં કાયદાકીય નિયંત્રણો હળવાં કે દૂર કરવાં પોતાના બજારને વિશ્વના દેશોના વેપાર અર્થે ખુલ્લા મૂકવા જેવી બાબતોનો સમાવેશ થતો. આની સાથે-સાથે જે તે દેશ/સમાજની વિવિધ સંસ્થાઓ (Social Institution) આર્થિક, શિક્ષણ, રાજકીય, ધાર્મિક, તેમજ સાંસ્કૃતિક બાબતો જે આપણે લેખની શરૂઆતમાં જોઈ ઇત્યાદિ ઉપર પર તેનો પ્રભાવ

* ડાયરેક્ટર, ડૉ. બાબાસાહેબ આંબેડકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સીસ - બારીશ, વડોદરા

** નિવૃત્ત પ્રોફેસર અને પૂર્વ અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિ., અમદાવાદ

જોવા મળે છે. વૈશ્વિકીકરણની સાથે જ ઉદારીકરણ (Liberalization) અને ખાનગીકરણ (Privatization) સહોદરની માફક જોડાયેલી પ્રક્રિયા છે.[૨]

**વૈશ્વિકીકરણ : ભારતના સંદર્ભમાં :**

વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિના ઊંચ-નીચના ભેદભાવ સાથેનું સામાજિક માળખું ધરાવતા ભારતમાં વૈશ્વિકીકરણની પ્રક્રિયા અને તેનો પ્રભાવ નવો નથી. ભારતના દરિયાકિનારાના ખલાસી/માછીમારો તેમજ લોહાણા, ભાટિયા જ્ઞાતિના લોકો દરિયાપાર આફ્રિકાના ઝાંઝીબારમાં તેમજ બીજા અન્ય દેશો સાથે વ્યાપારી સંબંધોથી જોડાયેલા હતા ત્યારથી જ આ પ્રક્રિયા અને તેની અસરો દેશમાં તેની સાંસ્કૃતિક બાબતો (ભાષાસહિત) ઉપર થયેલી જોવા મળે છે. ત્યાર પછી ઈસ્લામધર્મીઓ આ દેશમાં આવ્યા. તેમની ભાષા, રહેણી-કરણી, ખાન-પાન, ઈત્યાદિ સાથે પયગંબરની ભક્તિ અર્થે રચાયેલ સૂફી સાહિત્યની અસર પણ આ દેશના સાહિત્ય ઉપર થયેલી છે. જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપની વ્યાપાર અર્થે ભારતમાં આવી અને ધીરે ધીરે તેઓએ રાજસત્તા પોતાના હસ્તક કરી બ્રિટિશ તાજ હેઠળ આ દેશના મોટાભાગને બ્રિટિશ સંસ્થાનો એક ભાગ બનાવ્યો. તેની સાથે દેશમાં આધુનિકીકરણ શરૂ થયું. અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ સ્થાનિક ભાષા સાહિત્યકારો અને તેમના દ્વારા રચાતા સાહિત્યમાં પણ જોવા મળ્યું. આધુનિકીકરણ હેઠળ વિકસાવેલાં યંત્રો, તેના વપરાશ માટે વપરાશકારો દ્વારા વપરાતી ભાષા (જે સ્થાનિક ભાષાથી જુદી હતી), તેમાં ઉપયોગમાં લેવાતા સાંકેતિક શબ્દો અને ચિહ્નો ઈત્યાદિને કારણે સ્થાનિક ભાષાસાહિત્યમાં વૈશ્વિકસ્તરે સ્વીકારાયેલી ભાષાનું સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું. ઉદાહરણ તરીકે આપણે સ્ટેનોગ્રાફરની લઘુલીપીને લઈ શકીએ. જેમાં ભાષાસાહિત્યના વ્યાપારકરણશાસ્ત્રના માપદંડો પળાયેલા જોવા મળતા નથી. દેશની ભાષાઓમાં સાંકેતિક શબ્દો અને ચિહ્નોનો ઉપયોગ થતો હતો. પરંતુ તેના વ્યાપારી ધોરણે વળતર મેળવવા સાથેનો ઉપયોગ કદાચ નહોતો જે સ્ટેનોગ્રાફરના વ્યવસાયિક ભાષા સાથે થયો. આ સમયગાળાને આપણે આધુનિકીકરણના ખ્યાલથી ઓળખીએ છીએ. કેટલાક અભ્યાસીઓ વર્તમાનમાં ભારતે સ્વીકારેલા વૈશ્વિકીકરણને અનુ-આધુનિકરણ તરીકે પણ ઓળખાવે છે. દેશમાં 1995 પછી નવી આર્થિક નીતિના સ્વીકાર પછી વ્યાપાર, વ્યવસાય અને બજારના સ્થાનિક કાયદાઓ ઉપરનું નિયંત્રણ દૂર થયું. વિદેશી મૂડીરોકાણ તેમજ ઉદ્યોગો સ્થાપવાની છૂટ આપવામાં આવી. દેશના સામાજિક માળખા તેમજ સમાજની સંસ્કૃતિના વિવિધ પાસાઓ ઉપર આ વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણની અસરો તેમજ તેનો પ્રભાવ અનેક રીતે જોવા મળે છે.

**વૈશ્વિકીકરણ : વ્યાખ્યા / અર્થ (Globalization : Meaning / Defination) :**[૩]

સામાજિક વિજ્ઞાનો તેમજ અન્ય ક્ષેત્રના અભ્યાસી વિદ્વાનોને વૈશ્વિકીકરણનું પોતપોતાના સ્વાનુભવને આધારે તેનું અર્થઘટન કરીને વ્યાખ્યાબદ્ધ કરવા, તેને સમજવા પ્રયાસ કર્યા છે. વૈશ્વિકીકરણના એક અર્થમાં તેને વૈશ્વિક આંતરસંકળાયેલાપણાને વધારવું (Increasing global interconnectedness)ની દૃષ્ટિએ જોવામાં આવ્યું છે તો બીજા એક અર્થમાં વૈશ્વિક સ્તરના સામાજિક સંબંધોમાં ઝડપી તીવ્રીકરણ (The rapid intensification of worldwide social relation)ની દૃષ્ટિએ દર્શાવાયું છે. અન્ય એક અર્થમાં તેને આર્થિક તેમજ રાજકીય અસરોથી ચલાવાયેલી ઘણીબધી ગૂંચવણભરી પ્રક્રિયાઓ છે (a complex range of processes driven by a mixture of political and economic influence.). ઉપરોક્ત અર્થઘટન આપનારાઓ એન્થની ગિડન્સ (1990), હર્વે ડેવિડ (1989), કાસ્ટેલ મેન્યુલ (1996), રિફ્કિન જેરેમી (2001) વગેરે છે. આના અભ્યાસીઓ તરીકે જે કેટલાક માર્ક્સવાદી ભારતીય સમાજશાસ્ત્રીઓ છે તેમાં અમીન (1997), પટનાઈક (1994) તેમજ ડી. એન. ધનાગરે (2003)નો પણ  સમાવેશ થાય છે.

**વૈશ્વિકીકરણ એટલે શું ? વ્યાખ્યા :**

વૈશ્વિકીકરણના અભ્યાસીઓ માટે એક પ્રશ્ન હંમેશાં મહત્ત્વનો બની રહે છે કે, વૈશ્વિકીકરણ એટલે શું ? જોકે આનો કોઈ સ્પષ્ટ અર્થઘટન કે સમજૂતી આપતો જવાબ (સર્વસંમત હોય તેવો) હજુ શોધવાનો બાકી છે. આના જવાબમાં ફક્ત એવું જ કહેવા, સમજવામાં આવે છે કે આ એક પ્રક્રિયા / ચળવળ છે તે સત્તા (Power) નું આયોજન (Integrating) કરે છે કે પછી તેને વિઘટિત (disintegrating) કરે છે. વિકાસશીલ દેશ/પ્રદેશની માળખાકીય નિયંત્રણની સરહદો - દબાણ દૂર કરે છે. દૂર-દૂર જુદા-જુદા પ્રદેશોમાં ભિન્ન-ભિન્ન સંસ્કૃતિના લોકો વચ્ચે આંતરક્રિયા, આદાન-પ્રદાન વિકસાવી, લોકો વચ્ચેના સંબંધોને નજીક લાવી હૂંફાળા તેમજ જરૂરિયાત આધારિત આત્મીય બનાવે છે.[૪]

**વૈશ્વિકીકરણ : સ્વરૂપ / લક્ષણો :**

આપણે જોયું તેમ વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે. પ્રક્રિયા સતત ચાલતી રહે છે. સ્થળ / પ્રદેશ, પરિસ્થિતિ, સંજોગો અને સમયાનુસાર તેમાં બદલાવ આવેલો જોવાય છે. આ પ્રક્રિયાને પૂરેપૂરી સમજવી હોય તો તેનાં સ્વરૂપ એટલે કે લક્ષણોને જાણવાં જરૂરી બને છે. જુદા-જુદા અભ્યાસીઓએ વૈશ્વિકીકરણના સ્વરૂપને જાણવા-સમજવાના પ્રયાસો કર્યા છે. આ ભિન્ન-ભિન્ન વિચારોના સમન્વયમાં જે સામાન્યીકરણ સામે આવે છે તેમાં જોવા મળે છે કે,

1. વૈશ્વિકીકરણના સ્વરૂપમાં સૌથી મહત્ત્વની બાબત એકબીજાને એક-મેક સાથે જોડવા, એકસૂત્રતા સ્થાપવાનો પ્રયાસ કરવો તે જોવા મળે છે. આને કારણે એક-મેક સાથે જોડતા ભાગો વચ્ચે પરસ્પર આધારિત અને અવલંબનપણું સ્થાપિત થાય છે.
2. વૈશ્વિકીકરણના સ્વરૂપમાં બીજી બાબત મહત્ત્વની જોવા મળે છે તે એ છે કે, આ પ્રક્રિયા સ્થાનિક-સ્થાનિકને એક સાથે જોડીને, સંગઠિત કરી એકમોટી સમષ્ટિનું નિર્માણ કરે છે. જે છેવટે વૈશ્વિક પ્રક્રિયા સાથે જોડાય - સંયોજાય છે. આ જ પ્રક્રિયા વૈશ્વિક સ્તરેથી સ્થાનિક સાથે જોડાણની રીતે પણ જોવા મળે છે.
3. વૈશ્વિકીકરણના સ્વરૂપમાં ત્રીજી અગત્યની બાબત છે તે તેના આદર્શ સ્વરૂપની છે. વૈશ્વિકીકરણનો આદર્શ, વિષયવસ્તુ તે મૂડીવાદ છે અને તેના ધ્યેય-સિદ્ધાંત ફક્ત મૂડીમાંથી નફો મેળવવાનો જ રહેલા હોય છે. સમયાંતરે ક્રમિક રીતે વ્યક્તિગત ધોરણે રહેલો મૂડીવાદ વૈશ્વિક મૂડીવાદના સ્તરે વિકસે અને પ્રસ્થાપિત થાય છે.

ભારત જ્યારે બ્રિટિશ કૉલોનીના એટલે કે સંસ્થાનના ભાગ રૂપે હતું ત્યારે અહીંયા આધુનિકીરણની શરૂઆત થઈ (અંગ્રેજી ભાષા, ઉત્પાદનક્ષેત્ર, માનવબળની જગ્યાએ યંત્રોનો ઉપયોગ, કાયમી લશ્કરી પ્રથા, તે સાથે બીજા અનેક નવા સુધારાઓ). ત્યારપછી આ સમયગાળામાં વૈશ્વિક પ્રક્રિયાના ભાગ રૂપે અત્રે પણ અનુઆધુનિકતા (Post-Modernization) જોવા મળી. કેટલાક અભ્યાસીઓ આ અનુઆધુનિકતાને વૈશ્વિકીકરણ સ્વરૂપે જુએ છે, મૂલવે છે અને સમજવાનો પ્રયાસ કરે છે. સમાજવિજ્ઞાનીઓ/સમાજશાસ્ત્રીઓ વૈશ્વિકીકરણનાં સ્વરૂપ/લક્ષણને સમાજની જુદી જુદી સંસ્થાઓ (Institution) જેવી કે, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક, ધાર્મિક સાથે સમજે છે. ખાસ કરીને આર્થિક બાબતો સાથે તેને વધુ જોવાનો પ્રયાસ કરાયો છે. તેમાં જોવા મળ્યું છે કે, વૈશ્વિકીકરણને કારણે અર્થવ્યવસ્થા પુનઃ સ્થાપન/માળખાકીય બની છે. જેમાં,

બજાર વિદેશી વેપાર ઉપર આધારિત છે.

મૂડી વિદેશી રોકાણ ઉપર આધારિત છે.

જ્યાં યંત્રવિદ્યા વિદેશી હાઇ-ટેકના નાવીન્ય ઉપર આધારિત છે.

જેમાં મૂડીરોકાણ વૈશ્વિક રોકાણ પર નિર્ધારિત બન્યું.

હવે વસ્તુઓ (Commodity)ના ભાવો વૈશ્વિક કિંમતને આધારે નક્કી થાય છે.

રૂપિયાની કિંમત ડૉલરને આધારે નિશ્ચિત કરાય છે.

ધીરે ધીરે બૅન્ક સેવાઓ, જીવનવીમાની સંસ્થાઓ, દેશના લોકોની બચત ઇત્યાદિ વિદેશી હાથો (રોકાણકારો)માં નિયંત્રિત બની રહી છે.

આવી જ રીતે અભ્યાસીઓ શૈક્ષણિક અને સાંસ્કૃતિક બાબતોમાં પણ વૈશ્વિકીકરણના પ્રભાવને સમજવાનો પ્રયાસ કરે છે. આપણે અત્રે સાંસ્કૃતિક બાબતોમાં ખાસ કરીને ભાષાસાહિત્ય ઉપર પ્રભાવ અંગે જોઈએ.

**વૈશ્વિકીકરણ : ભાષાસાહિત્ય ઉપર પ્રભાવ :**

સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં વૈશ્વિકીકરણનો સ્વીકાર થયો છે ત્યાં વૈશ્વિકીકરણે સ્થાનિક સમાજની સંસ્કૃતિને પણ અસર કરી છે. તેનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે. સમાજની સંસ્કૃતિનાં તત્ત્વોમાં ભાષા અને તેના રચાતા સાહિત્યની ખૂબ જ મહત્ત્વની ભૂમિકા જોવા મળે છે. આપણે આગળ ઉપર વિગતે જોયું તેના કરતાં વધુ જટીલ અને અનેક કાર્યો એકસાથે કરતાં યંત્રો વૈશ્વિકીકરણના સમયગાળામાં અસ્તિત્વમાં આવ્યાં. તેનો વપરાશ પણ સમાજમાં સહજ બન્યો. કમ્પ્યૂટર અને મોબાઇલ ફોન જેવાં સાધનો હવે શોખ નહીં રહેતાં લોકોની જરૂરિયાત બન્યાં. માહિતી યુગના આ સમયગાળામાં માહિતીમાં અગ્રક્રમે રહેવા તેમજ તેની સાથે પોતાને સાંકળેલા રાખવા આ યંત્રોના વપરાશમાં ઉપયોગમાં લેવાતી પરંપરાગત ભાષા કરતાં નવી જ ભાષા અને તેનાં પ્રતીકોનો સ્વીકાર સાથે ઉપયોગ વધ્યો. આ ભાષામાં પરંપરાગત વ્યાકરણશાસ્ત્રના નિયમો નકારાયેલા જોવા મળે છે. ભાષાના સહોદર જેવી લોકોની દૈનિક આંતરક્રિયામાં વપરાશમાં રહેતી બોલીઓ પણ વૈશ્વિકીકરણના પ્રભાવ હેઠળ આવી. ક્યારેક પોતાની જ બોલી શ્રેષ્ઠ અને બીજી બોલી કનિષ્કની ભાવના સેવી વર્તનવ્યવહાર કરનારાઓ હવે વિવિધ બોલીઓ જાણી-સમજી પોતાના સામાજિક જીવનને વધુ સારુ બનાવવાના પ્રયત્નો કરતા થયા. પ્રદેશની ઘણી બોલીઓના વ્યવહારો જે તે ભાષા સાથે સંગઠિત સ્વરૂપે એક-મેક સાથે જોડાઈને વૈશ્વિક સ્તર સુધી વિસ્તર્યા. આ પરિવર્તન વૈશ્વિકીકરણના પ્રભાવને કારણે આવેલું જોવા મળે છે. સ્થાનિક સ્તરની બોલીઓ લેખિત સ્વરૂપમાં પરિવર્તિત થવાની શરૂઆત થઈ ચૂકી છે. તેનું આ સાહિત્ય વૈશ્વિક સ્તરે અન્ય સામાજિક સમૂહો સુધી દેશ-વિદેશના સીમાડાઓ તોડીને વિસ્તર્યું. વૈશ્વિક ભાષા-બોલીઓમાં વપરાતા શબ્દો તેના અર્થ સાથે સ્થાનિક બોલી/ભાષાના સાહિત્યમાં પણ સ્વીકારાયા. મોબાઇલથી હજારો માઈલ દૂર પોતાનો સંદેશ મોકલનારા આ સંદેશના લખાણમાં નવા શબ્દો, નવાં પ્રતીકો અને ચિહ્નોનો ઉપયોગ કરે છે તે સર્વવિદિત હકીકત છે. આ એક અલગ પ્રકારનું સાહિત્ય નવા સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યું છે જે વૈશ્વિકીકરણનો પ્રભાવ છે તેમ કહી શકાય.

પશ્ચિમી દુનિયામાંથી ઉદ્ભવી વિકસેલું વૈશ્વિકીકરણ પુનઃસંસ્થાનવાદ અથવા નવસંસ્થાનવાદ સિવાય બીજું કાંઈ જ નથી તેમ કહેવામાં આવે તો અતિશયોક્તિ નથી. વૈશ્વિકીકરણને કારણે અવિકસિત અને વિકાસશીલ દેશો પશ્ચિમના દેશો માટે આર્થિક સંસ્થાન બની રહ્યા છે. મુક્ત બજાર અને મુક્ત વેપારના નામે બહુરાષ્ટ્રીય કંપનીઓ, ખાનગી આર્થિક સંસ્થાનો (બૅન્ક) ઇત્યાદિ આ દેશોની મૂડી, નફો અને તે માટેના તમામ (આવકના) સ્રોતનું દોહન પોતાનાં હિતો માટે કરીને પોતાના દેશોમાં લઈ જઈ રહ્યા છે. આર્થિક ક્ષેત્રે આ સ્થિતિ છે તો સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે એક નવા જ પ્રકારનું અસમંજસભરી સ્થિતિવાળું ચિત્ર ઊપસી રહ્યું છે. જેમાં ભારત જેવા દેશોમાં સમાજ અને અનેક ભાગોમાં વહેંચાઈ રહ્યો છે. એક સમાજ છે કે જે પશ્ચિમી દુનિયાની સંસ્કૃતિને યથાશક્તિ સ્વીકારી રહ્યો છે. તેના માટે ભારતીય સંસ્કૃતિ મહત્ત્વની કે ઉપયોગી રહી નથી. જોકે આ સમૂહ એવો છે જે આધુનિકતાના પ્રવાહમાં અન્ય સમૂહો કરતાં આગળ હતો. ત્યાર પછીનો જે સમૂહ આવે છે તે હજુ પૂરેપૂરો પશ્ચિમી સંસ્કૃતિને સ્વીકારી શક્યો નથી. તે આવી રહેલા નવાં મૂલ્યો, માન્યતાઓ, ધોરણો અને સંસ્કૃતિનાં અન્ય પાસાંઓને સ્વીકારવા તૈયાર થઈને આગળ વધી રહ્યો છે. ત્યારપછીથી શહેર કે ગ્રામીણ સમૂહમાં આધુનિકતાને કારણે વિકસેલો મધ્યમવર્ગ જે સંસ્કૃતિનાં અનેક પાસાંઓમાં પોતાને આધુનિક કહેડાવવાના પ્રયત્નો કરી રહ્યો છે. પરંતુ વાસ્તવમાં હજુ તે પોતાની સાંસ્કૃતિક (પરિસ્થિતિ) પરંપરાઓને સંપૂર્ણ રીતે ત્યજી શક્યો નથી. આ એ (વર્ગ) સમૂહ છે જે પશ્ચિમી સંસ્કૃતિ અને પરંપરાઓ વચ્ચે અટવાતો રહેલો દેખાય છે.

સૌથી છેલ્લે રહેલો એ સમૂહ છે જેને પોતાને ખબર નથી કે તેની પોતાની કહી શકાય તેવી આગવી સંસ્કૃતિ તેની પાસે છે. (વાસ્તવમાં તેઓની આગવી અલગ સંસ્કૃતિ તેઓ ધરાવતા હોય છે.) આવી સ્થિતિમાં તે હંમેશાં આવી રહેલા દરેક પરિવર્તન સાથે પોતાની રીતે પગ મિલાવવા પ્રયત્ન કરે છે. પોતાનાથી તત્કાલીન પ્રભાવી, સામાજિક રીતે ઊંચા ગણાતા જૂથને નિરીક્ષી તેનું અનુકરણ કરવાના પ્રયાસો કરીને પોતાને ઊંચો (સામાજિક સ્તરે) અને કહેવાતા સુધરેલા લોકો જેવો બનાવવા, દેખાડવાનો પ્રયાસ કરે છે. આ પ્રક્રિયાને કેટલાક સમાજશાસ્ત્રીઓએ સંસ્કૃતિકરણ તરીકે ઓળખાવેલ છે. જેઓ આધુનિકરણની પ્રક્રિયામાં હજુ પૂરેપૂરા આધુનિક બની શક્યા નથી (બની શકે તેમ પણ નહોતા) ત્યાં જ તેમની સામે હવે વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં નવી સંસ્કૃતિની જોરદાર હવા આવી છે. જેમાં તેઓ અનુકરણ કરવાનો પ્રયાસ કરે છે. આ લોકોની સામાજિક, સાંસ્કૃતિક સ્થિતિ બે છેડા વચ્ચે લટકી રહેલા ત્રિશંકુ જેવી છે. તેઓની પાસે મૂળ કહેવાય તેવી સંસ્કૃતિ સચવાઈ કે નથી આધુનિકતાના પ્રવાહમાં તેઓને (આધુનિકતાને) પૂરેપૂરા અપનાવી શક્યા. હવે વૈશ્વિકીકરણે ઊભા કરેલા નવા સામાજિક (પશ્ચિમી) માળખામાં સાંસ્કૃતિક રીતે તેઓ પોતાને અનુકૂલનની સ્થિતિમાં મૂકી શકે તેમ પણ રહેલું જોવા મળતું નથી.[૫]

**સંદર્ભસૂચિ :**


૧. મકવાણા મનુભાઈ એચ. 2016. સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશનું સમાજશાસ્ત્ર, ગર્ગ પ્રકાશન, અમદાવાદ

૨. અરવિંદ, 2002. ગ્લોબલાઇઝેશન, એન એટેક ઓન ઇન્ડિયાસ સોવરન્ટી (Sovereignty), ન્યુ વિસ્તાસ પ્રકાશન, નવી દિલ્હી, પાન નં. 1 થી 19

૩. રિચાર્ડ પાયસ (સંપ્ત), 2012. 'પરસ્પેક્ટિવ ઓન સોશ્યલ ડેવલોપમેન્ટ', રાવત પ્રકાશન, જયપુર, પાન નં. 105 થી. 164

૪. મકવાણા મનુભાઈ એચ અને અન્ય (સંપા.), 2016, ગ્લોબલાઇઝેશન ઑફ ડૉ. આંબેડકર્સ થૉટ્સ ઍન્ડ ફિલોસોફી, ડૉ. બી. આર. આંબેડકર યુનિ. ઑફ સોશ્યલ સાયન્સીસ, મહૂ (મ.પ્ર.) પાન નં. 124 થી 126

૫. મકવાણા મનુભાઈ એચ. 2016 ------ એજન ----- પાન નં. 170 થી 171


•

## સ્વામી વિવેકાનંદની પ્રેરક વાણી

- મારા બહાદુર બાળકો ! મહાન કાર્ય કરવાને તમે સર્જાયા છો, એવી શ્રદ્ધા રાખો.
- બળ એ જીવન છે, નિર્બળતા મૃત્યુ છે; બળ એ પરમ આનંદ છે, શાશ્વત અને અનંત છે. નિર્બળતા એ કાયમી બોજો અને સંતાપ છે.
- બાળપણથી જ બળવાન અને ઉપયોગી વિચારો તમારા મગજમાં ધારણ કરો.
- નીતિમાન બનો, હિંમતવાન બનો, હૃદયની વિશાળતા કેળવો.
- હું તો સત્યને પડખે છું. સત્ય અસત્યને કદી સાથ આપે નહિ. સારુંયે જગત મારી વિરુદ્ધ હોય તો પણ સત્ય જ છેવટે વિજયવંત થાય છે.
- પરિણામની ચિંતા કર્યા વગર સત્યનું અનુકરણ કરો. આદર્શના અંતિમ ધ્યેય સુધી પહોંચો. બીકણ અને દંભી બનો નહિ.
- જેનું હૃદય દરિદ્રને માટે દ્રવે તેને જ હું મહાત્મા કહું છું, નહિ તો એ દુરાત્મા છે.
- વિશ્વનું કલ્યાણ કરવું એ આપણો ઉદ્દેશ છે, નહિ કે આપણાં પોતાનાં બણગાં ફૂંકવાં.

# ભારતમાં સામાજિક નવજાગૃતિ આંદોલનમાં સાવિત્રીબાઈ ફુલેની ભૂમિકા

– ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર*

ભારતમાં જાતિભેદ, ક્રિયાકાંડો, જીવહિંસા, અંધશ્રદ્ધાઓના મૂલોચ્છેદનું ક્રાંતિકારી નેતૃત્વ તથાગત બુદ્ધનું રહ્યું હતું. જોકે તેઓના જમાનામાં ક્રિયાકાંડો અને જીવહિંસા ક્રૂરતાઓથી ભરેલાં હતાં, પરંતુ જાતિભેદ બહુ કઠોર નહોતો. મધ્યયુગમાં જાતિભેદ કઠોર અને ખૂબ સંકુચિત થયો હતો. તેથી જાતિભેદ સામેના સંઘર્ષમાં સંત કબીર અને સંત રવિદાસને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી હતી. તેઓના જાતિભેદ સામેના સંઘર્ષના ઇતિહાસને ભૂંસી નાખવા માટેનાં અનેક કાવતરાંઓ થયાં, પરંતુ આ સંતો ભારતના નિમ્નવર્ગ-દલિતવર્ગના હૃદયસમ્રાટ રહ્યા છે. 19મી સદીમાં જાતિભેદ વધુ કઠોર અને અતિક્રૂર સ્વરૂપે હતો.

આ સમયે ભારત દેશ બ્રિટિશરોનો ગુલામ હતો. શૂદ્રો-અતિશૂદ્રોનો વર્ગ શૂદ્રોતરોની ગુલામીમાં પીડાતો હતો. સ્ત્રીઓ પુરુષોની ગુલામગીરીમાં ઉત્પીડિત હતી; ખેડૂતો અને મજૂરો, જમીનદારો, શાહુકારો અને ધનપતિઓના ગુલામ હતા. અજ્ઞાનીઓનો મોટો વર્ગ હતો, તેઓ બધા અંધશ્રદ્ધાઓ, કુપ્રથાઓ, કર્મકાંડોની ગુલામીમાં પીસાતા હતા.

ભારતમાં બ્રિટિશરોની જ સત્તા હતી. તેઓએ વ્યાપારીઓની કંપની રચીને ભારતમાં લૂંટફાટ જ શરૂ કરી હતી. છતાંય તેઓ યુરોપની નવજાગૃતિના પ્રચારકો પણ હતા. તેઓનાં ચરિત્રમાં વ્યાપારીવૃત્તિની સાથે આધુનિક મૂલ્યો—સ્વતંત્રતા, સમાનતા, સામાજિક ન્યાય અને બંધુતાની કેળવણી હતી. તેઓએ સત્તા-લોભની લાલસાએ ભારતમાં આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો. યુરોપિયન વિદ્વાનોએ ભારતની ભૂમિ, ધર્મ, સંસ્કૃતિ અને જાતિની નિંદા કરી, એમ પ્રશસ્તિ પણ કરી. આ પ્રશસ્તિઓનો ઉદ્દેશ બ્રિટિશ શાસનનો હિતેચ્છુ વર્ગ ભારતમાં તૈયાર કરવાનો હતો. ભારતીય ઇતિહાસમાં પરંપરા પણ રહી છે, કે વિદેશી સત્તાનો હિતેચ્છુ વર્ગ એ સત્તામાં ભળી જતો. તુર્ક, મોગલોના શાસનના ઈતિહાસનો પરિચય બ્રિટિશરોને હતો.

ઈ.સ. 1805માં કોલબુકે 'સ્વર્ણિમ આર્યયુગ'નો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો. શિક્ષિત ભારતીયો-વિદ્વાનો, સુધારકો આ સિદ્ધાંતના પ્રશંસકો અને ટીકાકારો થયા. આ પ્રકારના સિદ્ધાંતથી ગ્રીકોએ બ્રિટન (જાતિ)ને જીતી લીધી હતી. 'ભાગલા પાડો ને રાજ કરો' એ જીતનું સફળ સૂત્ર હતું. ભારતમાં ઋગ્વેદના દશમા મંડળમાં પુરુષસૂક્તમાં બ્રહ્મા નામના પુરુષમાંથી ચાર વર્ણોની ઉત્પત્તિનો સિદ્ધાંત હતો. ભારતના ધર્મ અને સંસ્કૃતિના પરાજયો, વતન અને અધોગતિમાં 'વર્ણાશ્રમ ધર્મ' જ કારણભૂત રહ્યો છે. અંગ્રેજોએ 'સ્વર્ણિમ આર્ય યુગ' દ્વારા વર્ણાશ્રમ ધર્મના સ્વાર્થ અને ષડ્યંત્રને વધુ ક્રૂર, જડતા-સંકુચિતતાને પોષી. શૂદ્રો અને શૂદ્રોતેર જાતિઓ વચ્ચે શ્રેષ્ઠતા અને શોષિતની ભાગલાવાદી માનસિકતાનો પ્રસાર થયો. અંગ્રેજોએ શિક્ષણના માધ્યમથી વર્ણશ્રેષ્ઠતાને ટેકો આપ્યો. લૉર્ડ એલનબરોએ કહ્યું હતું કે, 'શિક્ષણ અને સંસ્કૃતિ નિમ્નવર્ગથી ઉચ્ચવર્ગ તરફ ન પહોંચવી જોઈએ. (ઉચ્ચવર્ગથી પ્રારંભ.) જો શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રચાર નિમ્નવર્ગો (શૂદ્રવર્ણો)માં થયો, તો તેનું પરિણામ જનઆંદોલન હશે, અને તેમાં સર્વપ્રથમ હોળીઓ વિદેશીઓની સળગશે.' કેટલાક અંગ્રેજોએ લોભવશ ભારતમાં શિક્ષણનો લાભ નિમ્નવર્ગો પણ લઈ શકે, એવી વ્યવસ્થા કરી, જેમ કે બીજી ફેબ્રુઆરી 1835ના થોમસ વેલિંગ્ટન મેકોલેએ (પ્રથમ કાયદામંત્રી અને સરકારી શિક્ષણમંત્રી) ભારતમાં પશ્ચિમી શિક્ષણ અંગ્રેજી ભાષામાં આપવાનો હઠાગ્રહ કર્યો. માર્ચ 7, 1835 દિવસે લૉર્ડ વિલિયમ બૅન્ટિકે 'યુરોપિયન સાહિત્ય અને શાસ્ત્રોનો પ્રચાર ભારતીય લોકોમાં કરવો, એ બ્રિટિશ સરકારનો

* અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, મહારાજ કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ., ગિજુભાઈ બધેકા માર્ગ, ભાવનગર
laxmanvadhel06@gmail.com

ઉદ્દેશ છે' એમ જણાવ્યું. ભારતમાં વર્ણાશ્રમધર્મના પોષક પુરોહિતો સંસ્કૃત ભાષાને દેવોની ભાષા ગણતા હતા. શૂદ્રો (નિમ્નવર્ગો)ને એ ભાષા શીખવવી એ પાપ સમજતા હતા. બ્રિટિશરોએ અંગ્રેજી ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારી લીધી, તેને પરિણામે સંસ્કૃત ભાષા પાઠશાળાઓની ભાષા-અવશેષ રહી જાય એ ભયથી પણ કેટલાક પુરોહિતો સરકારી શાળાઓમાં શૂદ્રો (નિમ્નવર્ગો)ને દૂરથી ઢેફાંઓ મારીને પણ ભણાવતા થયા. નબળા વિદ્યાર્થીને સજા માટે લાકડી અને ઢેફાં બે હથિયાર હતાં. લાકડીથી સજા કરવાથી આભડછેટ લાગે, સ્નાન કરવું પડે, તેથી શૂદ્રોને દૂરથી ઢેફાં મારીને ભણાવતાં.

ભારતમાં દેશોદ્ધાર અને ધર્મોદ્ધારના હિતેચ્છુઓએ સામાજિક અને ધાર્મિક નવજાગરણનું કાર્ય કર્યું. રૂઢ અને અવૈજ્ઞાનિક વિચારો, પ્રથાઓનો વિરોધ કર્યો. બંગાળમાં રાજારામમોહનરાયે તો ગવર્નર જનરલને લખ્યું : '(ભારતમાં) જો કોઈ નવયુવાન પોતાના જીવનનો સૌથી બહુમૂલ્ય સમય સંસ્કૃત વ્યાકરણની બારીકાઈઓને સમજવા કે વેદાંતમીમાંસા કે ન્યાયના અધ્યયનમાં ગુમાવે છે; તો એવાથી કોઈ પ્રગતિની આશા રાખી શકાય નહિ.' તેઓએ પશ્ચિમના ઉદાર, વૈજ્ઞાનિક જ્ઞાનવર્ધક શિક્ષણનું સમર્થન કર્યું હતું. ધર્મ અને સમાજમાં પ્રવેશેલાં પાખંડ અને ક્રૂરતાનો વિરોધ કર્યો.

આ યુગના સુધારકો ઉચ્ચવર્ગના હતા. સૌથી વધારે કુપ્રથાઓ-સતીપ્રથા, દૂધપીતી, વિધવાવિવાહનિષેધ, બહુપત્ની, પડદાપ્રથા વગેરે ઉચ્ચવર્ગમાં હતાં. પછાત વર્ગની વસ્તી વધારે હતી; તેઓ જાતિભેદથી અપમાનિત, તિરસ્કૃત હતા, શિક્ષણથી વંચિત હતા, માનવીય અધિકારીઓથી વંચિત હતા.

સુધારકોએ સૌપ્રથમ ઉચ્ચવર્ગમાં સામાજિક દૂષણોનો વિરોધ કર્યો, જેમ કે રાજારામમોહનરાયે 1815માં 'આત્મીય' સભા સ્થાપી સતીપ્રથાનો વિરોધ કર્યો. 1818માં બંગાળમાં સતીપ્રથા પર પ્રતિબંધનો કાયદો થયો. ડિસેમ્બર 18, 1929ના દિવસથી સમગ્ર ભારતમાં આ કાયદાનો અમલ શરૂ થયો. આ સમયે ઘણા પરંપરાવાદી અને કટ્ટરપંથીઓએ સતીપ્રથાને પવિત્ર કર્તવ્ય, 'સ્ત્રીની સદ્‌ભાવનાદ્યોતક', 'અંતરાત્માનો અવાજ' ગણીને સતીપ્રથા વિરુદ્ધ કાયદાનો ખૂબ વિરોધ કર્યો હતો. રાજારામમોહનરાય વિરુદ્ધ 128 જેટલા પુરોહિતોએ ઘોષણાપત્રની જાહેરાત કરી, તેઓનો બહિષ્કાર કર્યો હતો. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કહ્યું હતું કે, 'ભારતના શિક્ષિતોની ધર્માંધતા કોઈ પણ અર્થમાં આરબોથી ઓછી નથી. તેઓએ કહ્યું કે '(આ લોકો) જ્યારે કોઈ વૈજ્ઞાનિક રહસ્યની વાત સાંભળે છે, તો એ સત્ય પ્રત્યે આદરભાવ (પ્રશંસા) બતાવવાને બદલે તે શાસ્ત્રોમાં (ભારતના) શોધવા દોડે છે, એ રીતે તો તેનો અંધવિશ્વાસ બમણો થાય છે.' આ અર્થમાં સમાજમાં જેટલી અંધશ્રદ્ધાઓ, અજ્ઞાનતાઓ વધે એમ પુરોહિતવાદીઓનાં હિતો સચવાયેલા રહે, સંરક્ષિત રહે. મધ્યયુગના મહમૂદ તુઘલક અને અકબર જેવા સતીપ્રથાને અમાનવીય ગણાવી વિરોધ કરી શકતા હતા, પરંતુ 19મી સદીમાં પુરોહિતવાદીઓ આ પ્રથાઓનો 'પવિત્ર કર્તવ્ય' સમજતા હતા. આ યુગના ઉચ્ચવર્ગના સુધારકોએ જાતિપ્રથાનો વિરોધ કર્યો, પરંતુ નિમ્નવર્ગના લોકોને શિક્ષણના હક પ્રાપ્ત થાય એવી પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સફળ થયા નહિ.

દેશના નિમ્નવર્ગો-બહુજનો, સ્ત્રીઓ, ખેડૂતો, મજૂરો, શોષિત-પીડિત હતાં. તેઓના ઉદ્ધારનું કાર્ય મહાત્મા જ્યોતિબા ફુલે અને સાવિત્રીબાઈ ફુલેએ કર્યું.

**સાવિત્રીબાઈ ફુલેની સામાજિક સુધારા-પ્રવૃત્તિઓ :**

આ યુગમાં સામાજિક નવજાગૃતિમાં મહિલા સુધારકોમાં સાવિત્રીબાઈ ફુલે પ્રથમ ક્રાંતિકારી સુધારક વ્યક્તિત્વ હતું. પરંતુ ભારતમાં તો જાતિ અને ધર્મના આધારે વ્યક્તિ, સમુદાયની ઓળખ છે, એ પ્રમાણે તેઓનાં કાર્યોનું ઇતિહાસમાં સ્થાન નિશ્ચિત થાય છે. ભારતમાં નવજાગૃતિનો ઇતિહાસ મોટેભાગે ઉચ્ચવર્ગના ઇતિહાસકારો-વિદ્વાનોએ લખ્યો છે. તેઓએ આ યુગના ઉચ્ચવર્ગના સુધારકોની ખૂબ પ્રશંસા કરી છે, પરંતુ નિમ્નવર્ગના હોવાથી મહાત્મા જ્યોતિબા ફુલે અને સાવિત્રીબાઈ ફુલેના મહાન યોગદાનને ઉચ્ચવર્ગના

સુધારકોના પડછાયામાં ઢાંકી દીધું, પરંતુ છેલ્લા ત્રણ દાયકાથી આંબેડકરવાદી ઇતિહાસકારો-સાહિત્યકારોએ મહાત્મા જ્યોતિબા ફુલે અને સાવિત્રીબાઈ ફુલેનાં પ્રદાનનો ખૂબ પ્રસાર કર્યો. ભારતમાં આ યુગનાં અનેક સ્ત્રી સુધારકો થયાં, જેમ કે પંડિતા રમાબાઈ (23, એપ્રિલ 1858), સ્વર્ણકુમારી દેવી (1856), કાદંબિનીબાઈ ગાંગુલી, સરલાદેવી ઘોષાલ, કાશીબાઈ કાનિટકર, આનંદીબહેન જોષી, તારાબહેન શિંદે, મૅડમ ભિકાજી રુસ્તમજી કામા, ઍની બેસન્ટ, સરોજિની નાયક, મનોરમા મજુમદાર વગેરેએ સુધારણા પ્રવૃત્તિઓમાં ભૂમિકા ભજવી છે. પરંતુ 19મી સદીમાં નવજાગૃતિનું ક્રાંતિકારી નેતૃત્વનું નિર્માણ તો સાવિત્રીબાઈ ફુલેએ કર્યું હતું. આ યુગનાં સ્ત્રી-સુધારકોમાં તેઓ સૌ પ્રથમ હતાં.

મહારાષ્ટ્રના સતારાના નાયગાંવમાં 3 જાન્યુઆરી, 1831ના દિવસે જન્મ થયો હતો. તેમના પિતાનું નામ ખંડેજી નેવાસે પાટીલ હતું. સાવિત્રીબાઈ ફુલેના ૧૮૪૦માં જ્યોતિરાવ ફુલે સાથે લગ્ન થયાં. જ્યોતિરાવ ફુલેએ પશ્ચિમી શિક્ષણ લીધું હતું. તેઓ આ યુગની કુપ્રથાઓ અને અજ્ઞાનતાને દૂર કરવા ઇચ્છતા હતા. સામાજિક પરિવર્તનમાં સ્ત્રીશિક્ષણ જ ઉપયોગી છે, એવો દૃઢ વિશ્વાસ ધરાવતા હતા. તેઓએ સાવિત્રીબાઈ ફુલેને મિશનરીઓની શાળામાં અભ્યાસ અર્થે દાખલ કર્યા, પછી તેમણે અધ્યાપનની તાલીમ લીધી. સાવિત્રીબાઈ ફુલે પર નિગ્રો લોકોની ગુલામી સામે આંદોલન કરનારા ટોમસ ક્લાર્ક્સના ચરિત્રના વાંચનનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. વળી તેમના પતિ જ્યોતિરાવ ફુલે સામાજિક સુધારાના મોટા સમર્થક હતા. આમ સુધારાઓની કેળવણીથી તેમના ચરિત્રનું સિંચન થયું.

જે રીતે સામાજિક સુધારાઓની પ્રવૃત્તિઓમાં સાવિત્રીબાઈ ફુલેના માત્ર જ્યોતિરાવ ફુલેનાં પત્ની તરીકે જ ઉલ્લેખો છે, તે સાવિત્રીબાઈ ફુલેના મહાન ફાળાને સંકોરવા જેવું છે. ખરેખર તો જ્યોતિરાવ ફુલેની સુધારા-પ્રવૃત્તિઓમાં બંને પતિ-પત્નીનાં કાર્યો સિક્કાની બે બાજુ સમાન છે. સાવિત્રીબાઈ ફુલેના યોગદાનને સ્વીકારતા જ્યોતિરાવ ફુલેએ કહ્યું છે, ‘મારા જીવનમાં હું જે કંઈ પણ કરી શક્યો છું, તેમાં મારી પત્નીની ભૂમિકા રહી છે.’

**1. આધુનિક ભારતનાં પ્રથમ શિક્ષિકા :**

ભારતમાં સૌપ્રથમ ખ્રિસ્તી ધર્મપ્રચારકોએ 1810માં સ્ત્રીઓ માટે શાળા શરૂ કરી હતી. 1827માં હુગલીમાં (બંગાળ) 12 જેટલી શાળાઓ ખ્રિસ્તી મિશનરીઓએ શરૂ કરી હતી. 1824માં પુણેમાં મિશનરીઓએ શાળા શરૂ કરી હતી. ભારતમાં સંસ્કૃત પાઠશાળાઓ હતી, પરંતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉચ્ચવર્ગના જ ભણતા હતા. 1833માં પૂણેમાં સંસ્કૃત પાઠશાળા બ્રાહ્મણેતર જાતિઓ માટે ખુલ્લી મૂકવામાં આવી, તો તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. બીજી જાતિઓને મુંબઈની પાઠશાળામાં સંસ્કૃત ભણાવનાર ગંગાધર દીક્ષિત ફડકે (1820) પુણે આવ્યા, તો તેનો બહિષ્કાર કર્યો. આ પુરોહિતોના બહિષ્કારને કારણે તેઓને સંન્યાસી થવું પડ્યું હતું. ભારતમાં બ્રિટિશરોએ શિક્ષણમાં અંગ્રેજી ભાષાને સ્વીકારી તેનું એક કારણ પુરોહિતોનો સંસ્કૃત ભાષા પર પોતાનો ઇજારો સાચવવાનો હઠાગ્રહ પણ હતું. વળી આ યુગમાં પૂણે તો રૂઢ, પરંપરાવાદી પુરોહિતોનો ગઢ હતું.

સ્ત્રીઓ અને નિમ્નવર્ગોને સ્ત્રી દ્વારા શિક્ષણ આપવું એ પુણેમાં કઠિન કાર્ય હતું. આ વર્ગોના શિક્ષણના હક માટે સાવિત્રીબાઈ ફુલે અને મહાત્મા જ્યોતિરાવ ફુલે જીવન સમર્પિત કરવા તૈયાર જ હતાં.

સાવિત્રીબાઈ ફુલે સાચાં સુધારક-આંદોલનકારી હતા. તેમનું જીવન લોકહિત, લોકઉદ્ધાર, જનજાગૃતિ, સામાજિક ચેતના અને જનક્રાંતિની પ્રવૃતિઓમાં સક્રિય હતું.

આ યુગમાં શૂદ્રો (નિમ્નવર્ગ)માં શિક્ષણના અભાવે રૂઢ પરંપરાઓનો દૃષ્ટિકોણ હતો, તેથી તેઓ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને તિલાંજલિ આપતા હતા. શિક્ષણના અભાવે વિવેક નહોતો. શિક્ષણથી વ્યક્તિ વિવેકશીલ બને,

વિવેકવાદી સમાજનું નિર્માણ કરે, તેઓને વૈજ્ઞાનિક જ્ઞાન મળે, ત્યારે જ તે પ્રગતિ અને વિકાસ માટે કયાં વિચારો અને પ્રવૃત્તિઓ યોગ્ય છે, સાચી છે, એ સમજી શકે છે. નિરીક્ષણ, તર્ક, અનુમાન, પ્રયોગ દ્વારા અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાનો પર્દાફાસ કરે છે.

જ્યોતિરાવ ફુલે અને સાવિત્રીબાઈ ફુલેએ શિક્ષણના અભાવથી શૂદ્રોની જે અવદશા થઈ, તેનું વાસ્તવિક વર્ણન કર્યું છે. 'શિક્ષણના અભાવમાં બુદ્ધિ ગઈ; બુદ્ધિના અભાવમાં નીતિ ગઈ; નીતિના અભાવમાં ગતિ (પ્રગતિ) ગઈ; ગતિના અભાવમાં ધન ગયાં; અને ધનના અભાવમાં શૂદ્ર હતાશ થયા; ગુલામ થઈને રહ્યા; આટલો અનર્થ એકલા શિક્ષણના અભાવે થયો.' તેમના મતે નિમ્નવર્ગોની ગુલામીનું મૂળ શિક્ષણનો અભાવ જ હતું.

તેઓના મતે, 'સ્ત્રીઓ શિક્ષિત બનશે તો તેનાં સંતાનો પણ આપબળે શિક્ષિત અને સુસંસ્કૃત બનશે' તેઓએ પહેલી જાન્યુઆરી, 1848ના એવી પુણેમાં કન્યાશાળાની સ્થાપના કરી હતી. પરંતુ કટ્ટર પરંપરાવાદી પુરોહિતોના વિરોધને લીધે આ શાળા બંધ કરવી પડી હતી. પરંતુ આ ક્રાંતિકારી દંપતી તો કબીરના મહાન વિચાર 'કબીર ખડા બાજાર મેં, લિયે લુકાઠી હાથ; જો ઘર જારૈ આપના, ચલે હમારા સાથ'નો મર્મ સમજનારાં હતા. આ દંપતીએ પુરોહિતોના વિરોધ સામે સિંહગર્જના કરતા કહ્યું હતું કે; 'મને મોત મળે તો ભલે મળે, પરંતુ સ્ત્રીશિક્ષણનું કાર્ય છોડીશું નહિ.'

ભારતમાં સ્ત્રીશિક્ષણના દ્વાર આ ફુલે દંપતીએ ખોલી દીધાં. દેશમાં આ યુગમાં સૌ પ્રથમ સાવિત્રીબાઈ ફુલેનો શિક્ષિકા તરીકે પ્રવેશ થયો. આ પ્રસંગ દેશના નવજાગૃતિના ઇતિહાસમાં ક્રાંતિકારી હતો. સ્ત્રી મનુષ્યમાં સૌથી મહાન છે, તે જન્મદાત્રી છે અને મહાન જ્ઞાનદાત્રી પણ છે. કન્યાશાળાનાં શિક્ષિકા અને આચાર્ય પણ તેઓ હતાં. કન્યાઓને ભણાવનારા સાવિત્રીબાઈને અનેક યાતના, અપમાનો સહન કરવાં પડ્યાં હતાં. પાખંડી અને પોગાપંથી લોકો સાવિત્રીબાઈ શાળાએ જતાં ત્યારે તેઓને અપશબ્દો કહેતા, તેઓ પર ગંદકી અને પથ્થરો ફેંકતા. સાવિત્રીબાઈ પોતાના પવિત્ર કર્તવ્ય પ્રત્યે ડગે એવા નહોતા; પથ્થરો ફેંકતા પાખંડીઓને તેઓ કહેતાં કે; 'મારા ભાઈઓ મને પ્રોત્સાહિત કરવા તમે મારા પર પથ્થરોની નહિ, ફૂલોની વર્ષા કરો છો, તમારું આ કૃત્ય મને બોધ આપે છે કે, હું નિરંતર આપણી બહેનોની સેવા કરતી રહું, ઈશ્વર તમને સુખી રાખે.'

આ કન્યાશાળામાં પહેલા દિવસે આઠ કન્યાઓએ પ્રવેશ લીધો હતો. આ દિવસ એ સ્ત્રીઓ પ્રત્યેની અસમાનતા, ક્રૂરતાઓના બહિષ્કારનો દિવસ હતો. તેનું સંપૂર્ણ શ્રેય આમૂલ પરિવર્તનવાદી સાવિત્રીબાઈ ફુલેને પ્રાપ્ત થયું છે. દેશની મહિલાઓને શિક્ષિત કરવાના ક્રાંતિકારી કાર્યનો તેઓએ વધુ વિસ્તાર કર્યો. 3 જુલાઈ, 1851; 17 સપ્ટેમ્બર, 1851; 15 માર્ચ, 1852માં શાળાઓ શરૂ કરી. આમ, 18 જેટલી શાળાઓની ફુલે દંપતીએ સ્થાપના કરી હતી.

**2. શૂદ્રો-અતિશૂદ્રોની પ્રથમ શાળાનાં શિક્ષિકા :**

સાવિત્રીબાઈ ફુલે માનતાં હતાં કે, 'અજ્ઞાન, લાચારી અને પાખંડના ચક્રમાં ફસાયેલા શૂદ્ર-અતિશૂદ્રોમાં શિક્ષણની જાગૃતિ આવશે.' તેઓ કહેતાં હતાં કે, 'સ્પૃશ્ય અને અસ્પૃશ્ય જેવા ભેદભાવ રાખવા એ તો મૂર્ખતા છે; ઊંચી જાતિ અને નીચી જાતિ એ ઈશ્વરનું સર્જન નથી; સ્વાર્થી લોકોએ પોતાની શ્રેષ્ઠતાને સાચવી રાખવા, તેના દ્વારા પોતાના વંશજોનાં હિતોનું રક્ષણ કરવા માટેનું આ પાખંડી તત્ત્વજ્ઞાન છે.' તેઓ ભારતનાં પરાજયો અને અધોગતિમાં જાતિભેદને ગણતાં હતાં. તેઓના મતે, 'હજારો વર્ષથી ઊંચી જાતિના લોકોએ શૂદ્રો-અતિશૂદ્રો (પછાતવર્ગો)ને જ્ઞાન, સંપત્તિ અને સત્તાથી વંચિત કરી દીધા છે, એટલે જ તો વિદેશીઓએ આપણા દેશ પર આક્રમણો કરીને ઊંચી જાતિઓને પરાજયો આપ્યા હતા.'

3 જુલાઈ, 1851ના દિવસે નિમ્નવર્ગ માટેની શાળા શરૂ કરી હતી. અણ્ણાસાહેબ વાસુદેવ ચિપલૂણકર મકાનમાં બુધવારપેઠ નામના સ્થળે શરૂ કરી. આ શાળાના આચાર્ય સાવિત્રીબાઈ ફુલે હતાં. નિમ્નવર્ગની શાળામાં ફાતિમા શેખ, સગુણાબાઈએ પણ શિક્ષિકા તરીકે સેવાઓ આપી હતી.

સાવિત્રીબાઈએ શોષિતવર્ગોને શિક્ષણ માટે જાગ્રત થવા આહ્વાન કર્યું; 'ઊઠો, બંધુઓ, અતિશૂદ્રો જાગ્રત હો ઊઠો; પરંપરાઓની ગુલામીને નષ્ટ કરવા માટે ઊઠો; શિક્ષણને માટે ઊઠો જાગો.' શૂદ્રો-અતિશૂદ્રોમાં જે અજ્ઞાનતા છે, એ જ તેનો સૌથી મોટો શત્રુ છે, એમ માનતાં હતાં. 'અજ્ઞાન' કવિતામાં કહે છે; 'માત્ર એક જ શત્રુ છે, આપણે સાથે મળીને તેને બહાર કાઢીએ, એ સિવાય બીજો કોઈ આપણો શત્રુ નથી, એ દુષ્ટનું, શત્રુનું નામ તમે બધા સાંભળો, તે છે 'અજ્ઞાન'.

1852માં આ દંપતીએ નિમ્નવર્ગના બાળકો માટે સૌપ્રથમ પુસ્તકાલય શરૂ કર્યું હતું. આ પુસ્તકાલયમાં તેઓ પુસ્તકો વાંચતા અને શૂદ્રો-અતિશૂદ્રોને ગ્રંથો વાંચવાની પ્રેરણા આપતા હતા. સાવિત્રીબાઈના ક્રાંતિકારી કાર્યને લીધે અતિશૂદ્રોમાં અધિકાર માટેની જાગૃતિ આવી હતી. આ શાળામાં ભણેલી 14 વર્ષની માતંગ સમુદાયની કન્યાએ એક નિબંધમાં લખ્યું કે, 'પુરોહિતો કહે છે કે વેદ અમારા વંજોની સંપત્તિ છે, એ અમે જ વાંચીશું, એટલે કે (અતિશૂદ્રો) અમારો કોઈ ધર્મગ્રંથ નથી. જો વેદ પુરોહિતોનો છે, એ અનુસાર વર્તન કરવું જોઈએ.' અતિશૂદ્રોમાં માનવીય અધિકારો માટેની ચેતના આવી. સાવિત્રીબાઈ રજાઈઓ સીવીને પણ અતિશૂદ્રોનાં બાળકોને ભણાવતાં હતાં.

સાવિત્રીબાઈએ પાખંડો અને પરંપરાઓ સામે પડકાર ફેંક્યો હતો. પુરોહિતોએ કર્મકાંડો, ધર્મગ્રંથોનો ફાસલો રચીને સ્ત્રીઓ અને અતિશૂદ્રોને ફસાવ્યાં હતાં, તેઓને માટે જ્ઞાનનો અને ગુલામીમાંથી મુક્તિનો માર્ગ ખોલી આપ્યો હતો.

**3. બાળહત્યા પ્રતિબંધક ગૃહની સ્થાપના અને સેવા પ્રવૃત્તિઓ :**

ભારતમાં આ સમયે વિધવા સ્ત્રીઓનું ભારે શોષણ અને અપમાનિત જીવન હતું. બંગાળમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહારાષ્ટ્રમાં વિષ્ણુશાસ્ત્રી બાપટ અને બીજા સુધારકોએ વિધવા સ્ત્રીઓના ઉદ્ધાર માટેની પ્રવૃત્તિઓ કરી હતી. બ્રિટિશ સરકારે 25 જુલાઈ, 1859ના રોજ વિધવાવિવાહ કાયદો પણ કર્યો હતો. છતાંય વિધવા સ્ત્રીઓની સ્થિતિમાં બહુ સુધારો થયો નહિ. ઉચ્ચજાતિઓમાં વિધવા સ્ત્રીઓનું જાતીય શોષણ થતું, પરિવાર અને જ્ઞાતિની પ્રતિષ્ઠા માટે વિધવાઓની હત્યા થતી, વિધવાઓ આત્મહત્યાઓ કરતી, ભ્રૂણહત્યાઓ થતી હતી.

મહાત્મા જ્યોતિરાવ ફુલે અને સાવિત્રીબાઈ ફુલેએ વિધવા વિવાહનું સમર્થન કર્યું, એક વિધવા મહિલાના માર્ચ 8, 1860ના રોજ પુનર્વિવાહ કરાવ્યા હતા. 1863માં પૂણેમાં બાળહત્યા પ્રતિબંધક ગૃહની સ્થાપના કરી હતી. આ ગૃહની પોસ્ટરો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. કોઈ પણ વિધવા ગર્ભવતી આ ગૃહમાં બાળકને જન્મ આપી શકતી. તેનું નામ ગુપ્ત રાખવાની બાંહેધરી આપી હતી. વિધવા સ્ત્રી બાળકને પોતાની સાથે રાખી શકતી, એમ ન ઇચ્છે તો એ બાળકોને અનાથાશ્રમમાં રાખી તેનું ભરણપોષણ કરવાની જવાબદારી આ દંપતીએ લીધી હતી. આ ગૃહમાં મુખ્ય ભૂમિકા સાવિત્રીબાઈ ફુલેની રહી હતી. વિધવા સ્ત્રીઓ (ઉચ્ચજાતિની સ્ત્રીઓ)-ને જીવનદાન આપવાનું આ પ્રથમ ક્રાંતિકારી પગલું હતું. આ યુગમાં ઉચ્ચજાતિના ઘણા સુધારકો હતા પરંતુ વિધવા સ્ત્રીઓ અવૈધ સંતાનોને ગુપ્ત રીતે જન્મ આપવા આશ્રમમાં આવે, એ ઘટનાને વ્યવહારિક રૂપ આપવામાં ફુલે દંપતીને સફળતા મળી હતી. તેઓના માનવતાપૂર્ણ કાર્યમાંથી અનેક મહિલા-સુધારકોએ પ્રેરણા મેળવી, સંસ્થાઓ સ્થાપી, વિધવા મહિલાઓની સેવાઓ કરી છે.

**4. સત્યશોધક સમાજમાં સાવિત્રીબાઈ ફુલેની ભૂમિકા :**

24 સપ્ટેમ્બર, 1873ના રોજ ફુલે દંપતીએ સત્યશોધક સમાજની સ્થાપના કરી. 'સત્યમેવ જયતે' સંસ્થાના વિચારોનું કેન્દ્ર રહ્યું. દરેક ધર્મ અને જાતિનાં લોકો આ સંસ્થામાં જોડાયાં. પ્રારંભમાં 60 સભ્યો હતાં. પછીથી મહારાષ્ટ્ર અને ભારતમાં તેના વિચારો અને પ્રવૃત્તિઓનો પ્રચાર થયો.

સત્યશોધક સમાજનાં સભ્યોની દર અઠવાડિયે સભા મળતી. સભ્યોએ કેટલાંક આચરણોનું અચૂક પાલન કરવાનું રહેતું. શિક્ષિત હોવું, દારૂનું વ્યસન નહિ, સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરવો અને પ્રતિજ્ઞાપાલન કરવું, જેમ કે, 'હું સત્યરૂપી પરમેશ્વરની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે, બધા જ મનુષ્ય એક જ ઈશ્વરનાં સંતાનો છે, તેથી તેઓ મારા ભાઈઓ છે; હું પરમેશ્વરની ભક્તિ કે ધ્યાન કરવામાં કોઈ વચેટિયાની જરૂરને સ્વીકારતો નથી, હું મારાં બાળકોને સુશિક્ષિત કરીશ.'

આ સંસ્થાના સત્યશોધકોની વિચારપ્રણાલી સંત કબીર, સંત તુકારામ, સંત નામદેવ, સંત એકનાથના વિચારોમાંથી સ્વીકારી હતી. એ સત્યશોધકોના વિચારોના પ્રાણતત્ત્વ કેટલાક વિચારકો હતા. થોમસપેન, ફ્રૅંકલિન, જ્યૉર્જ વોશિંગ્ટન, લાફાયતેના માનવઅધિકાર, સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ન્યાયના વિચારોથી પ્રભાવિત હોવાથી 'સત્યશોધક સમાજ'ની પ્રવૃત્તિઓમાં આ વિચારોનું ઊંચું સ્થાન રહ્યું છે.

તેઓ માનતા હતા કે, મનુષ્યની એકતા એક શ્રેષ્ઠ સત્ય છે, સત્યનો નાશ ધર્માભિમાનથી થાય છે. ધર્માભિમાનને લીધે માનવજાતિને મોટું નુકસાન થયું છે. તેઓએ ધર્મભેદ અને રાષ્ટ્રભેદની વિરુદ્ધમાં 'મહાન સત્ય'નો પ્રચાર કર્યો. બધાં જ સ્ત્રી-પુરુષો એકસમાન છે. એક સમૂહ (જાતિ) બીજા સમૂહ (જાતિ) પર બળજબરીથી અધિકાર સ્થાપી શકે નહિ. રાજકીય કે ધાર્મિક વિચારોથી કોઈ મનુષ્યને ઊંચ કે નીચ કહી શકાય નહિ. બધા જ મનુષ્યોને ઐહિક જીવન અને સાધનોનો યથોચિત ઉપભોગ કરવાનો સમાન અધિકાર છે. કૃષિકર્મ, કલાકૌશલ્યના કર્મથી પણ મનુષ્ય મહાન જ છે. વસ્તુઓનું ઉત્પાદન કરવું એ તો મનુષ્યનું કર્તવ્ય છે. તેના દ્વારા એકબીજાની મદદ થાય છે, એ જ શ્રેષ્ઠ ધર્મ છે.

સત્યશોધકોના મત પ્રમાણે ઈશ્વરને ભજન, નામસ્મરણ અને જપની જરૂર નથી. ઈશ્વરે કોઈ ધર્મગ્રંથની રચના કરી નથી, ઈશ્વર અવતારધારી નથી, ઈશ્વર સાધુ-સંતોને દર્શન કે ઉપદેશ આપતો નથી. શુદ્ધ સત્ય એ માત્ર માનવવિવેકબુદ્ધિમાંથી મળે છે. તેથી મનુષ્યએ પરલોક, પુનર્જન્મ, સ્વર્ગ-નરક, મોક્ષ એ ઈશ્વરદર્શન માટેના પ્રયત્નો કરવા નહિ. ઈશ્વર કોઈનું કલ્યાણ કરતો નથી અને નાશ પણ કરતો નથી. સત્યશોધકોનું આ આંદોલન ધાર્મિક બિલકુલ નહોતું. તેઓએ દેશમાં બંધુતા, સમાનતા અને સ્વતંત્રતાના વિચારોનો પ્રચાર કર્યો.

તેઓના માનવતાવાદી અને ગુલામી મુક્તિના મહાનકાર્યને લોકોએ સમ્માન આપ્યું. 11 મે, 1888ના રોજ જ્યોતિરાવ ફુલેને 'મહાત્મા'નું બિરુદ આપવામાં આવ્યું. બંધુતા, સમાનતા, ન્યાય માટેના અધિકારો માટે જીવન સમર્પિત કરનારાઓમાં મહાત્મા બુદ્ધ પછીના 'મહાત્મા જ્યોતિબા ફુલે' હતા.

સત્યશોધક સમાજની પ્રવૃત્તિઓમાં જ્યોતિરાવ ફુલેની સાથે સાવિત્રીબાઈ પણ મદદ કરતાં હતાં. પરંતુ મહાત્મા જ્યોતિબા ફુલેના મૃત્યુ પછી 1891 થી 1897 સુધી સત્યશોધક સમાજનું કાર્ય સાવિત્રીબાઈ ફુલેએ સંભાળ્યું હતું. મહાત્મા જ્યોતિબા ફુલેના મૃત્યુ સમયે (1891) મહાધર પાટીલે કહ્યું હતું કે, 'આજ જ્યોતિબા ફુલે નથી, તેઓનું કાર્ય સાવિત્રીબાઈએ સંભાળ્યું છે, પરંતુ હવેથી સત્યશોધક સમાજની સંપૂર્ણ જવાબદારી તેમણે (સાવિત્રીબાઈએ) સંભાળી છે.'

તેઓએ અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને ધાર્મિક કર્મકાંડોની ગુલામીમાંથી લોકોને મુક્તિ મળે; શાહુકારો, જમીનદારોની ગુલામીમાંથી ખેડૂતોને મુક્તિ મળે અને

દેશમાં તમામ જાતિઓનાં સ્ત્રી-પુરુષોને શિક્ષણ પ્રાપ્ત થાય એવી પ્રવૃત્તિઓ કરી હતી.

સાવિત્રાબાઈ ફુલેની સ્ત્રીઉદ્ધાર અને દલિતોદ્ધારની પ્રવૃત્તિઓમાંથી અનેક મહિલા સુધારકો થયાં. જેમ કે આનંદીબાઈ ગોપાલ જોષી, પંડિતા રમાબાઈ, તારાબાઈ શિંદે, રમાબાઈ રાનડે, કાશીભાઈ કાનિટકર, આનંદીબાઈ કર્વે, કૃષ્ણાબાઈ કેવલકર, રાધાબાઈ કૃષ્ણરાવ કેવલકર વગેરે.

પુરોહિતવાદીઓના કર્મકાંડને ફેંકી દેવા માટે ફુલે દંપતીએ 'સત્યશોધક વિવાહ' પદ્ધતિનો પ્રારંભ કર્યો. આ પદ્ધતિમાં પુરોહિતને બદલે કોઈ પણ વ્યક્તિ 'મંગલાષ્ટક' સંભળાવીને વિવાહ કરાવી શકે છે. સત્યશોધક વિવાહપદ્ધતિનો અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિએ 'સત્યશોધક બચત વિવાહ' તરીકે પ્રચાર કર્યો છે. મહાત્મા જ્યોતિબા ફુલે અને સાવિત્રીબાઈ ફુલેની પ્રતિમા સામે વર-વહુનાં માતાપિતાનું ફૂલોથી સન્માન કરવામાં આવે છે.

19મી સદીના સુધારકોમાં સાવિત્રીબાઈ ફુલે પ્રથમ ક્રાંતિકારી મહિલા-સુધારક હતાં. તે આ યુગનાં શ્રેષ્ઠ શિક્ષિકા, નિઃસ્વાર્થી સમાજસુધારક, શૂદ્રો-અતિશૂદ્રો અને મહિલાઓના અધિકાર આંદોલનનાં એક મહાન અગ્ર સુધારક નેતા હતાં.

ફુલવંતાબાઈ ઝોડગેના મતે, 'ભારતની મહિલાઓમાં સાવિત્રીબાઈ ફુલે પ્રથમ શિક્ષિત મહિલા, પ્રથમ શિક્ષિકા, પ્રથમ મહિલા-સુધારક, અસ્પૃશ્યતાનો વિરોધ કરનાર પ્રથમ મહિલા કર્તા છે; તેઓએ આ આચાર-વિચારોની એક મહાન પરંપરા શરૂ કરી છે.' તેઓ ક્રાંતિકારી વિચારોનો કવિતા રૂપે પણ પ્રચાર કરતા હતા. 1854માં 'કાવ્ય ફુલે' નામનો કવિતાસંગ્રહ પ્રકાશિત થયો હતો.

સામાજિક નવજાગૃતિના મહાન પ્રબોધન-વ્યક્તિત્વએ 10 માર્ચ 1897ના વિદાય લીધી.

**સંદર્ભકલા :**


1. શહા, મુ.બ ; મહાત્મા જ્યોતિબા ફુલે, રાધાકૃષ્ણ, ન્યૂ દિલ્હી, 2009
2. નામદેવ; જ્યોતિબા, રાષ્ટ્રીય પુસ્તક ન્યાસ, દિલ્હી, 2017
3. નરકે, હરિ; મહાત્મા ફુલે; સાહિત્ય ઔર વિચાર, ઉચ્ચ વ તંત્રશિક્ષા વિભાગ, મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ, 1993
4. શહારે; મ.લા ; નલિની અનિલ; ડૉ. બાબાસાહેબ આંબેડકર કી સંઘર્ષયાત્રા એવમ્ સંદેશ, સેગમેંટ બુક્સ, ન્યૂ દિલ્હી, 1993
5. રાધા કુમાર; સ્ત્રી સંઘર્ષ કા ઇતિહાસ, વાણી પ્રકાશ, ન્યૂ દિલ્હી, 2005
6. હાલદાર, મોહિતકુમાર, ભારતીય નવ જાગરણ ઔર પુનરુત્થાનવાદી ચેતના, ગ્રંથશિલ્પી, ન્યૂ દિલ્હી, 2000
7. દાભોલકર, નરેન્દ્ર; અંધવિશ્વાસ ઉન્મૂલન, ભાગ-2, રાજકમલ પ્રકાશન, ન્યૂ દિલ્હી, 2015


•

સફળતા ત્યારે જ મળે છે જ્યારે કલ્પનાના માળખામાં કર્મના રંગ ભરાય.

•

દુનિયામાં જો કોઈ સદ્ગુણ હોય અને તેને મેળવવાનું આપણું લક્ષ્ય હોય તો તે મનની પ્રસન્નતા છે.

•

કારણ વગર કરેલા ગુસ્સાથી હંમેશા જ્ઞાનનો પ્રકાશ બુઝાઈ જાય છે.

•

નિષ્ફળતા હંમેશા પ્રયાસ બંધ કરી દેવાનું પરિણામ હોય છે.

# 'ભારતમાં વસ્તીવધારો : આધુનિક સમયની એક વિકટ સમસ્યા'

– ડૉ. બાદર કુરેશી*

**ટૂંકસાર :**

પ્રસ્તુત સંશોધનપેપરમાં આપણા દેશના વિકાસમાં અવરોધક અનેક સમસ્યાઓમાંથી ખૂબ મહત્ત્વની અને આધુનિક સમયની વિકટ એવી વસ્તીવૃદ્ધિની સમસ્યાને જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વસ્તીવૃદ્ધિની સ્થિતિ આપણા દેશમાં કેવી છે ? તેનું કદ શું છે ? કઈ દિશા તરફ જઈ રહ્યું છે ? આ વસ્તીમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ તથા આપણા દેશની ઝડપથી વધતી આ વસ્તી વધારા પાછળનાં જવાબદાર કારણો કયાં છે ? વસ્તી વધવાને કારણે ઉદ્‌ભવતી સમસ્યાઓ કઈ-કઈ છે ? અને ભવિષ્યમાં કઈ નવી સમસ્યાઓ પેદા થાય તેમ છે ? તથા તે સમસ્યાનું સમાધાન શું હોઈ શકે ? વગેરે જાણવાનો પ્રયાસ આ અભ્યાસ દરમ્યાન કરવામાં આવ્યો છે. ઉપરોક્ત બાબતોના વિવિધતાસભર આંકડાઓ દ્વારા તથા વસ્તી શાસ્ત્રીય નિષ્ણાંતોના મત દ્વારા ભારતના વસ્તીવધારાને - આધુનિક સમયની એક વિકટ સમસ્યા તરીકે જાણવાનો પ્રયાસ કર્યો છે.

**Key Words :** ભારત, વસ્તીવધારો, આધુનિક સમય, સમસ્યા, સમાધાન.

**પ્રસ્તાવના :**

પૃથ્વી પર માનવવસવાટનો ઉદ્‌ભવ થયો ત્યારથી માનવવસ્તીની વૃદ્ધિ ઉત્તરોત્તર થતી જ રહી છે. વિશ્વની વસ્તીમાં થઈ રહેલા સતત વધારાને કારણે વિશ્વની વસ્તી 700 કરોડ ઉપરાંત થઈ ગઈ છે. આ જ રીતે વૃદ્ધિ ચાલુ રહેશે તો વિશ્વની વસ્તી કઈ ઊંચાઈઓને આંબશે તેની કલ્પના કરવી ખૂબ જરૂરી છે. વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ચીન અને બીજા નંબરે ભારત છે. વિશ્વમાં કોઈ પણ દેશ કરતાં સૌથી ઊંચો વસ્તીવધારાનો દર કેન્યામાં છે. ત્યાંની વસ્તી દર વર્ષે સવાચાર ટકાના દરે વધતી હોવાથી કેન્યાની વસ્તી કૂદકે ને ભૂસકે વધી રહી છે. વિશ્વમાં એક સેકન્ડે 4.5 બાળકો જન્મે છે અને 1.5 કુલ મૃત્યુ થાય છે. આમ, વિશ્વમાં એક સેકન્ડે 3 બાળકો ઉમેરાય છે અને વિશ્વમાં દર 12 વર્ષે 100 કરોડની જંગી માનવવસ્તી વધે છે. આ દરે વસ્તીવૃદ્ધિ થતી રહેશે તો આ પૃથ્વી આવતા દિવસોમાં ઘણી નાની પડશે.

21મી સદીના માનવજીવનની અનેકવિધ સમસ્યાઓમાં વસ્તીવિસ્ફોટ સૌથી વધુ ચિંતાજનક અને વિધાયક છે. વસ્તીવધારો એક વૈશ્વિક સમસ્યા છે. વસ્તી- વિસ્ફોટ એ કોઈ એક દેશની નહિ પણ આખા વિશ્વની વિકટ સમસ્યા બની ગઈ છે. એમાંય ભારત જેવા ઝડપી વસ્તીવૃદ્ધિવાળા દેશો માટે એ ખૂબ જ ગંભીર સમસ્યાઓ ઉભી કરી શકે તેમ છે. ભારત એક વિકસતો દેશ છે. દેશ પાસે આર્થિક સાધનો મર્યાદિત છે જ્યારે વસ્તી વધારો વિસ્ફોટક દરથી થતો રહ્યો છે. આ વસ્તી વધારો દેશના વિકાસના પ્રયત્નોને નિષ્ફળ બનાવે છે. આમ વસ્તીવધારો એ દેશની પડકારરૂપ સમસ્યા બની રહી છે, આ વસ્તીવધારાની સમસ્યા અણુબૉમ્બ કરતાંય વિશેષ ખતરનાક છે. તે માનવવિકાસ માટે જ નહિ પરંતુ માનવીના અસ્તિત્વ સામે પણ અંતરાયરૂપ બની છે.

ભારતમાં વસ્તીનું કદ અત્યંત વિશાળ છે અને તે ઝડપથી વધતું રહ્યું છે. 1921 સુધી વસ્તીવધારાની ઝડપ ઓછી હતી પરંતુ, ત્યારબાદ વસ્તી તીવ્ર ગતિએ વધતી રહી છે. સ્વાતંત્ર્ય બાદ વસ્તીના કદમાં વિસ્ફોટક વધારો થયો છે. ભારતને સ્વાતંત્ર્ય મળ્યું ત્યારે વસ્તીનું જે કદ હતું, એનાથી ત્રણ ગણા કરતાં પણ વધુ વસ્તીવૃદ્ધિ સ્વાતંત્ર્ય પછીના આ છ દાયકા દરમ્યાન થઈ છે. સ્વાતંત્ર્ય બાદ વસ્તીવૃદ્ધિના પ્રવાહો જોતાં સ્પષ્ટ થાય છે કે ભારતમાં

* અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. મો. ૯૯૭૯૭ ૪૧૫૪૭, E-mail : bykureshi@gmail.com

દરેક દાયકે વસ્તીમાં ગંજાવર વધારો થઈ રહ્યો છે. વસ્તીની ગીચતા પણ ઝડપથી વધી રહી છે. આના પરિણામે દેશના વિકાસની પ્રક્રિયા પર વિપરીત અસરો પડી છે. દેશની સ્વતંત્રતાનાં 68 વર્ષો બાદ આજે પણ ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, અપૂરતાં રહેઠાણો અને ગંદા વસવાટો, જન્મદરનું ઊંચું પ્રમાણ, નીચું જીવનધોરણ, ભિક્ષાવૃત્તિ, વેશ્યાવૃત્તિ તથા અનેક ગુના-ખોરીઓ, ભ્રષ્ટાચાર, પ્રદૂષણ વગેરે અનેક સમસ્યાઓએ આપણા દેશ સામે નવા પડકારો ઊભા કર્યા છે.

**અભ્યાસના હેતુઓ :**

1) ભારતમાં વસ્તીનું કદ જાણવું,
2) સમયે-સમયે થયેલ વસ્તીવૃદ્ધિ જાણવી,
3) વસ્તીવધારાનાં કારણો જાણવા,
4) દેશમાં વસ્તીવધારાથી ઊભી થયેલ સમસ્યાઓ જાણવી.

**ભારતમાં વસ્તીવૃદ્ધિ :**

ભારતમાં દર દસ વર્ષે આખા દેશના તમામ લોકોની ગણતરી કરવામાં આવે છે જેને દસવાર્ષિક વસ્તી ગણતરી- સેન્સસ તરીકે ઓળખવામાં આવે છે. ઈ.સ. 1871માં સૌપ્રથમ વસ્તીગણતરી કરવામાં આવી ત્યારે દેશની વસ્તી 206 મિલિયન હતી, જો કે આ પ્રથમ વસ્તીગણતરી બહુ વ્યવસ્થિત નહોતી. ત્યારબાદ 1881માં બીજી દસવાર્ષિક વસ્તીગણતરી કરવામાં આવી. આ બીજી વસ્તીગણતરીના આંકડા અનુસાર વસ્તી 256 મિલિયન હતી, પરંતુ આ બંને ગણતરીમાં વસ્તીના ચોક્કસ આંકડા કરતાં અંદાજો પર વધુ આધાર રાખવામાં આવતો હતો. 1891થી સંપૂર્ણપણે દસવાર્ષિક વસ્તીગણતરીનું કામ વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવ્યું અને ત્યારથી પ્રત્યેક દસ વર્ષે દેશની સંપૂર્ણ વસ્તીગણતરી કરવામાં આવે છે. વિશ્વને સૌપ્રથમ વસ્તીગણતરી અંગેનો ખ્યાલ આપનાર દેશ ચીન છે. કેનેડિયન એનસાયક્લોપીડીયા જણાવે છે કે ચીને 4000 વર્ષ પૂર્વે સૌપ્રથમ પોતાના દેશની વસ્તીગણતરી કરાવી હતી, ત્યારબાદ સમય જતાં જે તે દેશના વિકાસ માટેનાં આયોજનોમાં વસ્તીગણતરી એક મહત્ત્વનું પરિબળ જણાતાં ધીમે ધીમે વિશ્વના દરેક દેશોએ વસ્તીગણતરીનાં કાર્યો હાથ ધર્યા છે.

આપણા દેશની વસ્તીની વાત કરીએ તો દેશમાં સતત વસ્તી-વિસ્ફોટની પરિસ્થિતિ જોવા મળે છે. ભારતમાં ઈ.સ. 1901માં વસ્તી 23.68 કરોડ હતી, તે એક સદી બાદ એટલે કે ઈ.સ. 2001માં 102.70 થઈ, જ્યારે છેલ્લી વસ્તીગણતરી 2011 મુજબ વસ્તી 121 કરોડ ઉપરાંત થઈ ગઈ છે. (આ વસ્તીગણતરી સેન્સસ 2011 ભારતની 15મી અને આઝાદી પછીની 7મી રાષ્ટ્રીય વસ્તીગણતરી છે.) જે આંકડા ભારતમાં થઈ રહેલા વસ્તીવધારાનો ઉલ્લેખ કરે છે.

ભારત વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં બીજા ક્રમે છે જ્યારે પ્રથમ ક્રમે ચીન છે. છેલ્લી વસ્તીગણતરી 2011 મુજબ ભારતની વસ્તી 121 કરોડ ઉપરાંત છે, જ્યારે ચીનની વસ્તી 136 કરોડ, પરંતુ વસ્તીશાસ્ત્રીય નિષ્ણાતોના મત મુજબ - 2035માં ભારતની વસ્તી 18 કરોડ વધીને 139 કરોડની થઈ જશે જેની સામે ચીનની વસ્તી 5 કરોડ ઘટીને 131 કરોડ થઈ જશે ત્યારે આપણો દેશ વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે.

આપણા દેશની વસ્તી વધવા પાછળ અનેક પરિબળો જવાબદાર રહ્યાં હશે, જેની ચર્ચા હવે પછી આગળ કરવામાં આવશે. પરંતુ અત્રે આ વસ્તીની સ્થિતિ કયા સમયે કેટલી રહી તે જોવા માટે નીચે આપેલ સારણીમાં છેલ્લી સદીના એટલે કે ઈ.સ. 1911 થી 2011ની છેલ્લી વસ્તીગણતરી દેશમાં થઈ ત્યાં સુધીના ભારતીય વસ્તીના આંકડા આપવામાં આવ્યા છે. સારણી પરથી જુદા જુદા દાયકે ભારતની વસ્તીમાં કેટલા ફેરફાર અને કેટલી વૃદ્ધિ થઈ ? વગેરે સ્પષ્ટ થશે.

## સારણી નં. 1
## ભારતમાં વસ્તીવૃદ્ધિ
## (ઈ.સ. 1911 થી 2011 - છેલ્લી સદી)

| વસ્તીગણતરીનું વર્ષ (કૉલમ-1) | વસ્તી (કરોડમાં) (કૉલમ-2) | દસવાર્ષિક વધ-ઘટ (ટકામાં) (કૉલમ-3) |
|---|---|---|
| 1911 | 25.20 | +5.73 |
| 1921 | 25.12 | -0.30 |
| 1931 | 27.89 | +11.00 |
| 1941 | 31.86 | +14.23 |
| 1951 | 36.10 | +13.31 |
| 1961 | 43.72 | +21.64 |
| 1971 | 54.82 | +24.80 |
| 1981 | 68.52 | +24.66 |
| 1991 | 84.63 | +23.50 |
| 2001 | 102.70 | +21.34 |
| 2011 | 121.02 | +17.64 |

**સ્રોત : (ભારત રજિસ્ટ્રાર જનરલ એસ.આર.એસ. બુલેટીન, ૨૦૧૧ - યોજના, પૃ. ૩૯, જુલાઈ ૨૦૧૧)**

ઉપરોક્ત સારણી નં. 1ની કૉલમ નં. 2માં વસ્તીના આંકડા કરોડમાં આપવામાં આવ્યા છે અને કૉલમ નં.3માં વસ્તીના કદમાં દસવાર્ષિક (ટકામાં) વધારો કેટલો થયો તે દર્શાવવામાં આવે છે.

ઉપરોક્ત સારણીના આંકડાઓ પરથી જાણવા મળે છે કે, 1901માં માત્ર 23.83 કરોડની વસ્તી હતી, જે 50 વર્ષે 1951માં લગભગ દોઢ ગણી થઈને 36.10 કરોડ થઈ. ત્યારબાદના 50 વર્ષે એટલે કે 21મી સદીના પ્રારંભે 2001માં આ વસ્તી લગભગ ત્રણ ગણી થઈ અને છેલ્લી વસ્તીગણતરી મુજબ 2011માં તે 121.02 કરોડ થઈ.

1921 પછી ભારતના વસ્તીવૃદ્ધિના દરમા નવો વળાંક જણાયો હતો. કારણ કે ત્યારબાદ દેશની વસ્તીમાં એકધારો વસ્તીવધારો થતો રહ્યો છે. આથી જ વસ્તીવૃદ્ધિની દૃષ્ટિએ 1921ના વર્ષને ‘મહાન વિભાજક વર્ષ’ તરીકે ઓળખવામાં આવે છે.

ભારતની વસ્તી એટલી બધી છે કે ફક્ત બે રાજ્યો (1) ઉત્તર પ્રદેશ (19,95,81,477) અને (2) મહારાષ્ટ્ર (11,32,72,972) મળી, 31,19,54,449 વસ્તી, અમેરિકા જેવા મહત્ત્વના વિકાસશીલ દેશ કરતાં પણ વધુ છે.

વિશ્વની વસ્તીમાં 17.5% હિસ્સા સાથે ભારત દ્વિતિય ક્રમે છે. જ્યારે 19.4% હિસ્સા સાથે ચીન વિશ્વમાં પ્રથમ સ્થાને છે. પરંતુ ભારતની વસ્તી આ પ્રમાણે સતત વધતી રહેશે તો વસ્તીશાસ્ત્રીય નિષ્ણાતોના મત મુજબ 2035માં જ ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે.

www.**india**onlinepages.com/**population**/**india-**
current-**population**.html

**સ્વતંત્રતા બાદ વસ્તીવિસ્ફોટ :**

ભારતમાં સ્વતંત્રતા બાદ વસ્તીવૃદ્ધિ ખૂબ જ ઝડપથી વધવા લાગી, દા.ત. 1951-61ના દાયકામાં 781 લાખની વસ્તી વધી, જે અગાઉના દરેક દાયકે થયેલ વસ્તીવૃદ્ધિ કરતાં વધારે હતી. **અગ્રવાલ** કહે છે કે - આ વૃદ્ધિ યુ.કે.ની વસ્તી કરતાં આશરે દોઢ ગણી વધારે હતી અને ફ્રાન્સ, સ્વીડન તથા નેધરલૅન્ડની કુલ વસ્તીના લગભગ સમકક્ષ હતી. 1961-71ના દાયકામાં વસ્તીમાં થયેલો વધારો અત્યંત તીવ્ર હતો, આ દાયકામાં 1089 લાખનો વસ્તીમાં વધારો થયો, જે જાપાનની વસ્તીના ત્રણ ચતુર્થાંશ ભાગ જેટલો અને ઑસ્ટ્રેલિયા, બેલ્જિયમ, ડેન્માર્ક, જર્મની અને નૉર્વેની સંયુક્ત વસ્તી કરતાં પણ વધારે હતો. 1971-81માં 1370 લાખનો વધારો થયો, જે એની અગાઉના દસકા કરતાં લગભગ 300 લાખ જેટલો વધારે હતો. 1981-91ના દસકામાં ભારતની વસ્તીમાં 1587 લાખ માણસોનો વિક્રમી ઉમેરો થયો, જે ફ્રાન્સ, ઇટાલી, ન્યૂઝીલૅન્ડ, સ્પેન અને યુ.કે.ની વસ્તીના સરવાળા કરતાં પણ વધારે હતો. 1991-2001ના દાયકામાં 1807 લાખનો વસ્તીમાં વધારો થયો, તો છેલ્લી વસ્તીગણતરી મુજબ 2001 થી 211ના દસકામાં ભારતની વસ્તીમાં 1832 લાખ માણસોનો વિક્રમી ઉમેરો થયો. વસ્તીની દૃષ્ટિએ ભારતમાં - ઉત્તર પ્રદેશ પ્રથમ

છે, મહારાષ્ટ્ર બીજું અને બિહાર ત્રીજું રાજ્ય છે ત્યારબાદ અનુક્રમે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ આવે છે. આપણું ગુજરાત આ છેલ્લી વસ્તીગણતરી મુજબ દેશમાં દશમા ક્રમે આવે છે. (જુઓ નીચે આપેલ ચાર્ટ.)

# India Population

## India Population clock (live)

05-03-2018 16:06:44

Quick facts about the population of India

| | |
|---|---|
| Current population (as of Monday, March 05 2018) | 1,355,954,286 |
| Total area | 3,287,260 km$^2$ (1,269,218 mi$^2$) |
| Population density | 412.5 per km$^2$ (1,068.3 people/mi$^2$) |
| Sex ratio | 1.07 (700,129,484 men to 655,852,858 women) |
| Median age | 26.7 years |
| Life expectancy | 66.8 years (65.8 - men, 68.0 - women) |
| Literacy | 72.1 % |

Ranking of Indian States by Population





(Population figures are estimates by Countrymeters (countrymeters.info) based on the latest United Nations data)

**INTERNET WEBSITE** : Populaion in India Live on 05-03-2018 16:06:44

**India Population** 1950-2016 | Data | Chart | Calendar | Forecast | News

The total population in India was estimated at 1254.0 million people in 2015, according to the latest census figures. Looking back, in the year of 1950, India had a population of 359.0 million people.



**ભારતમાં વસ્તીવધારો :**

1 મિનિટમાં 50 બાળક જન્મે

16.6 કુલ મૃત્યુ, 33.4 ચોખ્ખો વધારો.

1 કલાકમાં 3000 બાળક જન્મે

1000 કુલ મૃત્યુ, 2000 ચોખ્ખો વધારો.

1 દિવસમાં 72000 બાળક જન્મે

24000 કુલ મૃત્યુ, 48000 ચોખ્ખો વધારો.

1 વર્ષમાં 1.25 કરોડ બાળક જન્મે

80 લાખ કુલ મૃત્યુ, 1.7 કરોડ ચોખ્ખો વધારો.

**ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી :**

ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારોમાં વસ્તીના કદમાં વધારો થયો છે. છેલ્લી સદીના આંકડા જો જોઈએ તો,

**સારણી નં. 2**


**ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી 1911-2011**

| વસ્તીગણતરીનું વર્ષ | વસ્તી (મિલિયનમાં) | |
|---|---|---|
| | ગ્રામીણ | શહેરી |
| 1911 | 226<br>(89.68%) | 26<br>(10.32%) |
| 1951 | 299 | 62 |
| 2011 | 568<br>(68.8%) | 266<br>(32.2%) |

ઉપરોક્ત સારણી નં.2 પરથી જોઈ શકાય છે કે, આપણા દેશમાં છેલ્લા સદીમાં એટલે કે સો વર્ષ અગાઉ ઈ.સ. 1911માં ગામડાંઓમાં 226 મિલિયન વસ્તી વસવાટ કરતી હતી તેમાં (2011ની વસ્તીગણતરીનાં આંકડા મુજબ) આ છેલ્લાં સો વર્ષોમાં 342 મિલિયનનો વધારો થઈ 568 મિલિયન વસ્તી ભારતનાં ગામડાંમાં આજે વસે છે જે કુલ વસ્તીના 68.8% છે. જે સો વર્ષ અગાઉ 89.68% હતી. આમ, 20.88% જેટલી વસ્તીમાં ઘટાડો નોંધાયો જોવા મળે છે. આમ ગ્રામીણ કુલ વસ્તીમાં દેખીતો વધારો દેખાય છે પરંતુ ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો વસ્તીમાં લગભગ એકવીસ ટકા જેટલી મોટી વસ્તીનો ઘટાડો જોવા મળ્યો છે.

**ધર્મ અનુસાર વસ્તી :**

વિશ્વના લગભગ બધા જ ધર્મના અનુયાયીઓ ભારતમાં વસે છે. વિવિધ ધર્મોની વસ્તીની ગણતરીના આધારે ભારતમાં કઈ વસ્તુનું કેટલું પ્રમાણ છે તે નીચેના રાઉન્ડ ચાર્ટ પરથી જોઈ શકાશે.




ઉપરોક્ત રાઉન્ડ ચાર્ટમાં વસ્તીગણતરી સેન્સસ 2011 પ્રમાણે આપણા દેશમાં સૌથી વધુ એટલે કે 79.8% હિન્દુ સમુદાયની વસ્તી છે જે દેશની મુખ્ય વસ્તી કહી શકાય, જ્યારે બીજા નંબરે 14.2% સાથે મુસ્લિમ સમુદાય છે. આ ઉપરાંત ખ્રિસ્તીઓ 2.3%, શીખ 1.7%, જૈન 0.4% જ્યારે અન્ય સમુદાયના લોકો 0.7% છે તો જે કોઈ ધર્મસમુદાયમાં આવતા નથી એવા નાસ્તિક પણ 0.2% લોકો છે. આમ આપણા દેશની વસ્તીમાં મોટેભાગે હિન્દુ સમુદાયના લોકો વસે છે.

**વસ્તીવધારાનાં કારણો :**

કોઈ પણ વિસ્તારમાં જન્મ થાય તો વસ્તી વધે છે, મૃત્યુ થાય તો વસ્તી ઘટે છે તથા એ વિસ્તારમાં લોકો બહારથી સ્થળાંતર કરીને રહેવા આવે તો વસ્તી વધે અને તે વિસ્તારમાંથી લોકો સ્થળાંતર કરી બહાર વસવાટ કરવા જાય તો વસ્તી ઘટે છે. ભારતમાં વસ્તીવધારાનું મુખ્ય કારણ જન્મદર અને મૃત્યુદર જવાબદાર છે. 'દેશમાં મૃત્યુના દરમાં જે ઘટાડો થયો છે, તેની જેમ જન્મ-પ્રમાણમાં પણ મોટો ઘટાડો કરવાની આવશ્યકતા દેખીતી છે, તેથી જે દેશમાં મૃત્યુપ્રમાણમાં ઘટાડો કરવાના પ્રયત્નો

કરે છે તેમણે જન્મપ્રમાણમાં પણ ઘટાડો કરવો જોઈએ નહિ, નહિ તો એવા સમય માટે તૈયાર રહેવું જોઈએ, જ્યારે તેમની પ્રજાએ ઊભા રહીને જીવવું પડશે કારણ કે તેમને બેસવા કે સૂવા માટે પૂરતી જગ્યા નહી હોય.'

**ભારતમાં ઊંચા જન્મદરનાં મુખ્ય કારણો :**

ઊંચા જન્મદરનું મુખ્ય કારણ પ્રજનનક્ષમતાનો ઊંચો દર છે. (જન્મદર અને પ્રજનનક્ષમતા સમાનાર્થી શબ્દો નથી.) પ્રજનનક્ષમતા પર જન્મદરનો આધાર છે. ઉપર જણાવ્યું તેમ ભારતીય સ્ત્રીઓની પ્રજનનક્ષમતા વિશ્વના અન્ય દેશો કરતાં ઘણી ઊંચી છે. પરિણામે ઝડપી વસ્તી-વધારો થાય છે. 1951માં વસ્તી 36 કરોડ હતી, જે 2011માં વધીને 121 કરોડ ઉપર થઈ છે, તે માટે ધાર્મિક અને સામાજિક મૂલ્યો જવાબદાર છે. બાળલગ્નોને પરિણામે પણ પ્રજનનક્ષમતાનો દર ઊંચો રહે છે. તે ઉપરાંત ગરીબ કુટુંબોમાં તો બાળકો મિલકત ગણાય છે. મા-બાપને ઘરકામમાં મદદ કરે, નાના ભાઈભાંડુને સાચવે, મજૂરીએ જાય તેથી શિક્ષણ લઈ શકતા નથી. તેથી નિરક્ષર રહે છે. જેને કારણે ગ્રામ્ય તેમજ પછાત વિસ્તારોમાં લોકો હજી પણ બાળકના જન્મને બક્ષિસ ગણે છે. આમ ઊંચો જન્મદર વસ્તીવધારાના પરિબળ તરીકે વિશેષ જવાબદાર છે.

**ઊંચી પ્રજનનક્ષમતા :**

પ્રજનનક્ષમતા એટલે સ્ત્રીની 15 થી 49 વર્ષના સમયગાળા દરમ્યાન બાળકોને જન્મ આપવાની ક્ષમતા. બીજા શબ્દોમાં કહીએ તો નિશ્ચિત સમયગાળામાં બાળકોને જન્મ આપવાની સ્ત્રીની મર્યાદા. લગ્નપ્રથા અને લગ્નવય એ પ્રજનનક્ષમતા પર અસર કરે છે, ઊંચી પ્રજનનક્ષમતા માટે સામાજિક કારણો પણ જવાબદાર છે, જેમાં સ્ત્રીઓનો નીચો દરજ્જો, લગ્નની સાર્વત્રિકતા, વસ્તીનું ઉંમરનું માળખું વગેરેનો સમાવેશ થાય છે. તદ્ઉપરાંત આર્થિક પરિબળો જેવાં કે વૃદ્ધાવસ્થાની સલામતી, બાળમજૂરપ્રથા, સ્ત્રીઓની બેરોજગારી અને શહેરીકરણનો સમાવેશ થાય છે. શારીરિક અને સ્વાસ્થ્ય સંબંધી પરિબળો પણ અસર કરે છે.

**નાની ઉંમરે છોકરીનાં લગ્ન :**

નાની ઉંમરે છોકરીના લગ્ન કરી નાખવાનો રિવાજ એ ઊંચા જન્મદરનું મહત્ત્વનું કારણ છે. ભારતમાં નાની ઉંમરે છોકરીનાં લગ્ન કરી નાખવાની પરંપરા પ્રચલિત છે. જૂના કાળથી બાળલગ્નનો રિવાજ ચાલુ રહ્યો છે. બાળલગ્ન પ્રતિબંધક કાયદા મુજબ છોકરીનાં લગ્ન 18 વર્ષ પૂરાં થયાં પહેલાં અને છોકરાનાં લગ્ન 21 વર્ષ પૂરાં થયાં પહેલાં કરવાં એ ગુનો છે. આમ છતાં ગામડાંઓમાં હજી આ કાયદાનો અસરકારક અમલ થતો નથી. હજી કેટલીક જ્ઞાતિઓમાં પરંપરાગત રીતે નાની ઉંમરે લગ્ન કરી નાખવાનો રિવાજ છે. નાની ઉંમરે પરણાવી દેવાથી તેનો પ્રજનનકાળ લાંબો ચાલે છે જેથી તેની પ્રજનનશીલતા ઊંચી રહે છે.

**ગ્રામીણ વસ્તીનું પ્રાધાન્ય અને કૃષિ-અર્થવ્યવસ્થા :**

ગ્રામીણ જીવનમૂલ્યો અને ગ્રામીણ સામાજિક માળખું ઊંચી પ્રજનનશીલતામાં સહાયક બને છે. ભારત મુખ્યત્વે ગ્રામીણ દેશ છે 1951માં ગ્રામીણ વસ્તી 82 ટકા હતી, 2011માં ગ્રામીણ વસ્તી ઘટીને 68 ટકા થઈ છે. એટલે કે આજે પણ મોટાભાગની (ત્રણમાંથી - બે ભાગની) વસ્તી ગામડાંઓમાં જ વસે છે. અભ્યાસો પરથી જણાયું છે કે ગ્રામીણ વસ્તીમાં સ્ત્રીઓ વધુ બાળકોને જન્મ આપે છે. ગ્રામસમાજમાં રૂઢિચુસ્ત જીવન, કુટુંબનિયોજનની અલ્પ સુવિધા વગેરે કારણોસર પ્રજનનશીલતાનો દર શહેરો કરતાં ઊંચો રહે છે.

વળી ભારતમાં ગામડાંઓ કૃષિ-અર્થવ્યવસ્થા પર આધાર રાખે છે. ખેતીના ધંધામાં મોટું કુટુંબ ઇચ્છનીય ગણાય છે. ગ્રામસમાજમાં ખેતીના ધંધામાં સંયુક્ત કુટુંબો જોવા મળે છે. સંયુક્ત કુટુંબમાં. વધુ બાળકો પતિ-પત્ની માટે બોજારૂપ બનતાં નથી, કારણ કે બાળઉછેરની જવાબદારી કુટુંબના બધા સભ્યો વચ્ચે વહેંચાઈ જાય છે. માટે ગામડાંમાં બાળકો થઈ જવા છતાં વધુ તકલીફો ન પડવાને કારણે પણ વસ્તી વધતી રહે છે.

**સ્ત્રીનો નીચો દરજ્જો અને સ્ત્રીશિક્ષણનું નીચું પ્રમાણ :**

સ્ત્રી પુરુષથી ઊતરતી છે અને તેણે પુરુષની તાબેદારી, રક્ષણ અને આશ્રય નીચે જીવવાનું છે. આવા

રૂઢિગત પરંપરાગત ખ્યાલો બાળકોની સંખ્યા વધારવા માટે કારણભૂત છે. આઝાદી બાદ દેશમાં સ્ત્રી-શિક્ષણમાં વધારો થયો છે, પરંતુ હજુ તેનું પ્રમાણ ઘણું નીચું છે. નિરક્ષર કે ઓછું શિક્ષણ મેળવેલ સ્ત્રીઓ નાના કટુંબના લાભ કે કુટુંબનિયોજનની પદ્ધતિઓ વિશે જાણકારી ધરાવતી નથી. પરિણામે પ્રારબ્ધ(નસીબ)ને આધારે બાળકો પ્રભુની દેન છે એમ સમજી બાળકોને જન્મ આપતી રહે છે.

ભારતમાં ઊંચા જન્મદર માટેનાં કારણોમાં એક તો સ્ત્રીનો નીચો સામાજિક દરજ્જો પણ છે. કુટુંબનું કદ જેમ મોટું તેમ સ્ત્રીનો સામાજિક દરજ્જો નીચો જાય છે. ઘરનો બોજો ખેંચતી ગૃહિણી ઇતર પ્રવૃત્તિઓ કરી શકતી નથી. તેનું આરોગ્ય કથળવાથી ઘરકામ પર સારી રીતે કરી શકતી નથી. તેથી સ્ત્રીને હંમેશાં નિમ્ન પ્રકારનું સ્થાન ભોગવવું પડે છે. ઘર અને સમાજના બધા જ નિર્ણયો લેવામાં પુરુષ જેટલી જ સરખી ભાગીદાર સ્ત્રીને બનાવવામાં આવતી નથી. કુટુંબમાં બાળકોની સંખ્યા અંગેનો નિર્ણય કરવાનો હક્ક પણ મોટેભાગે પુરુષને જ હોય છે.

**પુત્રેષણા :**

(દીકરી-દીકરી વચ્ચે ભેદભાવ) : ભારતમાં પરંપરાગત કુટુંબવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા પુરુષ-પ્રધાન હતી, એ વ્યવસ્થા મુજબ કુટુંબનાં નામ, વંશ-વારસો, કુળપરંપરા વગેરે ટકાવી રાખનાર કુળદીપક પુત્ર જ ગણાતો. આમ કુટુંબમાં પુત્રને આપેલા મહત્ત્વને કારણે જેમને ત્યાં એક કરતાં અનેક પુત્રીઓ જન્મી હોય એવાં કુટુંબો પણ પુત્રપ્રાપ્તિ માટેનો પ્રયાસ છોડતા નથી. ભારતની પ્રજા વધુ પડતી ધાર્મિક અને શ્રદ્ધાળુ છે. તેમને મુક્તિ કે મોક્ષ માટે પુત્ર જોઈએ. પુત્ર હોય તો જ કુટુંબનો વંશ ચાલુ રહે, પુત્ર જ વૃદ્ધાવસ્થામાં માતા-પિતાની સેવા-ચાકરી કરી શકે. આ પ્રમાણેની માન્યતાઓને કારણે જ્યાં સુધી કુટુંબમાં પુત્રનો જન્મ ન થાય ત્યાં સુધી માતા-પિતા કે વડીલોને સંતોષ ન થાય તેથી કુટુંબનાં કદ વિસ્તરતા જાય છે.

**કુટુંબનિયોજનનો ઓછો સ્વીકાર :**

ભારતમાં વિસ્ફોટક વસ્તીવૃદ્ધિને નિયંત્રિત કરવા માટે કુટુંબનિયોજન-કાર્યક્રમનો સ્વીકાર 1951થી થયો છે. પાંચમી યોજનાથી કુટુંબનિયોજનને અને નાના કુટુંબના ધોરણને સ્વીકાર્ય બનાવવા માટે વધુ મહત્ત્વ અપાવા લાગ્યું છે. પરંતુ હજી શહેરી ગરીબોમાં તથા ગ્રામીણ સમાજમાં કુટુંબનિયોજનનો સ્વીકાર પૂરતા પ્રમાણમાં થયો નથી. કુટુંબનિયોજન દ્વારા જન્મદર ઘટાડવાના ધ્યેયને પૂરતી સફળતા મળી નથી, માત્ર મર્યાદિત સફળતા મળી છે. પશ્ચિમના દેશોમાં કુટુંબનિયોજન દ્વારા વસ્તીવૃદ્ધિ પર અસરકારક અંકુશ મૂકી શકાયો છે. પરંતુ ભારતમાં ગરીબી, બેકારી, અજ્ઞાનતા અને વહેમો વગેરે વ્યાપક પ્રમાણમાં હોવાથી લોકજીવનમાં કુટુંબનિયોજનને એક આંદોલનનું સ્વરૂપ મળ્યું નથી, તે માત્ર એક સરકારી કાર્યક્રમ ગણાય છે. વળી નાનાં ગામડાંઓમાં કુટુંબનિયોજનનાં જરૂરી સાધનો પણ ઉપલબ્ધ નથી, કુટુંબનિયોજન એ પ્રજનનશીલતાને નીચે લઈ જવા માટેનું મહત્ત્વનું સાધન છે, પરંતુ ભારતમાં હજુ આ સાધન જેટલું જોઈએ તેટલું લોકપ્રિય થયું નથી. કુટુંબનિયોજનનું કામ કરતા કર્મચારીઓ દેશની વસ્તી-વૃદ્ધિથી ચિંતિત નથી. આમ, દેશમાં કુટુંબનિયોજન વિશેની ઓછી સભાનતા અને તેનો ઓછો સ્વીકાર પ્રજનનશીલતાને ઊંચી રાખવામાં કારણભૂત છે.

આમ વસ્તીવધારા માટે અનેક કારણો જવાબદાર ગણી શકાય. વસ્તીવધારાને ડામવા માટે અનેકવિધ ઉપાયો અજમાવવાની જરૂર છે. પુખ્ત વયે લગ્ન, નવપરિણીતોને કુટુંબનિયોજન-પદ્ધતિઓની સમજ આપવાના સ્પેશ્યલ કાર્યક્રમો, છોકરા-છોકરીઓને જાતીય શિક્ષણ આપવાની પણ ખાસ જરૂરિયાત છે. વસ્તી વધારાને અટકાવી જીવનનો વિકાસ થાય તે દિશામાં પહેલ કરવાની ઘણી અને તાતી જરૂર છે.

**વસ્તી વૃદ્ધિને કારણે ઊભી થતી સમસ્યાઓ / (પડકારો) :**

પ્રાચીનયુગમાં પણ અનેક સમસ્યાઓ જોવા મળી હતી. માનવસંબંધોમાં નિરક્ષરતા, શોષણ, અત્યાચાર, ગરીબી, નીચું જીવનધોરણ વગેરે જેવી અનેક

પરિસ્થિતિઓ જોવા મળતી હતી. પરંતુ તે સમયે સામાજિક સભાનતાનો વિકાસ જોઈએ તેવો થયો નહોતો. મોટાભાગના સમુદાયો ગ્રામવિસ્તારમાં વસવાટ કર્યો હોવાને લીધે તેમની જીવનજરૂરિયાતોનું પ્રમાણ અલ્પ હતું. લોકોના જીવન ઉપર સમાજનું અસરકારક નિયંત્રણ હતું. સમયાંતરે બદલાતાં જતાં મૂલ્યો, નવા વ્યક્તિવાદી મૂલ્યોનો વિકાસ, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ, વિજ્ઞાન અને ટેક્નૉલોજી વગેરેએ હરણફાળ ભરી છે. તેની વિપરીત અસરક માનવજીવનનાં તમામ ક્ષેત્રો પર પડી છે. વધતી જતી જરૂરિયાતોને કારણે સ્પર્ધાત્મકતા ઉદ્‌ભવે છે. તેની વિપરીત અસર માનવીના મનોસામાજિક સંબંધો પર પડી. પરિણામે ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી, માદક દ્રવ્યોનું સેવન, બાળઅપરાધ, દાણ ચોરી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, હિંસા, ભાવવધારો, શ્વેત ગુનાઓ અને સ્ત્રીઓની અનેક સમસ્યાઓ ઊભી થઈ છે.

**વસ્તીવિસ્ફોટના (પડકારો) :**

માનવજીવનની અનેકવિધ સમસ્યાઓમાં વસ્તી વિસ્ફોટ સૌથી વધુ ચિંતાજનક છે. ભારત જેવા વિકસતા દેશ માટે વસ્તીવધારાએ અનેક સમસ્યાઓ ઊભી કરી છે. 1947માં આપણી વસ્તી લગભગ 33 કરોડ હતી. જે આજે 125 કરોડના આંકને વટાવી ગઈ છે ત્યારે વસ્તીવિસ્ફોટ દેશના આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે વિવિધ પડકારો કરીને પરિસ્થિતિને વધુ વિષમ બનાવી દીધી છે જે પડકારો કે સમસ્યાઓને નીચે મુજબ વિગતે સમજીએ.

**(1) પ્રાથમિક સગવડોની અપ્રાપ્તિ :**

જંગી વસ્તી દેશના વિકાસ-પ્રયાસોને બિનઅસરકારક બનાવે છે. તેટલું જ નહિ, પણ જીવનની મૂળભૂત પ્રાથમિક જરૂરિયાતો જેવી કે, પીવાનું પાણી, ખોરાક, કપડાં, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય-સુવિધાઓ વગેરે બાબતોથી લોકો વંચિત રહે છે. વસ્તીવૃદ્ધિ સામે જે મોટો ભય વ્યક્ત થાય છે તે એ છે કે ઝડપથી વધતી વસ્તી ખોરાકના પુરવઠામાં થતા વધારાને નિર્મૂળ કરી નાખે છે અને ભૂખમરો જેવી પરિસ્થિતિ પેદા થાય છે. ખોરાકમાં પણ અપૂર્ણ પોષક તત્ત્વોને કારણે (પ્રોટીન્સ, વિટામિન્સ, કાર્બોહાઈડ્રેટ્સ અને મિનરલ જેવાં તત્ત્વોનો સમતોલ આહાર) વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે નબળી પડતાં તેની કાર્યકુશળતા પર વિપરીત અસર પડે છે.

**(2) રહેઠાણની તંગી :**

વસ્તીગીચતાને કારણે રહેઠાણની તંગી ઉદ્‌ભવે છે. ગીચ વસ્તીને પરિણામે ગંદા વસવાટો (સ્લમ) અને ઝૂંપડપટ્ટી અસ્તિત્વમાં આવે છે. ફૂટપાથ પર પડી રહેનારા અન્યત્ર ક્યાંય આશરો નહિ મળવાના કારણે ફૂટપાથને જ પોતાનું ઘર બનાવે છે. જ્યાં પાણી, લાઇટ કે શૌચાલયની કોઈ જ વ્યવસ્થા નથી, જે બિનસ્વાસ્થ્યપ્રદ છે. વસ્તીની ગીચતાને કારણે હવાની શુદ્ધતા પણ જળવાતી નથી અને ઘણા રોગો ફેલાય છે. દેશમાં ઘણા લોકો ઘરવિહોણા પણ છે માટે તેવા કુટુંબમાં રહેતાં બાળકો, સ્ત્રી અને વૃદ્ધો વગેરેને જીવન જીવવું દુષ્કર બની રહે છે.

**(3) બેકારીની સમસ્યા તીવ્ર બનાવે છે :**

વસ્તીવિસ્ફોટના પરિણામે વધતા શ્રમદળ ને રોજગારીની તકોના અભાવથી બેકારી વધે છે. વસ્તી વધારો જે ઝડપે થાય છે તે ઝડપે રોજગારીની નવી તકો વધતી નથી, પરિણામે શિક્ષિત અને અશિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો થાય છે. પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન નવી નોકરીઓ ઊભી કરવાના શ્રેષ્ઠ પ્રયાસો થયા હોવા છતાં રોજગારીની સમસ્યા આજે પણ ઘણી ગંભીર છે. શિક્ષિત માણસોની બેકારી સમાજમાં અસંતોષ, બળવાખોર મનોવૃત્તિ અને રાજકીય અસ્થિરતા પેદા કરે છે. સમાજે અને વ્યક્તિએ શૈક્ષણિક સગવડો મેળવવા માટે ભારે મોટું ખર્ચ કરેલ હોવાથી શિક્ષિતોની બેકારી સાધનોનો બગાડ સૂચવે છે.

**(4) વધતી ગરીબાઈ :**

દેશમાં 2.4 ટકાના દરે વસ્તી વધે છે. પરંતુ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ઉત્પાદનનો દર એટલો ઊંચો ન હોવાથી ગરીબાઈની સમસ્યાઓ સર્જાય છે. જે દેશમાં વસ્તીવૃદ્ધિનો દર ઊંચો હોય ત્યાં માથાદીઠ આવક નીચી રહે છે. તેથી જીવનજરૂરી ચીજવસ્તુઓ

જેવી કે, પૂરતો પૌષ્ટિક ખોરાક, શિક્ષણ, આરોગ્યવિષયક સુવિધાઓ, મનોરંજન વગેરે પૂરતા પ્રમાણમાં મળી રહેતાં નથી. આમ, વસ્તીમાં થતા બેફામ વધારાને લીધે ગરીબીની સમસ્યા ઊભી થાય છે.

**(5) વધતું જતું ફુગાવાનું દબાણ :**

વસ્તીવૃદ્ધિને કારણે જનતા અસહ્ય મોંઘવારીનો સામનો કરે છે. વસ્તુઓ, સેવાઓની માંગ ઝડપી વધે છે. જ્યારે પુરવઠો અપૂરતો હોવાથી ભાવવધારાની સમસ્યા તીવ્ર બની છે.

દેશમાં વસ્તુઓનું ઉત્પાદન 1, 2, 3, 4, 5 એ રીતે વધે છે, જ્યારે વસ્તી 1, 2, 3, 4, 8, 16ની રીતે વધે છે. પરિણામે માથાદીઠ પ્રાપ્ત વસ્તુઓ ઘટતી જાય છે. માંગના સંદર્ભમાં પુરવઠાની અછત જણાતાં ભાવ વધે છે. વધતી વસ્તીથી ખનીજસંપત્તિનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે. પરિણામે વિદેશી અવલંબન વધે છે જે હિતાવહ નથી.

**(6) આર્થિક વિકાસ મંદ બનાવે છે :**

વસ્તીવધારાની તીવ્ર અસર કુટુંબ અને દેશના ઇચ્છિત વિકાસદરની પ્રાપ્તિમાં અવરોધક બને છે. અલ્પ બચત અને અપૂરતા મૂડીરોકાણથી વિકાસ-કાર્યક્રમો ધીમા રહે છે. ભારતમાં આર્થિક વિકાસની ગતિ કરતાં વસ્તીવધારાની ગતિ અતિશય ઝડપી હોવાથી જીવન જીવવા માટેની પ્રાથમિક જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં લોકોને પૂરી પાડી શકાતી નથી. દેશની માથાદીઠ આવકનું પ્રમાણ વિકસિત દેશોના પ્રમાણમાં ઘણું નીચું છે.

**(7) આરોગ્ય-સુવિધા :**

વસ્તીવૃદ્ધિથી માથાદીઠ તબીબી સેવાઓનું પ્રમાણ અને ખર્ચ ઘણું વધ્યું છે. દવાખાનાંઓમાં ડૉક્ટરો, નર્સ અને અન્ય તબીબી કર્મચારીઓ અપૂરતાં જણાય છે, કાર્યભાર વધે છે અને લોકો ખાસ કરીને પછાત વિસ્તારોમાં રોગગ્રસ્ત વાતાવરણમાં રહે છે.

પ્રચંડ વસ્તીવધારાએ લોકોનાં આરોગ્ય પર ગંભીર અસરો ઊભી કરે છે. ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણને લીધે ઉત્પન્ન થતું હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ આરોગ્ય માટે હાનિકારક સાબિત થયું છે, ઉપરાંત માનસિક સ્વાસ્થ્યને ભયમાં મૂકી દીધું છે. સરકારે હવે સ્વાસ્થ્ય-સેવાઓની દિશામાં જાગ્રત થઈ વૈદકીય સેવાઓનું પ્રમાણ વધાર્યું છે, તેમ છતાં અતિવસ્તીને લીધે લોકોનું આરોગ્ય નબળું બનતું જાય છે.

**(8) વસ્તીવધારાની શિક્ષણ પર અસરો :**

શિક્ષણ અને વિકાસ ગાઢ રીતે સંકળાયેલાં છે. વસ્તીવૃદ્ધિને કારણે શિક્ષણવ્યવસ્થા ખોરવાઈ જાય છે. શાળાની સંખ્યા, શિક્ષકોનું પ્રમાણ, શૈક્ષણિક સાધનોનું પ્રમાણ, મેદાનોનું પ્રમાણ વગેરે શૈક્ષણિક સુવિધાઓ અપૂરતી પડે છે. શાળાઓ માટે સુયોગ્ય મકાનોની જરૂરિયાતોને પહોંચી વળવું મુશ્કેલ બને છે. આની માઠી અસર શિક્ષણની ગુણવત્તા પર પડે છે. જેને કારણે અપવ્યય અને સ્થગિતતાની સમસ્યા સર્જાય છે.

ગુજરાતની વાત કરીએ તો દર વર્ષે રાજ્યની વસ્તીમાં 8 લાખનો વધારો થાય છે. જેને પરિણામે વર્ષે 7800 નવી શાળાઓ, 23000 નવા શિક્ષકો જોઈએ. આવી અનેકવિધ જરૂરિયાતો પોષી શકાતી નથી, તો વિદ્યાર્થીઓ માટે મનોરંજન અને રમત-ગમતનાં સાધનો ક્યાંથી પૂરાં પાડવાં ?

**(9) સામાજિક વિષમતા ઘેરી બનાવે :**

શિક્ષણ અને રોજગારી વધારવામાં સાધનોની મર્યાદાથી સમાજ નિષ્ફળતા અનુભવે છે. પ્રજા નિરક્ષર અને અજ્ઞાનથી પોતાની રીતે સમસ્યા ઉકેલે છે, જે અસામાજિક હોય છે. ભ્રષ્ટાચાર, દાણચોરી, સંગ્રહખોરી, કાળાંબજાર, ભેળસેળ, શોષણ, બળાત્કાર, વેશ્યાવૃત્તિ, ભીખ, આતંકવાદ જેવી પ્રવૃત્તિઓનું મૂળ વ્યક્તિની જરૂરિયાતોની અપૂર્તિમાં છે. સામાજિક અસલામતી વ્યક્તિની મહત્ત્વાકાંક્ષા મચડી નાખે છે. જનતા નિરુત્સાહી, આળસુ, સ્વકેન્દ્રી, બેજવાબદાર, કૌશલ્યહીન, આત્મબળહીન બને છે, તેથી વ્યસની બને છે અને અસામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય છે. સ્ત્રી-શોષણ, દહેજનું દૂષણ, બાળશોષણ જેવી બાબતો સામાજિક ક્ષેત્રે ખતરનાક અને પડકારરૂપ બની છે.

**(10) માનસિક સમસ્યાઓ :**

દરેક માનવીને પોતાના જીવન વિશે, પ્રવૃત્તિ વિશે,

પોતાના સામાજિક પ્રદાન વિશે વિકાસમયી સ્વપ્ન-કલ્પના હોય છે, પરંતુ વસ્તીવૃદ્ધિથી સર્જાતી સાધન-મર્યાદાથી તે અવરોધાય છે. તેથી તે હતાશા-નિરાશા અનુભવે છે. તેથી ઉત્તેજના-ક્રોધ અનુભવે છે, આંદોલનો, હિંસા, ભાંગફોડ, તોફાનો તરફ વળે છે. આમ વસ્તી વૃદ્ધિથી ઉદ્ભવતી માનસિક સમસ્યા માનવીને ભાંગી નાખે છે.

**(11) લેણ-દેણતુલાની પ્રતિકૂળતા :**

વધતી વસ્તીની વધતી માંગ સંતોષવા દેશની વસ્તુઓ અપૂરતી જણાતાં વિદેશમાંથી આયાત વધારવી પડે છે. જેથી લેણ-દેણતુલા પ્રતિકૂળ બને છે.

**(12) પર્યાવરણની અસમતુલા :**

વધતી જતી માનવસંખ્યા પર્યાવરણની સમતુલા ખોરવે છે. પ્રદૂષણથી પ્રાકૃતિક વાતાવરણ ક્ષુબ્ધ બનતાં પશુ-પંખીઓ પર તેની વિષમ અસર પડે છે. જંગલનું પ્રમાણ ઘટવાથી કુદરતી પર્યાવરણ ખોરવાય છે. માનવનું સમગ્ર અસ્તિત્વ પર્યાવરણ પર જ ટકેલું છે. દૂષિત પર્યાવરણ માનવા સ્વાસ્થ્ય માટે જોખમકારક બને છે. પ્રદૂષણોનું પ્રમાણ વધતાં પ્રાણી, વનસ્પતિ અને માનવ પર વિપરીત અસરો પડે છે. કુદરતી પ્રદૂષકો હવાને પ્રદૂષિત બનાવી માનવજીવનને ખતરામાં મૂકે છે.

**ઉપસંહાર :**

આમ વસ્તીવિસ્ફોટની જટીલ સમસ્યાએ ભારત સામે અનેક પડકારો ઊભા કર્યા છે. ભારત જેવા લોકશાહી દેશમાં આ તાત્કાલિક ઉકેલ માંગતી સમસ્યા છે. વસ્તી વધારા માનવજીવનની પ્રાથમિક જરૂરિયાતોની તંગીનો પ્રશ્ન ગંભીર પડકાર બનીને ઊભો છે, નૈતિક અને સામાજિક મૂલ્યો, જીવનની ગુણવત્તા, પર્યાવરણ-સમતુલા વગેરેને ગંભીર આડઅસરો પહોંચે છે. એનો એકમાત્ર ઉપાય વસ્તીવધારો અટકાવવો. વસ્તી-સભાનતાનો વિકાસ, પ્રજનનસ્વાસ્થ્ય જેવા નૂતન અભિગમ અપનાવવાથી વસ્તીવૃદ્ધિના દરને ઝડપથી ઘટાડી શકાશે.

આમ આ બધાંનાં મૂળમાં વસ્તીવધારો અને માનવમન છે. વસ્તીવધારાને કારણે અનેકવિધ સમસ્યાઓ ઉપસ્થિત થાય છે. જીવનની જરૂરિયાતોની વંચિતતાને લીધે સામાજિક નૈતિક મૂલ્યોનો હ્રાસ થાય છે. જીવનની ગુણવત્તા અને પર્યાવરણ પર ગંભીર અસર થાય છે. અતિવસ્તીની સમસ્યાથી વિનાશ થાય છે. જો તેને અટકાવવામાં આવે તો તે વિકાસમાં પરિણમી શકે. — આર્નોલ્ડ ટોયન્બીએ આપણી સલામતી માટે કહ્યું હતું કે, 'Maximum Welfare not maximum Population. Should be the human objective. If this be so. Then the world's optimum population must be very much less then maximum number.

**'સમસ્યાઓનું મૂળ'**

'લાચાર ખેડુ, લમણે હાથ દઈ ઊભો છે, ઓશિયાળો
જુએ વાટ વરસાદની, છે ક્યાં વરસાદવાળો ?
સૂનાં પડ્યાં છે સરિતા, સરોવર, સૂની પડી પગથારો
ક્યાંથી આવે પાણી ? ઊંડે ગયાં છે પાતાળો
વૃક્ષો બધાં કાપી કાપીને, મનુજે કીધો માળો,
બાકી બચેલાં ધરા પરે, કારખાનાંનો ધુમાડો
પ્રદૂષણનો પાર નહીં ને, રોગચાળાની રાડો
જ્યાં જુઓ ત્યાં ગુંડાગર્દી, ખાવાનો પર ઉધારો
રોટી, કપડાં, મકાન માટે, લડે માણસ બિચારો
બધી સમસ્યાના મૂળમાં છે, વસ્તી તણો વધારો.'

**વિનોદ વ્યાસ**

(આભાર : 'યુવા સંકલ્પ' સામયિકમાંથી)

**સંદર્ભસૂચિ :**

1. Agarval S. N., 1977. 'Population Problems' Tata Mcgraw Hill, New Delhi
2. Behura N. K. and Mohanty K. K., 2006. 'Reading in Social Anthropology', Dominant Publishers and Distributer, New Delhi
3. Census of India : Government of Gujarat, 2011

4. આયંગર સુદર્શન અને શુક્લ નિમિષા, 2000, 'ભારતમાં વસ્તીવધારો અને તેની સમસ્યાઓ' લેખ, યોજના અંક 5, પૃષ્ઠ 59.
5. આમ્રપાલી મર્ચન્ટ, 2004. 'ભારતીય વસ્તી અને સમાજ', ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત
6. દવે હર્ષિદા એચ. 2000. 'સામાજિક સમસ્યાઓ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
7. ભટ્ટી રમણિક, 2003. 'સામાજિક સંશોધનની સપ્તપદિકા', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
8. મુઝફ્ફર હુસેન, 2007. 'ઈસ્લામ અને પરિવાર નિયોજન', પ્રવીણ પ્રકાશન, રાજકોટ
9. રાવલ ચંદ્રિકા (ડૉ.), 2005. 'વસ્તી અને સામાજિક સમસ્યા', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-380006.
10. પટેલ નિરંજનાબહેન એન., 2002. 'વસ્તીસમસ્યા : સામાજિક દૃષ્ટિએ', પ્રથમ આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6
11. પટેલ વિનુભાઈ એમ., 1995. 'વસ્તીસમસ્યા અને ઉકેલ', સર્વોદય યુથ વેલ્ફેર સંસ્થા, અમદાવાદ
12. વડસરીયા રસીલા, 2011. 'વિકટ સમસ્યા : વસ્તીવધારો', યોજના અંક 4, પૃષ્ઠ 39
13. શાહ એ. જી. અને દવે જે. કે., 2010. 'ભારતમાં સમાજ માળખું અને પરિવર્તન', અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
14. શાહ એ. જી. અને દવે જે. કે., 2009-10. 'સામાજિક વસ્તીશાસ્ત્ર અને ભારતમાં કુટુંબનિયોજન.', અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
15. Web Site : Live Population of India-2018 {indiaonlinepages.com} 05/03/2018

●

- થોડો પુરુષાર્થ, થોડી ધીરજ અને મન ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરવાનું જ્ઞાન જો આપણે મેળવી લઈએ તો આપણે મનને આપણી ઈચ્છા અનુસાર ચલાવવામાં સફળ થઈ શકીએ.
- જીવનના દરેક ક્ષેત્રમાં વ્યક્તિ વિધિપૂર્વક, યોજનાબદ્ધરૂપે પુરુષાર્થ કરે તો જ સફળતા સાંપડે છે.
- બધા જ સાધનો અને અનુકૂળતાઓ હોવા છતાં જે વિદ્યાર્થી સમયનું સમાયોજન નથી કરી શકતો તે હાથમાં આવેલી બાજી હારી જાય છે.
- સારી ગાડી ચાવીનો સહેજ ઈશારો મળતા જ ચાલુ થઈ જાય છે, અનુશાસિત વ્યક્તિ પણ તેવો જ હોય છે. જ્યારે ખરાબ ગાડીને ચાલુ કરવા દરેક વખતે ધક્કો મારવો પડે છે. બિન-અનુશાસિત વ્યક્તિને પણ આ જ રીતે વારંવાર સમજાવવા છતાં તે પોતાની મનમાની કરીને સ્વયંને તથા અન્ય વ્યક્તિઓને મુશ્કેલીમાં મૂકે છે. વિદ્યાર્થીઓએ પોતે 'ધક્કા ગાડી' બનવું છે કે 'સ્વયં સંચાલિત ગાડી' બનવું છે તે જાતે નક્કી કરવાનું છે.

●

જે વ્યક્તિ પોતાનો વિચાર બદલી શકતો નથી તે વાસ્તવમાં કશું જ બદલી શકતો નથી.

●

સારા કર્મથી હંમેશા પ્રેરણાનો જન્મ થાય છે, પરંતુ પ્રેરણાથી ક્યારેક કર્મનો જન્મ થાય છે.

●

પ્રકૃતિ પાસે અગણિત જ્ઞાનનો ભંડાર છે. પરંતુ તેનો લાભ ઉઠાવવા અનુભવ જરૂરી છે.

## 'દાહોદ ભગિની સમાજની સ્ત્રી-ઉત્કર્ષપ્રવૃત્તિઓ'

– પ્રા. ડૉ. વિજયા યાદવ*

પંચમહાલના આ પછાત આદિવાસી વિસ્તારમાં 'દાહોદ ભગિની સમાજ' જેવી સંસ્થા નિઃસહાય બહેનો માટે આશીર્વાદરૂપ છે. દાહોદમાં ઈ.સ. 1956માં 26 જાન્યુઆરીના રોજ બહેનોની રચનાત્મક જાગૃતિના પરિણામ સ્વરૂપે આ 'દાહોદ ભગિની સમાજ' સંસ્થાની સ્થાપના થઈ હતી. આ સંસ્થાના સ્થાપનામાં શેઠ હસુમતીબહેન ગિરધરલાલનું અમૂલ્ય યોગદાન રહ્યું. ભગિની સમાજ સંસ્થાનાં સ્થાપક શેઠ હસુમતીબહેન સ્ત્રી-ઉત્કર્ષના હિમાયતી છે. દાહોદ-ભગિની સમાજ તેના નામ સાથે જ એક એવો ભાવ પેદા કરે છે કે તે બહેનો દ્વારા ચાલતી અને બહેનોના વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા છે. દાહોદના આ વિસ્તારની તથા ગામડાંની કચડાયેલી, પીડિત-શોષિત નારીને આવશ્યક હૂંફ, પ્રેમ, કેળવણી, તાલીમ અને માર્ગદર્શન મેળવીને આત્મનિર્ભર બની પોતાનો વિકાસ કરી શકે તેવા શુભ આશયથી સંસ્થાની સ્થાપના કરવામાં આવી. શેઠ હસુમતીબહેનને આ વિસ્તારની ઉત્સાહી સાથીદાર બહેનો સાથે મળી. વિસ્તારની સર્વ પ્રથમ મહિલા સંસ્થા 'દાહોદ ભગિની સમાજની' સ્થાપના કરી. સંસ્થાના પ્રારંભિક કાર્યાલયની વ્યવસ્થા નવજીવન મિલે કરી આપી. નવજીવન ડિસ્પેન્સરીના મેડા ઉપર પ્રવૃત્તિઓનું કેન્દ્ર નિશ્ચિત થયું હતું. ઈ.સ. 1956 થી 1960 સુધી સંસ્થાનું કાર્યાલય, શહેરની મધ્યમાં આવેલા આ કાર્યાલયમાં જ તેની તમામ પ્રવૃત્તિઓ ચાલતી હતી.

'દાહોદ ભગિની સમાજ, સંસ્થાને શરૂઆતમાં પોતાનું સ્વતંત્ર મકાન ન હોવાથી તેની વિસ્તરતી જતી પ્રવૃત્તિઓને માટે ઘણીબધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સંસ્થાને માટે જમીન મેળવવા તેના કાર્યકરો તથા દાહોદના સેવાભાવી લોકોના પ્રયત્ન દ્વારા રેવન્યુ ફ્રી ગ્રાન્ટવાળી 671 ચોરસ ફૂટ જમીન સંપાદન કરી. આ મકાન બાંધવા માટે સંસ્થાના સ્થાપક શેઠ હસુમતીબહેને પોતાના પુત્રના શુભલગ્ન પ્રસંગે ઈ.સ. 1957માં રૂપિયા 2,500નું દાન અર્પણ કર્યું હતું. ઉપરાંત શેઠ હસુમતીબહેને સંસ્થાને માટે વધુ રૂપિયા 2,501 મકાન બાંધવા માટે આપીને શરૂઆત કરી હતી. તેમજ ગુજરાત સમાજકલ્યાણ બોર્ડ તરફથી રૂપિયા 10,000 તથા દાહોદ નવજીવન મિલમાંથી રૂપિયા 45,000ની ઘટતી લોન સહાય મળતા ઈ.સ. 1962માં સંસ્થાનું આ વર્તમાન જીવન તૈયાર થયું હતું. તેમાં શેઠ હસુમતીબહેને આ પ્રસંગે અનેકવિધ રીતે પ્રેરણા અને પ્રોત્સાહન આપી ઊંડી સૂઝ-બૂઝથી આ કાર્યને વેગ આપ્યો હતો. ઈ.સ. 1963માં આ સંસ્થામાં પરિવાર-નિયોજનની પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો હતો. તેના તાલીમી સિવણવર્ગો ઉપરાંત ડિપ્લોમાના સરકારમાન્ય સિવણવર્ગોની પણ શરૂઆત થઈ હતી. ઈ.સ. 1963થી ચાલતા આ સિવણવર્ગોમાં તાલીમ મેળવીને 1200 ઉપરાંત બહેનોએ ઈ.સ. 1981 સુધી સંસ્થા દ્વારા આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી હતી.

ઈ.સ. 1962માં 'ભગિની સમાજ' દ્વારા સરકાર-માન્ય સંક્ષિપ્ત અભ્યાસક્રમોના વર્ગોની પણ શરૂઆત થઈ હતી. આ વર્ગો ઈ.સ. 1968 સુધી ભગિની સમાજે ચલાવ્યા હતા. આ રીતે બહેનોના શિક્ષણનો વ્યાપ વધારવાની પ્રવૃત્તિએ વેગ પકડ્યો હતો. ઈ.સ. 1963 થી ઈ.સ. 1978 સુધી સફળતાપૂર્વક સંચાલન કરીને ભગિની સમાજે 'પરિવાર નિયોજન કેન્દ્ર' તથા 'કુટુંબ કલ્યાણ કેન્દ્ર'ની પ્રવૃત્તિઓ વિકસાવી હતી. આ બંને પ્રવૃત્તિઓ અંતે તો કુટુંબની સમૃદ્ધિ વધારવામાં ઉપયોગી બને છે. એ સમજવામાં અને બહેનોનો વિશ્વાસ મેળવવામાં સંસ્થાએ સફળતા મેળવી હતી. સ્ત્રીઓના આરોગ્યનો પણ પરોક્ષ ભાવ એમાં હતો. સ્ત્રીશિક્ષણના વ્યવસાયલક્ષી કાર્યક્રમો આપવાના પ્રયત્નો તરીકે જ 'ભગિની સમાજે' જરૂરિયાત અનુસાર અવારનવાર નર્સિંગ, પ્રાથમિક સારવાર, અંબર ચરખા, હસ્ત-ઉદ્યોગના વર્ગો ચલાવીને બહેનોમાં વ્યવસાયલક્ષી અભ્યાસની સભાનતા કેળવી તેમજ બહેનોની

* એસોસિએટ પ્રોફેસર, સમાજ વિદ્યાભવન, ઇતિહાસ વિભાગ, ગુજ. યુનિ., અમદાવાદ. મો. ૯૪૨૭૬૨૨૩૭૩

આત્મનિર્ભરતાની સમસ્યા પણ 'ભગિની સમાજ'ના હૈયે વસી છે. આ વિસ્તારની અલ્પસાધન બહેનો જીવન-જરૂરિયાતની વસ્તુઓમાં અનુકૂળતા સાધી શકે તથા પૂરક રોજગારી મેળવી શકે તે હેતુથી ગૃહઉદ્યોગ અને હસ્તઉદ્યોગની ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવાની ખાસ આવશ્યકતા હતી. એ માટે યોગ્ય સ્થળનો અભાવ હતો. સંસ્થાના પ્રારંભના એક વર્ષ સુધી તો એ માટે પ્રમુખશ્રી અને મંત્રીના ઘરને જ કાર્યક્ષેત્ર બનાવી પાપડ, વડી બનાવવાનો પ્રારંભ કર્યો. સંસ્થામાં વિવિધ પ્રવૃત્તિઓનું કામ વધતાં એક વર્ષ બાદ શાંતિસદન સોસાયટીની ક્લબના મકાનનો ઉપયોગ શરૂ કર્યો હતો. શેઠ હસુમતીબહેનના માંસી મણિબહેન આ પ્રવૃત્તિઓ ઉપર સતત દેખરેખ રાખતા હતા. તેઓએ પોતાની જીવનભરની મૂડી ભગિની સમાજને આ પ્રવૃત્તિ વિકસાવવા દાન પેટે અર્પણ કરી હતી.

ઈ.સ. 1965માં 'દાહોદ ભગિની સમાજ' દ્વારા 'વિમેન્સ ઍન્ડ ચિલ્ડ્રન્સ ગાર્મેન્ટ મેકિંગ'—સ્ત્રીઓ અને બાળકોનાં વસ્ત્રો સીવવાના અભ્યાસક્રમના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. તેમજ દર વર્ષે 150 બહેનો આનો લાભ મેળવે છે. ઈ.સ. 1968થી 'એમ્બ્રોઇડરી ઍન્ડ ફેન્સીવર્ક કોર્સ'—ભરતગૂંથણના વર્ગોનું સંચાલન પણ કરવામાં આવે છે. તે ઉપરાંત સફળ થયેલા વિદ્યાર્થીઓને ટેક્નિકલ શિક્ષણ બોર્ડ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ સંસ્થાએ ઈ.સ. 1981માં 'ટી.ટી.એન.સી.'ના વર્ગની શરૂઆત કરી હતી. સંસ્થામાં ટીચર્સ ટ્રેનિંગ ઈન ક્રાફ્ટમાં સીવણ તથા ભરતગૂંથણની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ આ અભ્યાસક્રમ માટે એસ.એસ.સી. પાસ થયેલ બહેનો જ પ્રવેશપાત્ર ગણાય છે. તેમાં સફળ થયેલી બહેનોને ટેક્નિકલ શિક્ષણ બોર્ડ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવે છે. શેઠ હસુમતીબહેન ગિરધરલાલ આ સંસ્થાનાં પ્રમુખ તરીકે નિમાયાં. આ સંસ્થામાં સ્ત્રીઓને માટે શિક્ષણવર્ગો, સિવણવર્ગો, નર્સિંગ, પ્રાથમિક સારવાર, અંબર ચરખા, હસ્તઉદ્યોગ વગેરેની પણ શરૂઆત થઈ. તેમજ ઉદ્યોગલક્ષી તાલીમનું પણ સફળ પરિણામ આવ્યું હતું. ઉપરાંત આ વિસ્તારની મધ્યવર્ગની બહેનો આત્મનિર્ભર બની શકે એવો નિર્ણય ખાસ હતો.

દાહોદમાં ઈ.સ. 1970માં ભગિની સમાજ દ્વારા ધી મહિલા સહાયક ગૃહઉદ્યોગ સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ ઈ.સ. 1972માં રૂપિયા 45,000ના ખર્ચે 'મણિબહેન લલ્લુભાઈ સુરા ગૃહઉદ્યોગ ભવન' અસ્તિત્વમાં આવ્યું હતું. વર્તમાન સમયમાં તો ગૃહઉદ્યોગનું આ કેન્દ્ર એટલું બધું પ્રવૃત્તિશીલ અને ઉત્પાદનશીલ બન્યું છે કે એનું વાર્ષિક વેચાણ ત્રણ લાખ રૂપિયાની ઉપર થવા જાય છે. દાહોદની ગૃહિણીઓ જ નહિ, દાહોદ બહારની ગૃહિણીઓએ પણ એનાં ઉત્પાદનોને પ્રસન્નતાથી આવકાર્યાં છે. અહીં રોજનું ઉત્પાદન રોજ પૂરું થઈ જાય એવી સ્થિતિ સર્જાઈ છે. આ ગૃહઉદ્યોગની પ્રવૃત્તિમાં રોજ 30 જેટલી બહેનોને કામ કરવાની તક મળે છે. ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ઈ.સ. 1961ની કલમ-9 મુજબ નોંધણીક્રમાંક ઉ. 1037થી નોંધાયેલ છે. ભગિની સમાજની શરૂઆતમાં નહીં નફો નહીં નુકસાનના ધોરણે ઉત્પાદિત માલની પડતર કિંમતે પાપડ, મરચાં, મસાલા, અથાણાં વગેરેનું વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. એ સમયે 'ધી મહિલા સહાયક ગૃહઉદ્યોગ સહકારી મંડળીની પ્રવૃત્તિઓને જગ્યાની અછત પડતી હતી. શેઠ હસુમતીબહેને અહીં કામ કરનારી બહેનોની અગવડતા દૂર થાય તે માટે મકાન બાંધવા માટે રૂપિયા 10,000 કોઈ પણ જાતની શરત વગર આપવા જણાવ્યું હતું. તેઓનું દાન દાહોદ ભગિની સમાજે સ્વીકાર્યું અને અન્ય શહેરીજનો તથા શહેરી સંસ્થાઓ પાસેથી દાનભેટ રૂપે સારી એવી રકમ એકઠી કરી સ્વર્ગીય મણિબહેન વલ્લભભાઈની સલાહ સૂચન અને માર્ગદર્શન હેઠળ આ ગૃહઉદ્યોગની શરૂઆત થઈ હતી.'

'દાહોદ ભગિની સમાજ'નાં શેઠ હસુમતીબહેનને-સ્ત્રીઓનું શિક્ષણ, મહિલા રોજગારી, આરોગ્ય, સ્ત્રીઓની

કૌટુંબિક સમસ્યાને ઉકેલવાના પ્રયત્નો કરનાર પ્રણેતાને 'હસુબાના' હુલામણા નામથી ઓળખવામાં આવે છે. સમાજની જરૂરિયાતમંદ તમામ વર્ગની મહિલાઓને રોજગારી પૂરી પાડવાના અને પૂરક રોજગારી ઘરબેઠાં મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. લોકોને તેમની ઉત્પાદિત વસ્તુઓની પહેચાન કરાવી ગ્રાહક બનાવી તેમનો વિશ્વાસ પેદા કરવામાં અને ઉત્પાદનની પરખ કરવામાં આ સંસ્થા આગવું સ્થાન ધરાવે છે. તેમજ શુદ્ધ, સાત્ત્વિક, આરોગ્યપ્રદ ખાદ્યસામગ્રી, વ્યાજબી ભાવે પૂરી પાડવામાં આવે છે. આ સંસ્થાના કામદારો તથા કર્મચારીઓના સહકારથી ઈ.સ. 1970થી આ સંસ્થા સ્ત્રી-ઉત્કર્ષ માટે કામગીરી બજાવે છે.

દાહોદના આદિવાસી ગરીબ મધ્યમવર્ગની વિધવા, ત્યક્તા, છૂટાછેડાવાળી બહેનોને પૂરક રોજગારી મળી રહે અને તેઓ પગભર થઈ પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવો હેતુ રહેલો હતો. આ મહિલા સહાયક ગૃહઉદ્યોગ મંડળી દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓમાં લહેજતદાર અડદ, મગ અને ચણાના પાપડ, પાતળાં મઠિયાં, જુદી જુદી જાતની કેરી, લીંબુનાં અથાણાં અને છુંદો, સ્વાદિષ્ટ મસાલા, મોળા મસાલા, મેથીના ખાખરા, ચાનો મસાલો, દક્ષિણી મસાલો, સ્પે. પંજાબી મસાલો, દળેલા ધાણા, ધાણાજીરું, જીરાળુ, ખાંડેલા-દળેલા ગંટુર, મરચાં, હળદર વગેરે મહિલાઓના સહયોગથી બનાવવામાં આવે છે.

દાહોદની આ સંસ્થા બહેનોનાં આર્થિક, સામાજિક અને નૈતિક મૂલ્યોનો વિકાસ કરીને બહેનોના જીવનમાં જરૂરી મદદ પૂરી પાડે છે. જેથી દાહોદના પછાત વિસ્તારનાં ગામડાંઓની બહેનોને આ સંસ્થાનો લાભ મળી શકે છે. આમ, દાહોદ શહેર તેમજ ગામડાંની જરૂરિયાતમંદ અને આર્થિક રીતે પછાત બહેનોને રોજગારી આપી કુટુંબને સહાયભૂત થઈ શકે તથા સમાજમાં સ્વમાનભેર પોતાનું જીવન ગુજારી શકે તેવા મુખ્ય આશયથી દાહોદ ભગિની સમાજની સ્થાપના કરવામાં આવી હતી.

**2.1 દાહોદ ભગિની સમાજના ધ્યેય અને ઉદ્દેશો :**

1. બહેનો અને બાળકોની ઉન્નતિ માટે શક્ય એવા તમામ પ્રયાસો કરવા તથા એ માટે જરૂરી સંસ્થાઓ ઊભી કરવી અને નગરની અન્ય સંસ્થાઓના સંપર્કમાં રહી સહકાર અને સદ્‌ભાવથી કાર્યો કરવાં.
2. નાગરિક સ્વાતંત્ર્યના હક્કોનો સુયોગ્ય લાભ બહેનોને પ્રાપ્ત થાય તથા સામાજિક ન્યાય, વ્યક્તિગત, પ્રમાણિકતા અને સમાન હક્કના સિદ્ધાંતોના લાભ બહેનોને મળે એવી પ્રવૃત્તિઓ કરવી.
3. સ્ત્રી-શિક્ષણ અને જાગૃતિને પોષક નીવડે એવી સંસ્થાઓ સ્થાપવી.
4. બહેનો આત્મનિર્ભર બની શકે એવા પ્રયત્નો કરી તેમને યથાશક્તિ મદદ મળે એવી પ્રવૃત્તિઓ કરવી.
5. કૌટુંબિક કલ્યાણ અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરવી.
6. સામાજિક કુરૂઢિઓ અને કુરિવાજો પ્રત્યે બહેનોમાં જાગૃતિ આણી એના પ્રતિકારની શક્તિ પેદા કરવી.
7. બહેનો આત્મનિર્ભર બને એ માટેની તાલીમ આપવા સિવણ, ભરતગૂંથણ, ગૃહઉદ્યોગ, નર્સિંગ વગેરેના તાલીમ વર્ગોનું આયોજન કરવું.
8. કલા-સંસ્કાર અને બૌદ્ધિક રુચિ પોષવા કે વિકસાવવા મનોરંજન કાર્યક્રમો જેવા કે ગરબા-હરીફાઈ, રાસ-હરીફાઈ, ચર્ચાસભાઓ, નાટ્ય હરીફાઈ, મહેંદી, રંગોળી, ચિત્ર-હરીફાઈઓનું આયોજન કરવું. તેમજ સંગીત અને નૃત્યનું શિક્ષણ મળે એવા પ્રબંધો કરવા.
9. સામાજિક સુખાકારી અને આરોગ્ય અંગે બહેનો પણ જાગ્રત અને રચનાત્મક કાર્યો કરી શકે એ હેતુથી નેત્રયજ્ઞ, શસ્ત્રક્રિયાયજ્ઞ, નિદાનયજ્ઞ જેવા કાર્યક્રમો યોજવા જોઈએ.
10. ધરતીકંપ, પૂર, રોગચાળો, દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં રાહતકાર્યો કરવાં. એ માટે જરૂર પડે તો અન્ય સંસ્થાઓનો સહકાર મેળવવો.

11. શારીરિક કેળવણી અને નૈતિક મૂલ્યોનું મહત્ત્વ સ્પષ્ટ થાય એવા કાર્યક્રમો આપી શિસ્ત, એકતા અને સ્વાશ્રયનો મહિમા સ્પષ્ટ કરતી પ્રવૃત્તિઓ વડે સારા નાગરિકનાં લક્ષણો ખીલવવાં.
12. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને પોષે એવાં કાર્યોમાં બહેનો સક્રિય બને એ માટે પ્રયત્ન કરવા તથા દેશની એકતાને હાનિ પહોંચાડે એવાં કાર્યોનો સખત વિરોધ કરવો.
13. આ વિસ્તારની નારીનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય ટકી રહે અને એની સાથે સાથે જ બૌદ્ધિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રુચિ અને કલા દ્વારા રચનાત્મક કાર્યો કરીને એનું અનુસંધાન રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સાથે થતું રહે એવા પ્રયત્નો કરવા.
14. રાષ્ટ્રીય ઉત્સવો, સામાજિક ઉત્સવો અને મહાપુરુષોના જન્મ કે નિર્વાણદિનને નિમિત્ત લઈ પ્રેરક કાર્યક્રમોનું આયોજન કરવું.
15. અલ્પસાધન બહેનો આત્મનિર્ભર બની શકે એવા પ્રયત્નો કરી તેમને યથાશક્તિ મદદ મળે એવી પ્રવૃત્તિઓ કરવી.
16. દાહોદના આદિવાસી વિસ્તારની અને નગરની બહેનોના સાર્વત્રિક વિકાસ માટે યોગ્ય સંગઠન રચી, પરસ્પરનો સુમેળ વિકસાવી સમાજોપયોગી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.
17. બહેનો અને બાળકોની ઉન્નતિ માટે શક્ય એવા તમામ પ્રયાસો કરવા તથા એ માટે જરૂરી સંસ્થાઓ ઊભી કરવી અને નગરની અન્ય સંસ્થાઓના સંપર્કમાં રહી સહકાર અને સદ્‌ભાવનાથી કાર્યો કરવાં.
18. અન્ય સંસ્થાઓની બહેનો, સમાજની બહેનો અને દાહોદ નગર તથા ફ્રિલેન્ડગંજની બહેનોની બૌદ્ધિક અને સાંસ્કૃતિક રુચિ કેળવાય એ અંગે કાર્યક્રમો આપવા.
19. શિક્ષણનો ફેલાવો કરી એમાં લાયક બહેનોને શિષ્યવૃત્તિ કે અન્ય પ્રકારનાં પ્રોત્સાહનો આપી યોગ્ય ભૂમિકા પૂરી પાડી સ્ત્રી-શિક્ષણનો મહિમા વધારવો.

**2.2 ભગિની સમાજનાં પ્રતીક વિશેનો ખ્યાલ :**

દાહોદ ભગિની સમાજનો સંક્ષિપ્ત પરિચય મેળવતાં તેના પ્રતીકનો ખ્યાલ પણ એક વિશિષ્ટ પ્રકારનો છે. ભારતીય આદર્શ પ્રમાણે નારી એટલે નમ્રતા અને ગૌરવનો સમન્વય ગણાય છે. આ ચિત્રનું પ્રથમ દર્શન નતમસ્તક નારીનો ખ્યાલ ઊભો કરે છે. તે નારીની નમ્રતા સૂચવતું પ્રતીક છે. આ નતમસ્તકમાં નમ્રતાનો ભાવ છે જ, સાથે સાથે સેવાની તત્પરતા પણ પ્રગટ કરે છે. કપાળની બિંદી અને વર્તુળાકાર કંગનાકૃતિ સ્ત્રીના સૌભાગ્યનાં પરંપરાગત પ્રતીકો છે. આજની નારીનું સૌભાગ્ય એની જાહેરજીવનની સેવાભાવના અને જાગૃતિ દ્વારા વિશેષ રીતે સિદ્ધ થાય છે. પરંપરાગત સૌભાગ્ય પ્રતીકો એ સ્પષ્ટ સૂચવે છે કે ભારતીય નારીના ગૌરવાન્વિત આદર્શની મર્યાદામાં રહીને એ જાહેરજીવનની સેવા માટે મહેચ્છા ધરાવે છે. જાહેજીવનમાં રહીનેય સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ એના મનમાં સ્પષ્ટ છે. જાહેર પ્રવૃત્તિ કરવા ઘરની ચાર દીવાલો છોડી બહાર પડેલી નારી સ્વતંત્ર હોઈ શકે, સ્વચ્છંદી નહી એમ કહેવાય છે.

ભારતીય નારી પરંપરાગત ખ્યાલોમાંથી મુક્ત થઈ છે. તે નવા અવતારે શક્તિના નવા વિશેષ આવિર્ભાવ સાથે પ્રગટ થઈ રહી છે. એ રીતે વર્તુળની ગતિની અનંતતા એની શક્તિ અને પ્રવૃત્તિના સંદર્ભમાં નોંધપાત્ર છે. પરંપરાગત રીતે આપેલી સ્ત્રી વિશેની કેટલીક જડ અને અંધકારમય અજ્ઞાની સમજણોનો વ્યાપ મોટો છે. પરંતુ એની વચ્ચેથી પ્રગટતી તેજરેખા, સેંથાનો ભાગ સ્પષ્ટ અને સૂચક રીતે સીધી છેક ક્ષિતિજ સુધીની સીધી વિકાસગતિનાં એંધાણ આપે છે.

વર્તમાન સમાજના અવલંબન વગર સામાજિક પ્રવૃત્તિ પણ શક્ય નથી. સમાજ સહકારયુક્ત પ્રતિભાવ આપે તો જ સમાજસેવા શક્ય બને છે. તેના વર્તુળની અનંત ગતિ ક્રમશઃ ઊંચે ને ઊંચે તેજ પ્રસરાવતી રહે

એ માટે સમાજના ટેકાની જરૂરિયાત છે. ચિત્રમાં કાટખૂણે મળતો સમાજનો ટેકો સૂચક રીતે વિકાસની ઊર્ધ્વગતિને મળતો ટેકો છે. કોઈ પણ સ્ત્રી સમાજની સેવા કરવા બહાર આવે ત્યારે તો આવા અવલંબનની ખાસ જરૂર પડે છે. સમાજ જો ઊર્ધ્વગતિને પ્રેરક પ્રતિભાવ અવલંબન આપે તો સ્વતંત્ર બનેલી સ્ત્રી આદર્શને અને ગૌરવને સમર્થ રીતે જાળવીને અનંત વિકાસની અપાર શક્યતાઓ તાગવાની શક્તિ ધરાવે છે. આ શક્તિ દ્વારા પોતાના સૌભાગ્યને પણ ગૌરવભેર વિસ્તારી શકે એનુંઆ (મુદ્રા) પ્રતીકમાં સાંકેતિક સૂચન જોવા મળે છે.

**સંદર્ભસૂચિ :**


1. વ્યાસ ચંપૂ, બેરા એ. એમ. (સંપા.) 'જીવનવૃત્ત', પૃ. 47, દાહોદ, 1988
2. એજન, પૃ. 47
3. દેસાઈ આર. એન. દેસાઈ સચિન કે. (સંપા.) સંવર્ધના, દાહોદ ભગિની સમાજ, પૃષ્ઠ દાહોદ, 2006
4. શેઠ હસુમતીબહેન ગી. ડૉ. વ્યાસ ચંપૂ (સંપા.) દાહોદ ભગિની સમાજ સ્મૃતિગ્રંથ, પૃ. 1981
5. એજન, પૃ. 57
6. ઊગતા સૂર્યનો પ્રદેશ દાહોદ, પૃ. 76, 77, ગાંધીનગર, 2006
7. Patel G. D. (Ed.) Panchmahal District Gazetteer, P. Ahmedabad, 1972
8. દવે મંજુલા, ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ, અમદાવાદ, પૃ. 35
9. 'દાહોદ ભગિની સમાજ', વાર્ષિક અહેવાલ, 2009-07, દાહોદ
10. 'દાહોદ ભગિની સમાજ', વાર્ષિક અહેવાલ, 2007-08, દાહોદ
11. શેઠ હસુમતીબહેન ગિ. ડૉ. વ્યાસ ચંપૂ (સંપા.) 'દાહોદ ભગિની સમાજ સ્મૃતિગ્રંથ', પૃ. 44, પંચમહાલ, 1981
12. એજન, પૃ. 46
13. દેસાઈ આર. એન. દેસાઈ સચિન કે. (સંપા.) 'સંવર્ધના', દાહોદ ભગિની સમાજ, પૂર્વોક્ત, પૃ.1, 1981
14. દાહોદ ભગિની સમાજ, વાર્ષિક અહેવાલ, 2009-10, દાહોદ
15. દેસાઈ સચિન કે., દાહોદ ડોટકોમ, પૃ. 37, દાહોદ, 2006
16. વ્યાસ ચંપૂ, બેરા એ. એમ. (સંપા.) જીવનવૃત્ત, પૃ. 38, દાહોદ, 1988
17. એજન, પૃ. 1
18. શાહ રાજેશભાઈ, ભગિની સમાજના મેનેજર, 'મુલાકાત' તા. 17-7-2009ના આધારે, દાહોદ
19. દેસાઈ સચિન કે., વોઇસ ઑફ દાહોદનાં તંત્ર, 'મુલાકાત' તા. 19-7-2010ના આધારે, દાહોદ
20. શેઠ ઈન્દ્રવદન, ડૉ. વ્યાસ ચંપૂ (સંપા.) દાહોદ અર્બન કૉ. ઓ. બૅંક, પૃ. દાહોદ, 1986
21. વ્યાસ ચંપૂ, ભટ્ટ નલિન, 'મહાજન : સ્મૃતિગ્રંથ', માગસર-સુદ છઠ્ઠ સંવત 2056, પૃ. 6, દાહોદ
22. એજન, પૃ. 8
23. પંડ્યા કમળાશંકર, વેરાન જીવન (આત્મકથા). પૃ. 101, અમદાવાદ, 2008
24. શેઠ હસુમતીબહેન ગિ., ડૉ. વ્યાસ ચંપૂ (સંપા.) 'દાહોદ ભગિની સમાજ સ્મૃતિગ્રંથ', પૃ. 27,28, પંચમહાલ, 1981


●

# ઓનર કિલિંગ (Honour Killing)

– ડૉ. ભાગ્યશ્રી જે. રાજપૂત*

**પ્રસ્તાવના :**

વ્યક્તિનું સન્માન એટલે શું ? ઘરની આબરૂ એટલે શું ? કોઈ પણ કુટુંબની આબરૂ, ઇજ્જત અને સન્માન સાચવવાની જવાબદારી કોના હાથમાં હોય છે ? આદર્શ જવાબ : પરિવારના દરેક સભ્યના હાથમાં, પરંતુ ઘરના અન્ય કામોની જેમ આ ઇજ્જતની જવાબદારી પણ બહેનો, દીકરીઓ અને વહુવારુને શિરે જાય છે.

પિતૃસત્તાક રૂઢિચુસ્ત પરંપરાગત સમાજમાં રૂઢિચુસ્ત માનસિકતાવાળાં કુટુંબોમાં છોકરી-સ્ત્રીને સંપૂર્ણપણે પરાવલંબી રાખવામાં આવે છે. કોઈ પણ સ્ત્રી પોતાનો નિર્ણય લે અથવા સીમા ઓળંગે તો એને શાબ્દિક અત્યાચાર, મારપીટ, ઘરેલુ હિંસા (શારીરિક-માનસિક ત્રાસ) અને મૃત્યુ સુધી પહોંચાડે છે. ઍરેન્જ્ડ મૅરેજનો ઇનકાર, છૂટાછેડા માટે પ્રયત્ન અને પહેલ કરવી, કુટુંબની દીકરી કે વહુ અંગે સમાજમાં તેના ચરિત્ર બાબતની અફવા ફેલાઈ હોય, જાતીય સતામણી કે બળાત્કારનો ભોગ બની હોય, પરિણીત સ્ત્રી માટે લગ્નબાહ્ય સંબંધ હોવા, અપરિણીત યુવતી માટે કુટુંબ માટે અસ્વીકૃત અને અનિચ્છનીય વ્યક્તિ સાથે પ્રણયસંબંધ હોવા જેવાં કારણો સામાન્ય રીતે ઓનર કિલિંગનાં મુખ્ય કારણોમાં સમાવિષ્ટ છે. દિલ્હીની આરુષી તલવાર, યરવડાની યશોદા કે જેના પર બીજી નાતના છોકરાને પ્રેમ કરવા બદલ સગા બાપે કાતરના ઘા મારેલા, હરિયાણાની 15 વર્ષની મુસ્લિમ છોકરીને તેના કાકાને ઘરે મુઝફ્ફરનગરમાં એક ઓરડામાં બંધ કરવામાં આવી. પ્રેમીને ભૂલવા માટે ધમકી આપ્યા બાદ તેને મારીને અંતિમસંસ્કાર કરી નાખ્યા. આ બધા તો ચર્ચાયેલા, નોંધાયેલા અને કોર્ટ દ્વારા ન્યાય થઈ ગયેલા, ફાઈલ થઈ ગયેલા કેસ છે.

**ઓનર કિલિંગનો અર્થ :**

ઓનર એટલે પ્રતિષ્ઠા, સમ્માન. કિલિંગ એટલે હત્યા. સરળ ભાષામાં આ શબ્દનો અર્થ એટલે પ્રતિષ્ઠા સાચવવા માટે કરાયેલી હત્યા.

ઓનર કિલિંગ શબ્દ સાથે જે પહેલો શબ્દ જોડાયેલો છે એ છે ઓનર, જેના અંગ્રેજીમાં સ્પેલિંગ પ્રમાણે બે અર્થ થાય : HONOUR એટલે કે સન્માન અને Honour એટલે કે માલિક. કુટુંબના કોઈ એક સભ્ય દ્વારા જ્યારે કુટુંબનાં નામ, ખાસ કરીને એના મોભીનું નામ બદનામ થાય, તેના નિર્ણયને પૂરતું સન્માન ન અપાય, જે પ્રથા વર્ષો પહેલાં નક્કી કરવામાં આવી હોય તેનું ઉલ્લંઘન થાય ત્યારે Honour-(સન્માન)નો ભંગ થાય છે.

ઓનર કિલિંગમાં પરિવારની જ વ્યક્તિ કે આખો પરિવાર ઘરના જ કોઈ સભ્યની હત્યામાં સામેલ હોય છે. મોટાભાગે ઓનર કિલિંગનો ભોગ ઘરની સ્ત્રીઓ બને છે. પરિવારની પ્રતિષ્ઠા જાળવવાની જવાબદારી જાણે ફક્ત સ્ત્રીઓની છે.

**પુત્ર કે પુત્રીના ઓનર કિલિંગ થવાનાં કેટલાંક કારણો :**

પરિવારની મંજૂરી વિરુદ્ધ પોતાની મરજીથી લગ્ન કરવાં.

આંતરજ્ઞાતીય લગ્ન કે એક જ ગોત્રમાં લગ્ન કરવાં. અન્ય ધર્મમાં લગ્ન કરવાં.

પરિવારે નક્કી કરેલી જગ્યાએ લગ્ન કરવાં ના ભણવી.

પરિવારે મનાઈ ફરમાવેલ વસ્ત્રો પહેરવાં.

લગ્ન પહેલાં શારીરિક સંબંધ બનાવવો.

સમલૈંગિક સંબંધ બનાવવો કે તેવું આચરણ કરવું.

* (મુલાકાતી વ્યાખ્યાતા) સમાજશાસ્ત્ર વિભાગ, એચ. કે. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ

**ઓનર કિલિંગની કેટલીક પદ્ધતિઓ :**

પથ્થરમારો

જીવલેણ ઍસિડ હુમલો

બાળીને મારવું

ગળું દબાવવું

**ઓનર કિલિંગ થતું હોય એવા મુખ્ય 10 દેશો :**

અફઘાનિસ્તાન

ભારત

ઈરાન

ઈરાક

ઈઝરાયલ

ઈજિપ્ત

જોર્ડન

ધ યુનાઈટેડ આરબ અમીરાત

પાકિસ્તાન

પેલેસ્ટાઈન

**ઓનર કિલિંગ થતું હોય એવા ભારતનાં મુખ્ય રાજ્યો :**

ઉત્તરપ્રદેશ

ગુજરાત

મધ્યપ્રદેશ

મહારાષ્ટ્ર

હરિયાણા

પંજાબ

બિહાર

દિલ્હી

રાજસ્થાન

ઝારખંડ

લેટેસ્ટ ક્રાઈમ ડેટા મુજબ, ભારતમાં ઓનર કિલિંગના પ્રમાણમાં 796% વધારો થયો છે–2014 થી 2015ની વચ્ચે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડાઓ મુજબ, 2014માં 28 ઓનર કિલિંગના કેસો નોંધાયા હતા. આ આંકડો 2015માં 256 સુધી પહોંચ્યો હતો.

સૌથી વધારે ઓનર કિલિંગના (131) કેસ ઉત્તરપ્રદેશમાં નોંધાયા. બીજા નંબરે ગુજરાત (21) અને ત્રીજા નંબરે મધ્યપ્રદેશમાં (14) કેસો નોંધાયા. (2016ના ડેટા મુજબ).

સુપ્રીમ કોર્ટે ઓનર કિલિંગ માટે 'જંગલી' શબ્દ પ્રયોગ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે,

'There is nothing honourable in such killings, and infact nothing but barbaric and shameful acts of murder commited by brutal, feudal minded persons who deserve harsh unishment.' 2006ના જજમેન્ટ વખતના શબ્દો.

2006માં આપેલા એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ખુદ આ પ્રકારની હત્યા કરવામાં કોઈ પણ પ્રકારનું 'ઓનર' ન હોવાનું જણાવીને આવી હત્યાઓને ક્રૂર, ઘાતકી ગણાવી હતી અને હત્યા કરનારને સખતમાં સખત સજા થવી જોઈએ એવું જણાવ્યું હતું. જોકે ત્યારબાદ પણ ઓનર કિલિંગ માટે કોઈ અલગ કાયદો ઘડવામાં નથી આવ્યો.

ભારતમાં ઓનર કિલિંગના કેસમાં ન્યાયપ્રણાલીમાં અને કાયદામાં સુધારો લાવવાની શક્યતા છે. ભારતીય બંધારણની કલમ 14 અને 15એ કાયદા સમક્ષ સમાનતા અને કાયદા સમક્ષ સમાન અધિકાર વિશે વાત કરે છે, જેનો અર્થ એ થાય છે કે ભારતના દરેક નાગરિકને જ્ઞાતિ, જાતિ, ધર્મ, વંશ વગેરેના આધારે કોઈ પણ ભેદભાવ વિના સમાન ગણવામાં આવશે. હાલમાં ઓનર કિલિંગના ગુનેગારોને આઈપીસી ધારા 302 (હત્યા), 120 (કાવતરું) અને 34-કોમન ઇન્ટેન્શન હેઠળ સજા ફટકારવામાં આવે છે અને આ સજા માટે પણ અમુક વખત લાંબો સમય લાગી જાય છે.

રાજસ્થાનની વિધાનસભામાં 'ઓનર કિલિંગ બિલ–2019' પસાર થયું હતું. ઓનર કિલિંગ બિલ

હેઠળ વધુમાં વધુ આજીવન કેદની સજાની જોગવાઈ કરાઈ છે. વૈવાહિક સંબંધોની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ રોકવા માટેના સુધારેલા ખરડા મુજબ જો પુખ્ત વયની બે વ્યક્તિ સહમતીથી આંતરજ્ઞાતીય લગ્ન કરે અને પરિવારજન તેમની હત્યા કરી નાખે તો તે ઓનર કિલિંગ ગણાશે.

આંતર સામુદાયિક, આંતર ધાર્મિક, કુટુંબ-જાતિ, સમુદાયમાં લગ્ન પર પણ આ નિયમ લાગુ પડશે. પંચાયતના આદેશથી યુગલને સમાજમાંથી બહિષ્કૃત કરવું, દંડ ફટકારવો, જાહેર સ્થળોના ઉપયોગથી વંચિત રાખવા, ગામ-વિસ્તાર છોડવા ફરજ પાડવા સહિતના અન્ય નિર્ણયો પણ આ ખરડાના દાયરામાં આવશે.

**ભારતમાં ઓનર કિલિંગનો ભોગ બનેલાઓની યાદી :**

| | |
|---|---|
| પ્રણયની હત્યા | (તેલંગાણા) |
| નંદિશ-સ્વાતિની હત્યા | (તમિલનાડુ) |
| પૂનમની હત્યા | (રાજકોટ) |
| અંકિતની હત્યા | (નવી દિલ્હી) |
| ભાવના યાદવની હત્યા | (પશ્ચિમ દિલ્હી) |
| નિતિશ કટારાની હત્યા | (ઉત્તર પ્રદેશ) |
| નિરૂપમા પાઠકની હત્યા | (દિલ્હી) |
| આશા સૈની—યોગેશની હત્યા | (દિલ્હી) |
| મોનિકા—કુલદિપની હત્યા | (દિલ્હી) |
| દિપ્તી છિકારાની હત્યા | (ઉત્તરાખંડ) |

**ભારતમાં ઓનર કિલિંગના કેટલાક કિસ્સાઓ :**

**1. પ્રણય-અમૃતા બન્યાં ઓનર કિલિંગનો ભોગ :**

થોડાં મહિલા પહેલાં તેલંગાણામાં એક યુવકની તેની ગર્ભવતી પત્ની સામે જ હત્યા કરી દેવામાં આવી.

પ્રણય દલિત હતો અને તેની પત્ની અમૃતા સવર્ણ. બંને એકબીજાને ખૂબ પ્રેમ કરતાં હતાં. અમૃતાના પરિવારને આ સંબંધ મંજૂર નહોતો. અમૃતાના પરિવારે અમૃતાને દોઢ-બે વર્ષ સુધી ખૂબ માનસિક શારીરિક ત્રાસ આપ્યો. અમૃતાને ગોંધી રાખી, ભૂખી રાખી માર માર્યો છતાં મોકો મળતાં અમૃતા ઘર છોડી ભાગી ગઈ અને પ્રણય સાથે લગ્ન કર્યા.

અમૃતા 7 મહિના ગર્ભવતી હતી. તે રૂટીન ચેક અપ માટે પ્રણય સાથે ક્લિનિક જઈ રહી હતી કે પાછળથી કોઈ વ્યક્તિએ પ્રણય પર હુમલો કર્યો અને તેને મોતને ઘાટ ઉતારી દીધો. તપાસમાં ખુલાસો થયો કે અમૃતાના પિતાએ જ તેના જમાઈ માટે રૂ. 1 કરોડની સોપારી આપી હતી. ખરેખર ? પોતાની દીકરીની દુનિયા તબાહ કરી બાપે પોતાની ઇજ્જત કેવી રીતે બચાવી લીધી ?

**2. પૂનમ બની ઓનર કિલિંગનો ભોગ :**

રાજકાટમાં ધનિક પરિવારના બે પુત્રોએ તેમની સગી બહેનની હત્યા કરી. પૂનમ ડિવૉર્સી યુવતી હતી. તે તેના માતા-પિતા અને ભાઈઓ સાથે રહેતી હતી. અચાનક એક દિવસ પૂનમ લાપતા થઈ. તેનાં માતા-પિતાએ પોલીસ ફરિયાદ કરી. તેના ભાઈઓ પણ શોધખોળમાં જોડાયા.

તપાસ કરતાં રહસ્ય ખૂલ્યું કે પૂનમના સગા ભાઈઓ રાજવીર અને બિરેને અન્ય ત્રણ યુવકો સાથે મળીને તેની બહેનનું અપહરણ કર્યું અને તેમની વાડીએ લઈ જઈ પરાણે ઝેર પિવડાવ્યું અને તેની લાશ સળગાવી દીધી. ભાઈઓનું કહેવું હતું કે ‘તેની બહેનનું ક્યાંક ચક્કર ચાલે છે એવી તેમને આશંકા હતી. પૂનમે અમારા ખાનદાનની ઇજ્જત ડુબાડી.’

ધર્મ અને જાતિ પ્રત્યે આટલી કટ્ટરતા જોઈ લાગે છે કે હત્યારાઓ હિંદુ ધર્મ અને તહેવારોને ખૂબ માનતા હશે. દર વર્ષે પૂનમ બંને ભાઈઓને રાખડી બાંધતી હશે અને ભાઈઓ તેની રક્ષાનું વચન આપતા હશે.

આ રક્ષા કરી ? રક્ષા તો દૂરની વાત... સગી બહેનનો જીવ લઈ લીધો ! જે ભાઈઓ પોતાની બહેનની ખુશી ના જોઈ શકે એ ભાઈના નામે કલંક છે. આવા ભાઈ હોવા કરતાં ના હોવા સારા.

**3. નવી દિલ્હીમાં મુસ્લિમ યુવતીને પ્રેમ કરવાની સજા મળી હિંદુ યુવકને :**

અંકિત સક્સેના અને મુસ્લિમ યુવતી એકબીજાને પ્રેમ કરતાં હતાં. યુવતીના ભાઈઓને જાણ થતાં તેમણે અંકિતને બેરહમીથી મોતને ઘાટ ઉતારી દીધો. યુવતીએ જ કબૂલ્યું કે તેના ભાઈઓએ જ અંકિતની હત્યા કરી છે અને તેઓ મને પણ મારી દેશે.

એક વ્યક્તિનો જીવ લઈ ધર્મરક્ષા કેવી રીતે થઈ એ તો સમજની બહાર છે. શું કોઈ ધર્મ આવું શીખવે છે ?

**ઉપસંહાર :**

માણસજાત એક દંભી પ્રાણી છે. જેને નાની-નાની અને ફાલતુ વાતોમાં ગર્વ લેવાની આદત પડી ગઈ છે. આ જ દંભી ગર્વ તેને કટ્ટર બનાવે છે અને પોતાના દંભી ગર્વને પોષવા માટે કોઈ પણ હદે જવા મજબૂર કરે છે.

ઓનર કિલિંગ રોકવા ઘણા કાયદા આવ્યા તેમ છતાં કાયદાનું ઉલ્લંઘન કરી, પારિવારિક સંબંધોની પરવા કર્યા વિના માત્ર સન્માનના નામે હત્યા કરવી એ માનવતા પર કલંક છે.

ખાસ તો આપણને બીજા પર અધિકાર કરવાની આદત પડી છે. આ જ આદત આપણી નજીકની વ્યક્તિઓ માટે મુસીબત ઊભી કરે છે. આપણે તેને આપણી મુજબ જીવવા મજબૂર કરીએ છીએ.

ખરેખર તો દરેક વ્યક્તિને પોતાની જિંદગી પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા હોવી જોઈએ (સંવિધાનના દાયરામાં રહીને). તો જ આપણું માણસ હોવું સાર્થક ગણાશે.

**વાઙ્મયસૂચિ :**


- જોશી મેઘા, (25-9-2019), 'રસધાર', દિવ્યભાસ્કર

  દિવ્યભાસ્કર, 13 ઑગસ્ટ 2019

  https://en.wikipedia.org/wiki/Honor_kiling

  R.PREETHI, "HONOUR KILLING IN INDIA" International Journal of Pure and Applied Mathematics, Volume 120, No. 5, 2018, 1527-1537, ISSN : 1314-3395 (on-line version), url : http://www.acadpubl.eu/hub/

  "Shame, not honour" by Dr. Syeda Hameed.


●

સારી યોજના બનાવવી એ બુદ્ધિશાળી કામ છે. પરંતુ તેને યોગ્ય રીતે પૂરી કરવી એ ધૈર્ય અને પરિશ્રમનું કામ છે.

●

એક તરફ કરાયેલો અન્યાય તમામ માટે જોખમ છે.

●

ડરવામાં વ્યક્તિ જેટલી ઊર્જા નષ્ટ કરે છે, તેટલી જ જો મુશ્કેલીઓનો સામનો કરવાના ઉપાયમાં વિચારે તો અડધું સંકટ આપોઆપ દૂર થઈ જાય.

●

વધુ સાંસારિક જ્ઞાન મેળવવાથી અભિમાન આવી શકે છે. પરંતુ અધ્યાત્મ જ્ઞાન જેટલું મેળવીએ તેટલી જ નમ્રતા આવશે.

●

અસલ જીવન હાસ્ય, પ્રેમ અને કામમાં છુપાયેલું છે.

## નીડર સમાજશાસ્ત્રી અને વિદ્યાર્થીવત્સલ વિદ્વાન પ્રા. શ્રી ગૌરાંગ જાનીનો નિવૃત્તિ સન્માન સમારંભ

– ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ*

શૈક્ષણિક જગત અને સમાજશાસ્ત્રવર્તુળ તેમજ સ્વૈચ્છિક સંગઠન પત્રકાર જગતમાં અતિ ચાહના ધરાવતા અને જેમના હૈયે સદાય વિદ્યાર્થીહિત વસેલું રહ્યું છે તેવા નીડર સમાજશાસ્ત્રી, પ્રાધ્યાપક શ્રી ડૉ. ગૌરાંગભાઈને બધા લોકો 'ગૌરાંગ જાની' નામથી ઓળખે.

સમાજને લગતા કોઈ પણ પ્રશ્નનો જવાબ કે જાણકારી મેળવવાની હોય ત્યારે લોકોના હૈયે–હોઠે જે નામ આવી જાય એવા શ્રી ગૌરાંગભાઈએ શિક્ષણકાર્યની શરૂઆત 1980માં એચ. કે. આર્ટ્સ કૉલેજથી કરી, ત્રણ મહિના ત્યાં સેવા આપી પછી ઓગસ્ટ-1981 થી ડિસેમ્બર 81 સુધી ભાવનગરની શામળદાસ આર્ટ્સ કૉલેજમાં શિક્ષણકાર્ય કર્યું, ત્યારબાદ 8, જાન્યુઆરી 1982 થી 30 એપ્રિલ 1992 એમ 10 વર્ષ સુધી સમાજશાસ્ત્ર વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિ. સુરતમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી. ત્યારબાદ જુલાઈ 1992 થી જુલાઈ, '95 સુધી ગુજરાત ઇન્સ્ટીટ્યૂટ ડેવલોપમેન્ટ રિસર્ચ (GIDR)માં રિસર્ચ એસોસિએટ તરીકે સેવા આપી. તા. 14-7-195થી સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિ.માં 25 વર્ષ સુધી શિક્ષણકાર્ય કર્યું, આમ કુલ 39 વર્ષની સુદીર્ઘ સેવા આપી. એસોસીએટ પ્રોફેસર રહી તા. 31-10-2019ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયા છે. તેઓને વિદાયમાન આપવાનો એક સન્માન સમારંભ તા. 18-11-2019ને સોમવારના રોજ યોજાયો. જેમાં સમાજશાસ્ત્ર વિભાગના વર્તમાન અને પૂર્વ અધ્યાપકો અન્ય વિષયના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહી તેમની સેવાઓને બિરદાવી નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

વિદ્યાર્થીવત્સલ અને વિદ્યાર્થીઓના રોલ મૉડેલ સદાય પ્રસન્નચિત્ત રહેતા એવા ગૌરાંગભાઈની ઉપસ્થિતિથી વાતાવરણ ઉલ્લાસમય બની જાય. સતત નવા વાંચન સાથે, સાચા સમાજશાસ્ત્રી તરીકે આધાર સાથે નિર્ભયપણે પોતાની વાત રજૂ કરતા અચકાતા નહિ. તેઓએ જ્ઞાનની ઉપાસના કરવા સાથે સમાજના નબળા વર્ગોના હિતચિંતક તરીકે સમયે સમયે આક્રમક દલીલ સાથે એક સાચા સમાજશાસ્ત્રી તરીકે કોઈ પણ ડર રાખ્યા વગર અભિપ્રાય આપ્યા છે. ઉપરાંત તેઓએ સેપ્ટ, એન.આઈ.ડી., ઈડીઆઈ, ફોરેન્સિક યુનિ. અને ગુજરાત યુનિ.ના પત્રકાર વિભાગમાં વિઝિટિંગ ફૅકલ્ટી તરીકે સેવા આપી છે. ડૉ. આંબેડકર ઓપન યુનિ.ના બોર્ડ ઑફ મૅનેજમેન્ટમાં 6 વર્ષ સભ્ય તરીકે રહ્યા. શાળા કક્ષાએ કે યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસક્રમ-ઘડતરમાં હંમેશાં માર્ગદર્શક રહ્યા છે. 10 વર્ષ સુધી જ્યોતિસંઘમાં ટેક્નીકલ કન્સલ્ટન્ટ તરીકે સેવા આપી. HIV AIDS જેવી સમસ્યા અટકાવવા સેક્સ વર્ક્સનું સંગઠન કરી તેમની સામાજિક સલામતી માટે ખૂબ મોટું કાર્ય કર્યું છે.

સમાજશાસ્ત્રનું ગુણવત્તાયુક્ત સાહિત્ય ગુજરાતી ભાષામાં મળી રહે તે માટે પોતાના ખર્ચે પુસ્તિકા પ્રકાશિત કરી છે. પર્યાય અને સમાજકારણ જેવા જર્નલના સંપાદક રહી જ્ઞાનપ્રસારનું કાર્ય પણ કર્યું. વિદ્યાર્થીઓની માત્ર શૈક્ષણિક તકલીફ જ નહિ પરંતુ ફી ભરવાની ચિંતા કે અન્ય આર્થિક મૂંઝવણમાં તેઓ ઉદાર દિલે નાણાંકીય મદદ કરતા.

Ph.D.ના વિદ્યાર્થી માટેની તેમની આગવી પ્રણાલીનો અનુભવ કહું તો તેમનો હું પ્રથમ વિદ્યાર્થી. સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયાના તેમજ ભાષાશુદ્ધિના અને

* એસો. પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, એમ.પી. આટ્ર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.

તાર્કિક સુસંગત લખાણના આગ્રહી એવા ગૌરાંગભાઈ વિદ્યાર્થીઓને ઓછામાં ઓછો ખર્ચ થાય તેનું ધ્યાન રાખતા. ખાસ કરીને આપણે ત્યાં વાઈવા સમયે ગિફ્ટ અને ખાસ તો સ્વાગતનો થતો ખર્ચ વિદ્યાર્થીઓને ખૂબ બોજારૂપ બને છે. પરંતુ ગૌરાંગભાઈ વિદ્યાર્થીઓને કોઈ પણ ખર્ચ ન કરવા કહે એટલું જ નહિ, આવનાર મહેમાનને પોતાના ઘરે રાખે, જમાડે, બધો બોજ પોતે ઉપાડે તેનો સાક્ષી હું રહ્યો છું.

તેઓની વિષય પરની પકડ અને રસપ્રદ વિશ્લેષણયુક્ત રજૂઆત અને પ્રભાવી વાણીને લીધે જ્યાં વક્તવ્ય આપે તે લોકોના દિમાગમાં ઊતરી જતું. સમાજશાસ્ત્રના શિક્ષણમાં તેમણે હંમેશાં નવા પ્રયોગો કર્યા છે. સમાજશાસ્ત્રને માત્ર પુસ્તકમાં ન રાખતાં ક્ષેત્રકાર્યને મહત્ત્વ આપતા. પરંપરા તોડી નવો ચીલો પાડતા. દા.ત. છોકરીઓને સ્મશાનની મુલાકાતે લઈ જવી તેઓએ પોતાનું જ્ઞાન શૈક્ષણિક જગત પૂરતું જ ન રાખતા સરકારી, વહીવટી, નીતિનિર્માણ અને યોજના- આયોજનમાં પ્રદાન આપ્યું છે. એવા કર્તવ્યનિષ્ઠ શ્રી ગૌરાંગભાઈ સ્વસ્થ રહી આગળ પણ શિક્ષણજગત અને સમાજને પોતાનાં જ્ઞાન અને અનુભવનો લાભ આપતા રહેશે તેવી આશા સાથે તેમને નિવૃતિ જીવનની શુભેચ્છાઓ.

•

## પ્રેરણા-સ્રોત

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मर्त्यलोके भुवि भारभूताः, मनुष्यरु पेण मृगाच्छरन्ति ॥

**ભાવાર્થ :** આ સંસાર ચિત્ર-વિચિત્ર પ્રકારની જીવ સૃષ્ટિથી પરિપૂર્ણ છે. તેમાં મનુષ્ય નામક જીવ સર્વોપરી છે. તેની સાથે મોટી ઉપલબ્ધિ એ છે કે મનુષ્ય જ્ઞાન-વિજ્ઞાનનો વિકાસ કરી માનવમાંથી મહામાનવ બની શકે છે. કિંતુ સંસારમાં અનેક મનુષ્યો એવા છે કે જે અવસર હોવા છતાં વિદ્યા પ્રાપ્તિનો પ્રયાસ કરતા નથી. તેમનામાં પુરુષાર્થ-તપસ્યા કરવાની કોઈ રૂચિ નથી હોતી. આ જ કારણે તેઓમાં બીજાને કાંઈ આપવાની ક્ષમતા કે ઈચ્છા પણ હોતી નથી. વિદ્યા જ ન હોય એટલે ગુણો અને સુઆચરણ પણ ક્યાંથી હોય ?

આવા મનુષ્યો આ પૃથ્વી ઉપર ભારરૂપ જ છે; કે જેઓ સાધનો અને અવસરોનો સદ્‌ઉપયોગ ન કરીને પોતાનો કે અન્યોનો કોઈ વિકાસ નથી કરતા. તેઓ અન્ય પશુ-પક્ષીઓની જેમ માત્ર ખાવા-પીવા અને સૂવામાં જ પોતાનું જીવન નષ્ટ કરી દેતા હોય છે.

षड्दोषाः पुरु षेणेह हातव्या भूतिमिच्छता ।
निद्रा तन्द्रा भयं क्रोध आलस्यं दीर्घसूत्रता ॥

**ભાવાર્થ :** કોઈપણ પ્રકારની ધન-સંપત્તિ કે ઉપલબ્ધિને, સફળતાને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર મનુષ્યએ છ પ્રકારના દોષોને તત્કાળ દૂર કરી દેવા જોઈએ. ૧) જરૂર કરતાં વધારે ઊંઘ. ૨) તન્દ્રા - અસભાનતા, અસતર્કતા. ૩) ભય (અસફળતાનો ભય, આત્મ વિશ્વાસની કમી). ૪) વિવેકબુદ્ધિને હણી લેનાર ક્રોધ. ૫) આળસ. ૬) કામને ધીમું કે વિલંબથી કરવાની ટેવ - દીર્ઘસૂત્રતા.

## 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે પૂર્વસમીક્ષિત (Referred) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રૂવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને નવું લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

### વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ

A/c No. : 200210100002590

બૅંકનું નામ : Bank Of India

શાખા : Ashram Road Branch, Ahmedabad

IFC Code BKID0002000

બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

અહિંસા મારા જીવન સાથે જોડાયેલી વસ્તુ છે. હું એને કદી છોડી ન શકું. અહિંસા પરની મારી શ્રદ્ધા દિવસે દિવસે વધતી જ જાય છે અને એની સફળતાનો પ્રત્યક્ષ અનુભવ પણ મને થતો રહ્યો છે. મારી ધરપકડ પછી લોકોએ શું કરવું જોઈએ એ વિશે મેં જે કંઈ કહ્યું હતું તે આનાથી બિલકુલ ઊલટું જ છે. અર્થાત્ મેં તો એમ કહ્યું હતું કે જો એ પ્રસંગે લોકો હિંસક પ્રવૃત્તિ ઉપાડે તો અહિંસાવાદીઓ એને રોકવાનો પ્રયત્ન કરે. ગુલામી વિશે તો મેં એમ કહ્યું હતું કે જો મારે ગુલામીના અથવા હિંસાકાંડના સાક્ષી બનવું જ પડે તો જરૂર હું હિંસાકાંડના સાક્ષી બનવાનું પસંદ કરું. મારા કથનમાં અને છાપામાં જે છપાયું છે તેમાં મોટો ફરક છે. મેં જે કહ્યું છે તેમાં હિંસા કરવાની તો કોઈ વાત જ નથી. આપણે સૌ હિંસા વગેરે અનિષ્ટ કૃત્યો સાક્ષી, પછી ભલે ને તે અનિચ્છાએ હોય, હમેશાં રહેતા આવ્યા છીએ અને રહેવું પડશે.

**-'ગાંધીજીનો અક્ષરદેહ' ૪૨ : પાના નં. ૪૨૬**

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) અન્યત્ર પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોનનંબર તેમજ Email ID અને શક્ય હોય તો સામાજિક સેવામંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોનનંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯

(૧૧) જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો–સમાચાર–પ્રવૃત્તિ–નોંધ મોકલી દેવા વિનંતી છે.

• • •

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
વર્ષ : ૧૪, જાન્યુઆરી ૨૦૨૦, અંક : ૧
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯